# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-15 । અંક-062 । વિક્રમ સંવત-2082 । પોષ વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

12 JANUARY-2026 MONDAY





પેજ-08

'મિર્ઝાપુર: ધ ફિલ્મ'માં મોટો ટ્વિસ્ટ!:સ્વીટીના રોલમાં ફરી જોવા મળશે શ્રિયા...



પેજ-09

ચેન્નાઈ સિંગમ્સ ISPL વિજય ધમાકેદાર પ્રારંભ, સરફરાઝ ખાનની શાનદાર બેટિંગ...




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 14.00 |
| વડોદરા | 30.00 | 15.00 |
| સુરત | 30.00 | 17.00 |


પેજ 5



સ્પેનથી પોલેન્ડ સુધીના દેશોમાં ભારતની નિકાસ તાકાત વધી



USનું ગુપ્ત સૈન્ય ઓપરેશન વેનેઝુએલામાં મચાવી તબાહી



પેજ 10


**.....સુવિચાર.....**

માણસ ભલે લાખ સમજદાર હોય પણ જો કોઈની લાગણી ના સમજે તો એ સમજદારીનો કોઈ મતલબ જ નથી

## આંતરરાષ્ટ્રીય કોર્પોરેશનો અને ભાગીદારી માટે ગુજરાત એક મોટું પ્લેટફોર્મ : રાજકોટમાં પીએમ મોદીએ કહ્યું

# 'ગુજરાત ભારતને આર્થિક રીતે મજબૂત બનાવી રહ્યું છે...'

(એજન્સી) અમદાવાદ | તા.11

રવિવારે ગુજરાતના રાજકોટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સમિટનું ઉદ્ઘાટન કર્યું. આમાં અમરેલી, ભાવનગર, જામનગર, કચ્છ, મોરબી, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 3,540 એકરમાં ફેલાયેલા 13 નવા સ્માર્ટ ઔદ્યોગિક વસાહતોનો સમાવેશ થાય છે. સભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે 21મી સદીનો એક ચતુર્થાંશ સમય વીતી ગયો છે. તાજેતરના વર્ષોમાં ભારતે જબરદસ્ત પ્રગતિ કરી છે, અને ગુજરાત અને તમારા બધાએ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પીએમ મોદીએ કહ્યું કે ભારત ઝડપથી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે. ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારત પાસેથી વિશ્વની અપેક્ષાઓ સતત વધી રહી છે.



### વૈશ્વિક વિકાસ, આંતરરાષ્ટ્રીય કોર્પોરેશનો અને ભાગીદારી માટે એક મજબૂત પ્લેટફોર્મ

મોદીએ કહ્યું કે બે દાયકાથી વધુ સમય દરમિયાન, વાઈબ્રન્ટ ગુજરાત એક વૈશ્વિક માપદંડ બની ગયું છે. અત્યાર સુધીમાં દસ આવૃત્તિઓ યોજાઈ છે, અને દરેક આવૃત્તિ સાથે, સમિટની ઓળખ અને ભૂમિકા મજબૂત થઈ છે. હું તેના પહેલા દિવસથી જ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સાથે સંકળાયેલો છું. શરૂઆતના દિવસોમાં, અમારું લક્ષ્ય વિશ્વને ગુજરાતની ક્ષમતાથી વાકેફ કરવાનું, લોકોને અહીં રોકાણ કરવા અને ભારતને લાભ આપવાનું હતું. પરંતુ આજે, સમિટ રોકાણથી આગળ વધી ગઈ છે અને વૈશ્વિક વિકાસ, આંતરરાષ્ટ્રીય કોર્પોરેશનો અને ભાગીદારી માટે એક મજબૂત પ્લેટફોર્મ બની ગઈ છે.

**'વિકાસ પણ વારસો છે,' એક મંત્ર જે સમગ્ર વિશ્વમાં ગુંજતો રહે છે :** ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. છેલ્લા બે દાયકામાં, વાઈબ્રન્ટ ગુજરાત સમિટે સતત કંઈક નવું અને ખાસ આપ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાતનું આ પ્રાદેશિક સમિટ તેનું ઉદાહરણ બની ગયું છે. આ સમિટ ગુજરાતની પ્રાદેશિક સંભાવના પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે પણ વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો તબક્કો સેટ થાય છે, ત્યારે હું ફક્ત સમિટ જોતો નથી. હું 21મી સદીમાં આધુનિક ભારતની સફર જોઉં છું, જે એક સ્વપ્નથી શરૂ થઈ હતી અને હવે વિશ્વાસના અવિશ્વસનીય સ્તરે પહોંચી ગઈ છે. હું રાજકોટમાં આ ભવ્ય કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યો છું, જેનો અર્થ થાય છે 'વિકાસ પણ વારસો છે,'

## ટ્રમ્પે ક્યુબાને વેનેઝુએલા જેવી ધમકી આપી

# મોડું થાય તે પહેલાં તાત્કાલિક અમેરિકા સાથે સોદો કરી લો...

(એજન્સી) વોશિંગ્ટન | તા.11

વેનેઝુએલા પર અમેરિકાના ઓપરેશનના થોડા દિવસો પછી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબાને કડક ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે ક્યુબાએ તાત્કાલિક અમેરિકા સાથે કરાર કરવો જોઈએ, નહીં તો તેનો તેલ અને નાણાંનો પુરવઠો સંપૂર્ણપણે કાપી નાખવામાં આવશે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર લખ્યું હતું કે, 'ક્યુબાને હવે તેલનો એક ટીપું કે ડોલર પણ મળશે નહીં. ક્યુબાએ મોડું થાય તે પહેલાં સોદો કરવો જોઈએ.'

ટ્રમ્પે કહ્યું હતું કે ક્યુબા ઘણા વર્ષોથી વેનેઝુએલાના તેલ અને નાણાં પર નિર્ભર છે. તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ક્યુબાના રાષ્ટ્રપતિ મિગુએલ ડિયાઝ-કેનેલે અમેરિકાના પગલાંની આકરી ટીકા કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને જાહેરાત કરી હતી કે માર્કો રુબિયો ક્યુબાના રાષ્ટ્રપતિ બનશે. ટ્રમ્પે જવાબ આપ્યો, 'આ મને સારું લાગે છે.' જોકે, ટ્રમ્પ વહીવટીતંત્રે રુબિયો અંગે આવી કોઈ નીતિ કે યોજનાનો ઉલ્લેખ કર્યો નથી. ટ્રમ્પ દ્વારા આ નિવેદનને અતિશયોક્તિ માનવામાં આવી રહી છે.




### અમેરિકાની કાર્યવાહીનો વિરોધ

શનિવારે, ક્યુબાની રાજધાની હવાનામાં યુએસ એમ્બેસી સામે હજારો લોકોની સામે, ડિયાઝ-કેનેલે જણાવ્યું હતું કે અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કર્યો હતો અને તેના રાષ્ટ્રપતિને પકડી લીધા હતા. તેમણે આને રાજ્ય આતંકવાદ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે તે આંતરરાષ્ટ્રીય કાયદાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે. ડિયાઝ-કેનેલના મતે, અમેરિકાએ એક શાંતિપ્રિય દેશ પર હુમલો કર્યો હતો જે તેના માટે કોઈ ખતરો નહોતો.

**ક્યુબાનો વેનેઝુએલા સાથે શું સંબંધ છે? :** હાલમાં, ક્યુબા તેની તેલની જરૂરિયાતોનો લગભગ 30% વેનેઝુએલામાંથી મેળવે છે. બદલામાં, ક્યુબા હજારો ડોકટરો અને તબીબી સ્ટાફને વેનેઝુએલા મોકલે છે. નિષ્ણાતો કહે છે કે જો વેનેઝુએલાના તેલનો પુરવઠો બંધ થઈ જાય, તો ક્યુબાનો વીજ સંકટ વધુ ખરાબ થઈ શકે છે, કારણ કે દેશની વીજ વ્યવસ્થા પહેલાથી જ નાજુક છે. નિકોલસ માદુરોના રક્ષણ માટે ક્યુબાના એજન્ટોને પણ તૈનાત કરવામાં આવ્યા હતા. વેનેઝુએલામાં યુએસ કાર્યવાહી દરમિયાન બત્રીસ ક્યુબન સૈનિકો માર્યા ગયા હતા. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે ક્યુબા સરકાર ગંભીર મુશ્કેલીમાં છે. જોકે, ટ્રમ્પે કહ્યું હતું કે લશ્કરી કાર્યવાહીની જરૂર વગર ક્યુબા પોતાની જાતે જ તૂટી પડશે.

## વાયબ્રન્ટ ગુજરાત 2026 પ્લેટફોર્મ પરથી મુકેશ અંબાણીએ મોટી જાહેરાત કરી

# Jio ટૂંકમાં દેશનું પહેલું મેડ-ઇન-ઇન્ડિયા AI પ્લેટફોર્મ લોન્ચ કરશે

(એજન્સી) અમદાવાદ | તા.11

વાયબ્રન્ટ ગુજરાત 2026 પ્લેટફોર્મ પરથી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ ભારતના ડિજિટલ ભવિષ્ય વિશે એક મોટો સંકેત આપ્યો. તેમણે જાહેરાત કરી કે Jio ટૂંક સમયમાં ભારતમાં સંપૂર્ણપણે વિકસિત અને સામાન્ય માણસને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરાયેલ એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પ્લેટફોર્મ લોન્ચ કરશે. આ નવું પ્લેટફોર્મ પીપલ-ફર્સ્ટ અભિગમ પર આધારિત હશે, જેનો અર્થ એ છે કે AI ટેકનોલોજી લોકોની રોજિંદી જરૂરિયાતોને સીધી રીતે પૂર્ણ કરશે. અંબાણીએ જણાવ્યું હતું કે આ પ્લેટફોર્મ દ્વારા, નાગરિકો દરરોજ તેમની પોતાની ભાષામાં, તેમના મોબાઈલ ફોન અથવા અન્ય ઉપકરણો પર AI સેવાઓનો ઉપયોગ કરી શકશે. મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે Jioનો ધ્યેય દરેક ભારતીય માટે AI સુલભ બનાવવાનો છે, ખર્ચાળ કે મુશ્કેલ નહીં. આ માટે, ગુજરાતના જામનગરમાં ભારતનું સૌથી મોટું AI-રેડી ડેટા સેન્ટર વિકસાવવામાં આવી રહ્યું છે.

### ગુજરાત માટે રિલાયન્સની 5 મોટી બાબતો

**મોટા રોકાણનું વચન આપે છે**

રિલાયન્સે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં 3.5 લાખ કરોડનું રોકાણ કર્યું છે. તે આગામી પાંચ વર્ષમાં આ રોકાણને 7 લાખ કરોડ સુધી વધારવાની યોજના ધરાવે છે.

**સ્વચ્છ ઉર્જામાં વૈશ્વિક માન્યતા**

જામનગરમાં વિશ્વનું સૌથી મોટું સંકલિત સ્વચ્છ ઉર્જા ઈકોસિસ્ટમ બનાવવામાં આવી રહ્યું છે, જેમાં સૌર ઉર્જા, બેટરી સ્ટોરેજ, ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન ખાતરો, ટકાઉ ઈંધણ અને અદ્યતન સામગ્રીનો સમાવેશ થશે.

**દરેક ભારતીય માટે AI પ્લેટફોર્મ**

લોક-પ્રથમ AI પ્લેટફોર્મ ભાષા અને ઉપકરણ અવરોધોને તોડીને AI ને લોકો સુધી પહોંચાડશે. AI સ્ટાર્ટ-અપ્સે દેશમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈકોસિસ્ટમને આગળ વધારવા માટે ભારતની મજબૂત પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી.

**કચ્છ સ્વચ્છ ઉર્જા હબ બનશે**

કચ્છમાં એક મલ્ટી-ગીગાવોટ સોલાર પ્રોજેક્ટ સ્થાપિત કરવામાં આવી રહ્યો છે, જે વિશ્વના સૌથી મોટામાંનો એક હશે અને 24x7 સ્વચ્છ વીજળી પૂરી પાડશે.

**રમતગમત, શિક્ષણ અને આરોગ્યમાં સહયોગ**

રિલાયન્સ નારણપુરામાં વીર સાવરકર મલ્ટીસ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું સંચાલન કરવા, જામનગરમાં વિશ્વ કક્ષાની હોસ્પિટલ અને શિક્ષણ સુવિધાઓનો વિસ્તાર કરવા અને 2036 ઓલિમ્પિકને ટેકો આપવા માટે સરકાર સાથે ભાગીદારી કરશે.





અહેવાલ અંદરના પાને »


## દિલ્હીમાં ધ્રુજારી, તાપમાન ગગડ્યું... પારો 3 ડિગ્રી સુધી ગગડ્યો



(એજન્સી) નવી દિલ્હી | દિલ્હીના પાલમ જિલ્લામાં લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રવિવારે પાલમમાં ૧૩ વર્ષમાં આ સૌથી નીચું તાપમાન હતું. આ તાપમાન સામાન્ય કરતાં ૪.૩ ડિગ્રી ઓછું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૭ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ પાલમ સ્ટેશન પર અગાઉનું લઘુત્તમ તાપમાન ૨.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જોકે, પાલમમાં અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન માઈનસ ૨.૨ ડિગ્રી સેલ્સિયસ છે, જે ૧૧ જાન્યુઆરી, ૧૯૬૭ના રોજ નોંધાયું હતું. શહેરના અનેક હવામાન મથકો પર શીત લહેરની સ્થિતિ જોવા મળી હતી. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે આયાનગરમાં લઘુત્તમ તાપમાન ૨.૯ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં ૪.૨ ડિગ્રી ઓછું હતું. રિજમાં ૩.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

## જમ્મુ કાશ્મીરના અનેક વિસ્તારમાં રાત્રે પાકિસ્તાન તરફથી આવતા ડ્રોન દેખાયા

(એજન્સી) જમ્મુ-કાશ્મીર | તા.11

પાકિસ્તાને ફરીથી નાપાક હરકત કરી છે. રવિવારે સાંજે જમ્મુ અને કાશ્મીરના સાંબા, રાજૌરી અને પૂંછ જિલ્લામાં શંકાસ્પદ ડ્રોન હિલચાલ જોવા મળી. સુરક્ષા દળોએ ઘટનાની ગંભીર નોંધ લીધા બાદ કહ્યું હતું કે ઉડતી વસ્તુઓ પાકિસ્તાન બાજુથી આવી હતી, થોડી મિનિટો રહ્યા બાદ તે ભારતીય સીમામાંથી પરત ફરી ગઈ હતી. હાલ ભારતીય સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, રાજૌરીમાં નિયંત્રણ રેખા નજીક નૌશેરા સેક્ટરની સુરક્ષા કરી રહેલા ભારતીય સેનાના જવાનોએ સાંજે લગભગ 6.35 વાગ્યે ગણિયા-કલસિયન ગામ ઉપર ડ્રોનની ગતિવિધિ જોઈ હતી, જે બાદ મધ્યમ અને હળવા મશીનગનથી ગોળીબાર પણ કર્યો હતો. સાંજે 7:15 વાગ્યે સાંબાના રામગઢ સેક્ટરમાં ચક બબ્રાલ ગામ પર પણ ફ્લેશિંગ લાઈટ્સ સાથે ડ્રોન જેવી વસ્તુ ઘણી મિનિટો સુધી ફરતી જોવા મળી હતી. તો બીજી તરફ 6:25 વાગ્યે પૂંછ જિલ્લામાં નિયંત્રણ



રેખા નજીક માનકોટ સેક્ટરમાં ટોપા તરફ તૈન બાજુથી ડ્રોન જેવી ઊડતી વસ્તુઓ દેખાઈ હતી.

### હથિયાર કે પ્રતિબંધિત સામાનની શંકા

અધિકારીઓના જણાવ્યા અનુસાર તમામ ઊડતી વસ્તુઓ સીમા પરથી ભારતના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી હતી. થોડા સમય માટે સંવેદનશીલ જગ્યાઓ પર મંડરાતી હતી બાદમાં પાકિસ્તાન તરફ ચાલી ગઈ, આશંકા છે કે ડ્રોનના માધ્યમથી હથિયાર કે પ્રતિબંધિત સામાન ભારતની સીમામાં નાખવાની કોશિશ હોય, ઓછામાં ઓછી 5 ડ્રોન ગતિવિધિ જોવા મળી છે જેથી મોટા પાયે સર્ચ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે.

## જયપુરમાં બાઇક પર 27 જવાનોએ હ્યુમન પિરામિડ બનાવ્યો



(એજન્સી) જયપુર | તા.11

જયપુરના જગતપુરાનો મહેલ રોડ રવિવારે લગભગ 5 કલાક છાવણી બની રહ્યો. સેના દિવસ પર યોજાનારી પરેડના રિહર્સલનો પ્રસંગ હતો. જ્યાં નજર જતી હતી, ત્યાં ખાખી વર્દીમાં પરેડ કરતા સેનાના જવાનો દેખાઈ રહ્યા હતા. ધરતી પરથી અત્યાધુનિક ટેન્ક અને આકાશમાંથી હેલિકોપ્ટરે સૈન્ય શક્તિનું પ્રદર્શન કર્યું. 15 જાન્યુઆરીએ યોજાનારી 78મી આર્મી ડે પરેડ પહેલાં ફૂલ ડ્રેસ રિહર્સલનો આ બીજો દિવસ હતો. આ પહેલાં 9 જાન્યુઆરીએ રિહર્સલ થયું હતું. રવિવારે સવારે લગભગ સાડા આઠ વાગ્યે રિહર્સલ શરૂ થયું, જે બપોરે લગભગ દોઢ વાગ્યા સુધી ચાલ્યું. આ દરમિયાન ટેન્ક, મિસાઈલ, ડ્રોન, લડાકુ વિમાન અને આધુનિક હથિયારોનું પ્રદર્શન કરવામાં આવ્યું. સેનાના જવાનોએ બાઈક પર એકથી એક ચડિયાતા કરતબો બતાવ્યા. 7 બાઈક પર 27 જવાનોએ હ્યુમન પિરામિડ બનાવ્યો. આ દરમિયાન મલ્ટીપલ રોકેટ લોન્ચર પણ બતાવવામાં આવ્યું. આ 20 સેકન્ડમાં એકસાથે 40થી વધુ રોકેટ છોડી શકે છે. ભારતીય સેનાના અપાચે AH-64E, ચીતા અને ચેતક હેલિકોપ્ટરોએ પણ આકાશમાં શક્તિ પ્રદર્શન કર્યું. K-9 વજ્ર ટી ટેન્ક પણ આકર્ષણનું કેન્દ્ર રહી. તે 45 કિમી દૂર સુધી દુશ્મનના ઠેકાણાઓને નષ્ટ કરી શકે છે. 300KM સુધી પ્રહાર કરી શકતા રોકેટ લોન્ચરની વિશેષતાઓથી પણ લોકો વાકેફ થયા. તે એકસાથે 6 મિસાઈલ છોડી શકે છે. રિહર્સલ પરેડમાં ભારતીય સેનાના રોબોટિક જવાનનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેઓ ફક્ત મશીનો જેવા દેખાતા હોવા છતાં, તેમની અનન્ય ક્ષમતાઓ આશ્ચર્યજનક છે.

**સેનાનું મલ્ટીપલ રોકેટ લોન્ચર, 20 સેકન્ડમાં 40થી વધુ ટાર્ગેટ એકસાથે હિટ કરશે**

## માતાએ દીકરા-દીકરીનાં ગળાં કાપી પોતે ઝેર પીધું: પતિને ફોન પર કહ્યું- 'બાળકોને મારી નાખ્યા, હું પણ મરુ છું'...

(એજન્સી) ભીલવાડા | તા.11

રાજસ્થાનના ભીલવાડામાં એક માતાએ પોતાના બે માસૂમ બાળકોની ધારદાર હથિયારથી હત્યા કરી હતી. બાળકોને મારીને મહિલાએ પોતે પણ ઝેર પીધું છે. મહિલા ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. ઘટના રવિવારે સવારે માંડલગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના માનપુરા ગામની છે. ઘટના સમયે મહિલાનો પતિ ઘરે નહોતો. બાળકોને માર્યા પછી તેણે પતિને ફોન કરીને કહ્યું- 'મેં બાળકોને મારી નાખ્યા છે.' જણાવવામાં આવી રહ્યું છે કે આરોપી લાંબા સમયથી કેન્સરથી પીડિત છે. આ જ કારણે તે પરેશાન રહેતી હતી.

### બંને બાળકોનું ગળું કાપી નાખ્યું

ઘટના માનપુરામાં ટેન્ટનો બિઝનેસ કરતા રાજુ તેલીના ઘરે બની છે. પોલીસના જણાવ્યા અનુસાર, રાજુની પત્ની સંજુ દેવી (35)એ રવિવારે સવારે દીકરી નેહા (12) અને દીકરા ભૈરુ (7)નું ગળું કાપીને હત્યા કરી દીધી. હત્યા કર્યા બાદ તેણે પતિને ફોન કરીને ઘટના વિશે જાણકારી પણ આપી. તેણે પતિને કહ્યું- મેં બંને બાળકોને મારી નાખ્યા છે. હું પોતે ઝેર ખાઈને મરી રહી છું. હું કેન્સરથી પરેશાન થઈ ગઈ છું. રાજુએ તરત જ તેની જાણ પોતાના પડોશીઓને કરી હતી.



**વ્હાલસોયા બાળકોનો શું વાંક? :** કેવી માં કે તેના માસૂમ બાળકોના ગળે ધારદાર હથિયાર ફેરવતા તેનો હાથ ન કાંપ્યો, એવી તો કેવી મજબૂરી કે પોતાના જણેલા બે બાળકોના લોહીથી પોતે રક્તરંજીત થઈ, પ્રાથમિક માહિતી છે કે મહિલા કેન્સરથી પીડિત છે, લાંબા સમયથી સારવાર ચાલી રહી છે જેથી તે કંટાળી ગઈ હતી, તેના લીધે આ પગલું ભર્યું છે.

**છત પરથી ઘરમાં ઘૂસ્યા પાડોશીઓ :** રાજુના કહેવા પર પાડોશીઓ તેના ઘરે પહોંચ્યા, પરંતુ દરવાજા બંધ હતા. તેમણે સંજુ દેવીને ઘણી બૂમો પાડી, પરંતુ અંદરથી કોઈ જવાબ મળ્યો નહીં. બાદ કેટલાક લોકો છત પર ચઢીને ઘરની અંદર ઉતર્યા. ત્યાં સંજુ તેના બંને બાળકો પાસે બેભાન હાલતમાં મળી. બાળકો લોહીથી લથપથ હતા. તેમનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે સંજુને સરકારી હોસ્પિટલમાં દાખલ કરી છે. ડોકટરોના મતે તેણે ઝેરી દવા પીધી છે.

## કેરળની શાંતિ પાછળ એક 'મોટો ખતરો' છુપાયેલો છે : અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી | તા.11

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે કેરળના શાસક ડાબેરી ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) અને વિપક્ષ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) પર આકરા પ્રહારો કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે બંને ગઠબંધન રાજ્યને કટ્ટરપંથી સંગઠનોથી બચાવવામાં નિષ્ફળ ગયા છે કારણ કે તેઓ આવા સંગઠનોને તેમની વોટ બેંક માને છે. અમિત શાહે દાવો કર્યો કે ફક્ત NDA જ કેરળને સુરક્ષિત અને વિકસિત બનાવી શકે છે.

કેરળ કૌમુદી દ્વારા આયોજિત એક કોન્ક્લેવને સંબોધતા અમિત શાહે કહ્યું, 'સપાટી પર, કેરળની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ શાંત દેખાય છે, પરંતુ અંદર ઘણા જોખમો ઉભા થઈ રહ્યા છે, જે ભવિષ્યમાં અત્યંત ખતરનાક સાબિત થઈ શકે છે.' કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત PFI અને જમાત-એ-ઈસ્લામીનો ઉલ્લેખ કરતા ગૃહમંત્રીએ કહ્યું, 'શું LDF અથવા UDF કેરળને PFI અને જમાત-એ-ઈસ્લામીથી સુરક્ષિત રાખી



શકે છે? ક્યારેય નહીં. કારણ કે બંને તેમને તેમની વોટ બેંક માને છે. ફક્ત NDA જ કેરળને સુરક્ષિત રાખી શકે છે.' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સુરક્ષિત કેરળ વિકસિત કેરળ જેટલું જ મહત્વપૂર્ણ છે. પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI) પર લાદવામાં આવેલા પ્રતિબંધનો ઉલ્લેખ કરતા, અમિત શાહે કહ્યું કે LDF અને UDF બંનેએ આ નિર્ણયને ખુલ્લેઆમ સમર્થન કે વિરોધ કર્યો નથી. તેમણે કહ્યું, 'PFI પર પ્રતિબંધ મૂકીને, અમે તેના સમગ્ર કાર્યકર્તાને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે, અને આનાથી આખો દેશ સુરક્ષિત બન્યો છે.'

# સાબરમતી રિવરફ્રન્ટ પર ઇન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ 2026....

## હેરિટેજ હવેલી ને પોળના સ્થાપત્યની થીમ, 1000 પતંગબાજો પેચ લડાવશે; નાઈટ ફ્લાઈંગ અને કિંજલ દવે લોકોને ડોલાવશે

અમદાવાદ | ગુજરાતની ઓળખ સમાન ઇન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ 2026નું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. સાબરમતી રિવરફ્રન્ટ પર આગામી 12 જાન્યુઆરી 2026ના રોજ આ ભવ્ય ફેસ્ટિવલનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ઇન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ 2026 માટે અત્યારે સાબરમતી રિવરફ્રન્ટ પર તડામાર તૈયારીઓ ચાલી રહી છે. હેરિટેજ હવેલી અને પોળના સ્થાપત્યની થીમ પર તૈયાર કરાયેલા સ્ટોલ, પંતગ મ્યુઝિયમ, ફોટો વોલ, ફૂડ સ્ટોલ અને હેન્ડક્રાફ્ટિંગ સ્ટોલ પણ ઊભા કરવામાં આવ્યા છે. આ કાઈટ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન PM નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે, જ્યારે જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ વિશેષ અતિથિ તરીકે કાર્યક્રમમાં હાજરી આપશે. 12 થી 14 જાન્યુઆરી દરમિયાન યોજાનારા આ કાઈટ ફેસ્ટિવલમાં માત્ર રંગબેરંગી પતંગો જ નહીં પરંતુ ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની પણ ઝલક જોવા મળશે. હેરિટેજ હવેલી અને પોળના સ્થાપત્યની થીમ પર તૈયાર કરાયેલા સ્ટોલ્સ, પતંગ મ્યુઝિયમ અને ફોટો વોલ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહેશે. કાઈટ ફેસ્ટિવલમાં દેશ-વિદેશના મોટી સંખ્યામાં પતંગબાજો ભાગ લેશે. 50 દેશના 135 ઇન્ટરનેશનલ પતંગબાજો, ભારતના 13 રાજ્યના 65 પતંગબાજ અને ગુજરાતના 16 જિલ્લાના 871 પતંગબાજ આ કાઈટ ફેસ્ટિવલમાં સહભાગી થશે. આ રીતે કુલ અંદાજે 1,071 પતંગરસિકો આકાશમાં પેચ લડાવશે.







### અમદાવાદમાં મહિલા સાથે દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય...

# ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપી સુરેન્દ્રનગરના શખસે મહિલાનું અપહરણ કર્યું હતું, કોર્ટે આજીવન કેદની સજા ફટકારવામાં આવી

અમદાવાદ | વર્ષ 2020માં ઇસનપુર પોલીસ મથકે મૂળ સુરેન્દ્રનગરના પ્રકાશ દેસાણી સામે દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય, અપહરણ, સરકારી અધિકારીની ખોટી ઓળખ જેવી કલમો અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જે કેસ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટે 32 સાહેદ અને 33 પુરાવાને આધારે આરોપીને આજીવન કારાવાસની સજા અને આશરે કુલ 4 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આરોપી કોલકાતાથી ઝડપાયો હતો.

કેસને વિગતે જોતા એક વ્યક્તિ અને ભોગ બનનાર મહિલાને પ્રેમ સંબંધ હતો. ભોગ બનનાર મહિલા રિક્ષા લઈને લાંભા તરફ જઈ રહી હતી. ત્યારે તેની રિક્ષાને અન્ય એક રિક્ષાએ રોકી હતી અને અંદર બેસેલા વ્યક્તિઓએ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારી તરીકે ઓળખ આપી હતી. તેમજ ચોરીના કેસમાં મહિલા ઉપર આક્ષેપ હોવાનું જણાવ્યું હતું. તેથી ગાયકવાડ હવેલી પોલીસ મથકે જવા મહિલાને રિક્ષામાં બેસવા જણાવ્યું હતું.

આમ આરોપીઓએ મહિલાનું અપહરણ કર્યું હતું અને તેના પ્રેમી સાથે તેના જ ફોન પરથી વાત કરાવીને 30 હજાર રૂપિયા માગ્યા હતા. બાદમાં પીડિતાનો ફોન બંધ કરી દીધો હતો. આથી મહિલાના પ્રેમીએ પોલીસને જાણ કરી હતી અને 10 હજાર રૂપિયા આરોપીઓએ કહેલા ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. છેવટે ભોગ બનનાર ગમે તેમ કરીને પોતાના ઘરે આવી હતી. ત્યારે પોલીસે ફરિયાદ નોંધીને તેનું નિવેદન નોંધ્યું હતું. ભોગ બનનારે જણાવ્યું હતું કે, આરોપીઓએ રિક્ષામાંથી તેને એક ગાડીમાં લઈ ગયા હતા. જ્યાં આરોપીઓએ રસ્તા વચ્ચેથી શરાબની બોટલ લીધી હતી. ત્યારે ધોળકા પાસે આરોપીઓ મહિલાને એક નિર્જન સ્થળે લઈ ગયા હતા. જ્યાં તેની ઉપર સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય અને દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આરોપીઓ જ્યારે નશામાં હતા. તેનો લાભ લઈને ભોગ બનનાર ભાગી છૂટી હતી.



**આરોપીઓએ જબરજસ્તી દારૂ પીવડાવ્યો હતો |** ઓળખ પરેડમાં ભોગ બનનાર મહિલાએ આરોપીઓને ઓળખી બતાવ્યો હતો. પોલીસે મુદ્દા માલ કબજે કર્યો હતો. ભોગ બનનારે એવું પણ જણાવ્યું હતું કે, આરોપીઓ તેને રિક્ષામાં એક પોલીસ સ્ટેશનથી દૂર ઊભી રાખીને એક વ્યક્તિ પોલીસ મથકમાં પણ ગયો હતો. વળી ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરતા પહેલા આરોપીઓએ તેને શરાબનું સેવન કરવા જણાવ્યું હતું. જેનો તેને ઇન્કાર કરતા તેને જબરજસ્તી શરાબનું સેવન પણ કરાવ્યું હતું. ત્યાર બાદ આરોપીઓએ મહિલાને કપડાં ઉતારવા કહ્યું હતું. પરંતુ મહિલાએ ના પાડતા જબરજસ્તી તેના કપડા ઉતારીને તેની સાથે દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. તેમજ માર માર્યો હતો. શરાબ પેટમાં જતા મહિલાને ઉલ્ટી થઈ હતી. પરંતુ આરોપીઓએ વધુ શરાબ પી લેતા તેઓ નશામાં હતા, ત્યારે મહિલા ભાગી છુટી હતી.

## News Brief

## પતંગરસિયાઓ ખુશખુશાલ: ઉત્તરાયણ અને તેના પછીના દિવસે પવન રહેશે અનુકૂળ

અમદાવાદ | ઉત્તરાયણને આડે હવે ત્રણ દિવસ બાકી છે ત્યારે હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંત દ્વારા ઉત્તરાયણમાં સાનુકૂળ પવન રહેશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે કડકડતી ઠંડી રંગમાં ભંગ પાડી શકે છે.

હવામાન વિભાગ અનુસાર, હાલ રાજ્યમાં 12 થી 15 કિમીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. 15 જાન્યુઆરી સુધીમાં પવનની ગતિ વધીને 16 તી 20 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. અમુક સમયે વધારે પવન હોય ત્યારે 22 થી 25 કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. મહત્વનું છે કે 10 કિમી પ્રતિ કલાકથી પવનની ગતિ વધુ હોય તો પતંગ ચગાવવા અનુકૂળ માનવામાં આવે છે. 20 કિલોમીટર પ્રતિ કલાકથી વધુ ઝડપે પવન હોય તો પતંગ ચગાવવા મુશ્કેલી પડે છે.

હવામાન નિષ્ણાત અંબાલાલની આગાહી મુજબ ઉત્તરાયણના દિવસે સવારના સમયે પવન શાંત હશે, જેમ જેમ દિવસ આગળ વધશે તેમ પવનની ગતિ વધશે, બપોર પછી પતંગ ચગાવવા પવન એકદમ યોગ્ય હશે. જેથી પતંગપ્રેમીઓ આખો દિવસ આનંદ લઈ શકશે. વાસી ઉત્તરાયણ એટલે કે 15 જાન્યુઆરીના દિવસે પણ પવન સારો રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં દસ દિવસ તારીખ 12 જાન્યુઆરી 2026 થી 21 જાન્યુઆરી 2026 સુધી નીચે દર્શાવેલા 9 પોઈન્ટમાં સમાવેશ થતી તમામ ગતિવિધિઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. કોઈ પણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફૂટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા નહીં. -આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ-સ્પીકર વગાડી શકાશે.

## ધ્રોળના શાકભાજીના વેપારી પિતા પુત્ર પર હુમલો: ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ



જામનગર | જામનગર જિલ્લાના ધ્રોળમાં નંદનવન સોસાયટીમાં રહેતા અને શાકભાજીનો વેપાર કરતા ફૈઝલ સલીમભાઈ ગંડીયા નામના વેપારીએ પોતાના ઉપર તેમજ પોતાના પિતા સલીમભાઈ ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ધ્રોલમાં જ રહેતા આફરીદ ઉર્ફે ભાઈજી જીગરભાઈ પોપટપુત્રા, આફતાબ ઉર્ફે ડાડો, નવાજ રાવ, અને મુસ્તુફા અબુભાઈ દલ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી વેપારી પોતાની દુકાને હતા, જે દરમિયાન આફરીદ તેના ઘરે પહોંચ્યો હતો, અને ઘરનો દરવાજો ખખડાવતો હતો. પરંતુ વેપારીની પત્નીએ ખોલ્યો ન હતો, અને પતિ વગરેને બોલાવી લીધા હતા.

જેથી પરિવારના તમામ સભ્યોએ મળીને આફરિદને તું અમારા ઘરે શું કામ આવ્યો છે, તે બાબતે પૂછવા જતાં ઉસકેરાઈ ગયો હતો, અને પોતાના સાગરીતોની મદદથી વેપારી પિતા પુત્ર પર હુમલો કરી દીધો હતો. ધ્રોલ પોલીસ ચારેય આરોપીઓને શોધી રહી છે.

## જામનગર નજીક ધુંવાવમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનાર એક વેપારી દંડાયો



જામનગર | જામનગર શહેર અને જિલ્લામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનારા વિક્રેતાઓ સામે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, અને પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનારા વેપારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. દરમિયાન જામનગર નજીક ધુંવાવમાં પતંગ અને દોરાનો વેપાર કરી રહેલા એક વેપારી દ્વારા પતંગ અને દોરાના વેચાણની સાથે-સાથે ચાઈનીઝ દોરાનું વેચાણ પણ થતું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. ધુંવાવના વેપારી ફિરોજ ઉર્ફે મુન્નો જુમ્માભાઈ બાવવાણીના કબજામાંથી પોલીસ તપાસ દરમિયાન પ્રતિબંધિત ચાઈનીઝ દોરા વાળી ફીરકી મળી આવતાં કબજે કરી લેવામાં આવી છે, અને તેની સામે જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

## પાટનગરમાં વડાપ્રધાનની મુલાકાતને લઈને ૨૦૦૦ પોલીસ ખડે પગે રહેશે

ગાંધીનગર : તારીખ ૧૧ અને ૧૨મીએ વડાપ્રધાનની ગાંધીનગરમાં ઉપસ્થિતિને લઈને ચકલુ પણ ફરકે નહીં તેવો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે. તેમાં આઈપીએસ ૧૦, ડીવાયએસપી ૨૦, પીઆઇ ૫૦, પીએસઆઇ ૧૦૦ અને મહિલા સહિત ૧૮૦૦ પોલીસ કર્મચારીઓને ખડે પગે રાખવામાં આવશે. દરમિયાન તારીખ ૧૧મીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિર સુધીના મેટ્રો રેલના ફુલ રૂટનો પ્રારંભ પણ વડાપ્રધાનની મુસાફરી સાથે થશે.

ગુજરાતની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ, રાજકોટ અને ગાંધીનગરમાં યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા માટે આવી ચૂક્યા છે. તેમાં તેઓ તારીખ ૧૧મીએ સાંજે ગાંધીનગર આવશે. અમદાવાદથી મેટ્રો ટ્રેનમાં બેસીને વડાપ્રધાન તથા જર્મન ચાન્સલર ગાંધીનગરમાં મેટ્રોના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી આવશે. આ સાથે તેઓ મેટ્રોના ફુલ રૂટનું લોકાર્પણ કરશે. વડાપ્રધાનના ગાંધીનગરમાં બે દવસના રોકાણને લઈને ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તેમાં ૧૦ જેટલા આઈપીએસ અધિકારીઓને સુપરવિઝન સોંપવામાં આવ્યું છે. જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીના જણાવવા પ્રમાણે ૨૦ જેટલા ડીવાયએસપી કક્ષાના અધિકારીઓ દ્વારા સુરક્ષા વ્યવસ્થાનું મોનિટરિંગ કરવામાં આવનાર છે. જ્યારે ફીલ્ડમાં ૫૦ પોલીસ ઈન્સપેક્ટર, ૧૦૦ સબ ઈન્સપેક્ટર તથા મહિલા પોલીસ સહિતના ૧૮૦૦ પોલીસ જવાનોને તૈનાત કરવામાં આવશે. જિલ્લા તંત્ર દ્વારા આ સંબંધમાં રોડ બ્લોક, પાકગ સહિતના મુદ્દે જાહેરનામા બહાર પાડવામાં આવ્યા છે. તેનો અમલ કરવા માટે પણ પોલીસ દ્વારા નાગરિકોને અપિલ કરવામાં આવી છે

## બિલ્ડિંગ યુઝની પરવાનગી મળી જાય તે પછી વણ વેચાયેલા મેઈન્ટેનન્સ ભરવાની જવાબદારી બિલ્ડરની

અમદાવાદ | બિલ્ડિંગ યુઝની પરમિશન મળી જાય ત્યારથી માંડીને વણવેચાયેલા ફ્લેટ્સના રનિંગ મેઈન્ટેનન્સ જમા કરાવવા બિલ્ડર કાયદેસર બાંયેલો હોવાનો ચૂકાદો ગુજરાતની રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીએ આપ્યો છે. મેઈન્ટેનન્સની આ રકમ ફ્લેટ અન્ય કોઈને વેચાય ત્યાં સુી જમા કરાવવાની જવાબદારી બિલ્ડરની છે. અમદાવાદમાં વસ્ત્રાપુર વિસ્તારમાં ટી.પી. નંબર ૧ના ફાઈનલ પ્લોટ નંબર ૨૭૯ની ૧૯૦૪૨ ચોરસ મીટર બિનખેતીની જમીનના પ્લોટ પર મૂકવામાં આવેલી કાસા વ્યોમા કો.ઓ.હા.સર્વિસ સોસાયટીની સ્કીમના રહેવાસીઓએ રેરા કોર્ટમાં આ અંગે કરેલી ફરિયાદનો નવમી જાન્યુઆરીએ ચૂકાદો આપવામાં આવ્યો છે. સુમેધા સ્પેસલિન્કસ એલ.એલ.પી. સામે કેસ કરવામાં આવ્યો હતો.

વાપુરની હાઉસિંગ સવસ સોસાયટીનીબે, ત્રણ અને ચાર બી.એચ.કે.ની ૫૫૪ ફ્લેટની સ્કીમના કેસમાં ગુજરાતની રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરિટીએ પ્રસ્તુત ચૂકાદો આપ્યો છે. તેમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે બી.યુ. પરમિશન મળી ગયા પછી વેચાયેલા ન હોય તેવા ફ્લેટ્સના રનિંગ મેઈન્ટેનન્સની રકમ ખુદ બિલ્ડરે જ જમા કરાવવાની રહે છે. વાપુરની સોસાયટીના સંચાલકોએ રેરામાં ફરિયાદ કરી હતી કે ડેવલપરે રનિંગ મેઈન્ટેનન્સના નાણાં જમા કરાવ્યા જ નથી. ડેવલપરે વણવેચાયેલા ફ્લેટના રનિંગ મેઈન્ટેનન્સના નાણાં સોસાયટીની ચૂકવ્યા જ નથી. પરિણામે ફ્લેટ ખરીદીને રહેવા આવી ગયેલા લોકોને માટે બિલ્ડિંગના મેઈન્ટનન્સ માટે વારે ખર્ચ કરવાનો બોજો આવી ગયો છે. બીજું, બિલ્ડરે મલ્ટી પર્પઝ હો, કોમન એરિયા માટે સોલાર વોટર હિટિંગ સિસ્ટ અને વિઝિટર્સ તથા ગેસ્ટ પાર્કિંગની સુવિધા આપી નથી.

તેની સામે બિલ્ડર-ડેવલપરે એવી દલીલ કરી હતી કે વણવેચાયેલા ફ્લેટના મેઈન્ટેનન્સની રકમ ચૂકવવા તે બંધાયેલા નથી. તેમ જ આ મુદ્દો રેરાના કાર્યક્ષેત્રમાં આવતો પણ નથી.

મકાનમાં રહેનારાઓની ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૯ની સાલમાં મકાન તૈયાર થઈ ગયું હતું અને તેને બિલ્ડિંગ યુઝની પરમિશન પણ આપી દેવામાં આવી હતી.

## સુરેન્દ્રનગરમાં ઘર હો તો ઐસાના છઠ્ઠા માળે ફ્લેટમાં આગ લાગી...

સુરેન્દ્રનગર | શહેરની મધ્યમાં જીનતાન રોડ પર આવેલ ઘર હો તો ઐસા ફ્લેટના એક ફ્લેટમાં મોડી રાત્રે આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. જેની જાણ મહાનગરપાલિકાની ફાયર ફાયટર ટીમને જાણ કરતા સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. શહેરની મધ્યમાં આવેલ ઘર હો તો ઐસાના છઠ્ઠા માળે આવેલ ફ્લેટ નંબર ૬૦૬ માં અચાનક મોડી રાત્રે આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. ફ્લેટમાં રહેતા તમામ લોકો સમયસૂચકતા વાપરી બહાર નીકળી જતા જાનહાનિ ટળી હતી.

જ્યારે ફ્લેટમાં રહેલ ફનચર, વીજ ઉપકરણો, માલ સામાન સહિતનો મુદ્દામાલ આગમાં બળીને ખાખ થઈ જતા મોટાપાયે નુકશાન પહોંચ્યું હતું. આગના બનાવ અંગે મહાનગરપાલિકાની ફાયર ફાયટર ટીમને જાણ કરતા ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જ્યારે પ્રાથમિક તપાસમાં ફ્લેટમાં રહેલ હીટરમાં ખામી સર્જાતા આગ લાગી હોવાનું હાલ અનુમાન સેવાઈ રહ્યું છે.

### છેલ્લા 10 દિવસથી તંત્ર આ રોગચાળાને કાબુમાં લેવામાં સદંતર નિષ્ફળ સાબિત થયું છે

## ગાંધીનગરમાં ટાઈફોઈડનો કાળો કેર યથાવત, વધુ 13 કેસ નોંધાયા : દૂષિત પાણીએ લીધો બાળકીનો ભોગ, 'આપ'નો પુરાવા સાથે દાવો

ગાંધીનગર | ગાંધીનગરમાં દૂષિત પાણીના કારણે ફાટી નીકળેલા ટાઈફોઈડના રોગચાળાએ હવે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા 10 દિવસથી તંત્ર આ રોગચાળાને કાબુમાં લેવામાં સદંતર નિષ્ફળ સાબિત થયું છે, ત્યારે આદિવાડા વિસ્તારની 8 વર્ષની બાળકી કાજલ ધોબીના મોતને લઈને આમ આદમી પાર્ટીએ મેડિકલ પુરાવા સાથે કરેલા દાવાએ વહીવટી તંત્રને ઉઘાડું પાડી દીધું છે.

શહેરમાં રોગચાળાની સ્થિતિ દિન-પ્રતિદિન સ્ફોટક બની રહી છે. મ્યુનિસિપલ આરોગ્ય વિભાગના સત્તાવાર આંકડા મુજબ, આજે શનિવારે વધુ નવા 13 કેસ પોઝિટિવ નોંધાયા છે, જ્યારે 15 દર્દીઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. હાલમાં કુલ 74 દર્દીઓ વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. જોકે તંત્ર દ્વારા જાહેર કરવામાં આવતા આંકડાઓમાં પણ વિસંગતતા જોવા મળી રહી છે. શુક્રવારે સારવાર



હેઠળના દર્દીઓની સંખ્યા 75 હતી. કરોડોના તોતિંગ ખર્ચે નખાયેલી પાણીની નવી પાઈપલાઈનોમાં વારંવાર થતા લિકેજ અને તંત્રની આંખ આડા કાન કરવાની નીતિને કારણે નિર્દોષ બાળકો રોગચાળાનો ભોગ બની રહ્યા છે. તાજેતરમાં સિવિલમાં બે બાળકોના મોત નીપજી ચૂક્યા છે. જ્યારે ખાનગી તબીબો પણ ચેતવણી આપી રહ્યા છે કે જો આ ઢાંકપીછોડો ચાલુ રહેશે તો સ્થિતિ વધુ વણસી શકે છે.

ત્યારે 'આપ'ના કાઉન્સિલર તુષાર પરીખે સિવિલમાં સારવાર દરમિયાન મોતને ભેટેલી બાળકીની મેડિકલ ફાઈલના આધારે દાવો કર્યો છે કે, 2 જાન્યુઆરીના રોજ તેનો વિડાલ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને 5 જાન્યુઆરીએ મોત થયું. તે પહેલા 4 જાન્યુઆરીનો ટેસ્ટ પણ ટાઈફોઈડની પુષ્ટિ કરતો હતો. આમ છતાં, સિવિલ સુપ્રિટેન્ડેન્ટ અને મ્યુનિસિપલ આરોગ્ય વિભાગ મોતનું સાચું કારણ છુપાવી રહ્યા છે.

'આપ' દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે એક તંત્ર મોત માટે જવાબદાર છે, બીજું તંત્ર આંકડાની હેરફેરમાં વ્યસ્ત છે અને ત્રીજું તંત્ર સત્ય છુપાવવામાં માહિર છે. પાર્ટીએ માંગણી કરી છે કે મૃતક કાજલના પરિવારને તાત્કાલિક આર્થિક રાહત આપવામાં આવે અને જે જવાબદાર અધિકારીઓની બેદરકારીથી આ ઘટના બની છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સુરત પોલીસની મોટી સફળતા કુખ્યાત ઈરાની ગેંગના સરદારની ધરપકડથી ખળભળાટ

# કુખ્યાત ઈરાની ગેંગનો સૂત્રધાર રાજુ ઈરાની સુરતમાંથી ઝડપાયો

(એજન્સી) સુરત । તા. 11

ગુજરાતની આર્થિક રાજધાની સુરતમાંથી સુરક્ષા એજન્સીઓએ એક એવા ખતરનાક ગુનેગારને દબોચી લીધો છે જેણે દેશના અનેક રાજ્યોમાં આતંક મચાવ્યો હતો. સુરત પોલીસે બાતમીના આધારે ઓપરેશન પાર પાડીને કુખ્યાત ઈરાની ગેંગના સૂત્રધાર રાજુ ઈરાની ઉર્ફે 'રહેમાન ડકેત'ની ધરપકડ કરી છે. લાંબા સમયથી ફરાર આ આરોપી અનેક રાજ્યોની પોલીસ માટે માથાનો દુખાવો બન્યો હતો. રાજુ ઈરાનીની ધરપકડને સુરત પોલીસની અત્યાર સુધીની સૌથી મોટી સફળતા તરીકે જોવામાં આવી રહી છે, કારણ કે આ ગેંગ અત્યંત સંગઠિત રીતે ગંભીર ગુનાઓને અંજામ આપવા માટે જાણીતી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજુ ઈરાની સામે ભારતભરના વિવિધ પોલીસ મથકોમાં ૨૦ થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ ગુનાઓમાં સશસ્ત્ર લૂંટ, ખંડણી વસૂલવી, ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી, ધમકી આપવી અને મોટા ગુનાહિત કાવતરાંનો સમાવેશ થાય છે. તે લાંબા સમયથી પોલીસની નજરમાં હતો, પરંતુ પોતાની ઓળખ છુપાવીને વારંવાર રાજ્ય બદલી નાખતો હતો. સુરત પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન




ઈન્ટેલિજન્સની મદદથી તેની સચોટ માહિતી મેળવી તેને ઝડપી પાડ્યો છે.

### રિમાન્ડ દરમિયાન મોટા ખુલાસાની આશંકા

સુરત પોલીસે આરોપી રાજુ ઈરાનીને કોર્ટમાં રજૂ કરી તેના રિમાન્ડ મંજૂર કરાવ્યા છે. હાલમાં તપાસ એજન્સીઓ તેની સઘન પૂછપરછ કરી રહી છે. પોલીસ તે જાણવાનો પ્રયાસ કરી રહી છે કે સુરતમાં તેને કોણે આશ્રય આપ્યો હતો અને તેના સ્થાનિક સહયોગીઓ કોણ છે. મીડિયા અહેવાલ મુજબ, પૂછપરછ દરમિયાન ગેંગના ફંડિંગના સ્ત્રોત અને આગામી સમયમાં આચરેલા કાવતરાંઓ વિશે અનેક ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે. પોલીસ તેના આર્થિક વ્યવહારોની પણ ઝીણવટભરી તપાસ કરી રહી છે.

ઈરાની ગેંગ પોતાની કાર્યપદ્ધતિ માટે કુખ્યાત છે. આ ગેંગના સભ્યો મોટે ભાગે પોલીસ અધિકારી અથવા સત્તાવાર કર્મચારી તરીકે ઓળખ આપી નિર્દોષ લોકોને લૂંટી લેતા હોય છે. રાજુ ઈરાની પર આરોપ છે કે તે ગેંગમાં નવા યુવાનોને સામેલ કરી તેમને સંગઠિત ગુનાખોરીની તાલીમ આપતો હતો. તેનું નેટવર્ક મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં ફેલાયેલું છે. પોલીસને આશા છે કે રાજુ ઈરાનીની ધરપકડ બાદ આ ગેંગના અન્ય ફરાર સભ્યો અને પડદા પાછળના 'મોટા માથાઓ' સુધી પહોંચવામાં સરળતા રહેશે.

### પોલીસની કડક કાર્યવાહીની ખાતરી

સુરત પોલીસ કમિશનરે આ મામલે જણાવ્યું છે કે, સંગઠિત ગુનાખોરી સામે સુરત પોલીસ 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવી રહી છે. રાજુ ઈરાની જેવી વ્યક્તિની ધરપકડ એ માત્ર એક ગુનેગારની પકડ નથી, પરંતુ આખી ગેંગના કમર તોડવા સમાન છે. આગામી દિવસોમાં આ ગેંગ સાથે સંકળાયેલા અન્ય સાગરીતો પર પણ પકડ મજબૂત કરવામાં આવશે. હાલમાં શહેરના પ્રવેશદ્વારો અને શંકાસ્પદ વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

## અમરેલી: નિર્માણાધીન પુલ 'મોતનો પુલ' બન્યો, વધુ એક યુવાનનો લેવાયો ભોગ



અમરેલી | અમરેલી-લીલિયા રોડ પર ગોઢાવદર પાસે નિર્માણાધીન પુલ હવે માર્ગચાલકો માટે કાળ સમાન સાબિત થઈ રહ્યો છે. ૩૬ કલાકના ટૂંકા ગાળામાં જ આ સ્થળે બીજી એક ભયાનક દુર્ઘટના ઘટી છે. લીલિયાના ૪૭ વર્ષીય નીતિનભાઈ પરમાર બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે પુલ પરથી નીચે ખાબક્યા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે પુલના બીમનો લોખંડનો સળિયો તેમના માથાના ભાગે આરપાર નીકળી ગયો હતો. ગંભીર હાલતમાં રાજકોટ લઈ જતી વખતે રસ્તામાં જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. હચમચાવી દેતી અકસ્માતની વિગત અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, નીતિનભાઈ લીલિયાથી અમરેલી તરફ જઈ રહ્યા હતા ત્યારે સલડી અને ગોઢાવદર વચ્ચે બની રહેલા નવા પુલ પરથી તેમનું બાઈક નીચે ખાબક્યું હતું. પુલના અધૂરા કામમાં ખુલ્લા રહેલા સળિયામાં તેઓ ફસાઈ ગયા હતા.

## વડોદરા: ફતેગંજના ફ્લેટમાંથી અફઘાનિસ્તાનના પીએચડી વિદ્યાર્થીની લાશ મળી

(એજન્સી) વડોદરા । તા. 11

સંસ્કારી નગરી વડોદરાના ફતેગંજ વિસ્તારમાં આજે સવારે એક વિદેશી વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે. શહેરના એક્સિલન્ટ એપાર્ટમેન્ટના બીજા માળે આવેલા ફ્લેટમાંથી અફઘાનિસ્તાનના ૩૪ વર્ષીય વિદ્યાર્થી બેનઉલ્લા જીયાની લાશ મળી આવી છે. રહસ્યમય સંજોગોમાં થયેલા આ મોતના પગલે સયાજીગંજ પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

ઘટનાની વિગત અને પર્દાફાશ અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, મૃતક વિદ્યાર્થી બેનઉલ્લા જીયા છેલ્લા બે વર્ષથી વડોદરામાં રહીને એમ.એસ. યુનિવર્સિટીના આર્કિટેક્ચર ડિપાર્ટમેન્ટમાં પીએચડીનો અભ્યાસ કરતો હતો. છેલ્લા બે દિવસથી અફઘાનિસ્તાનમાં રહેલા તેના પરિવારજનો તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ ફોન ન ઉપાડતા પરિવારે વડોદરામાં રહેતા તેના મિત્રોને તપાસ કરવા જણાવ્યું હતું.

મિત્રોએ દરવાજો તોડ્યો અને સત્ય બહાર આવ્યું જાણો સમગ્ર ઘટનાક્રમ, આજે સવારે જ્યારે બેનઉલ્લાના મિત્રો ફ્લેટ પર પહોંચ્યા ત્યારે અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. આખરે આસપાસના લોકોની મદદથી ફ્લેટનો દરવાજો તોડવામાં આવતા બેનઉલ્લા મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, પોલીસે ઘટનાસ્થળનું પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) માટે સયાજી હોસ્પિટલ ખસેડ્યો છે.

પોલીસ તપાસ: વિદ્યાર્થીનું મોત કુદરતી છે, આત્મહત્યા છે કે અન્ય કોઈ કારણ, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. સયાજીગંજ પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## SBI ના 1.97 કરોડના હોમલોન કૌભાંડમાં સુરતથી લોન એજન્ટ ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 11

વડોદરાના ઈલોરાપાર્ક વિસ્તારમાં આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) ની હોમલોન શાખામાં થયેલા ૧.૯૭ કરોડના બહુચર્ચિત કૌભાંડમાં વડોદરા ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. પોલીસે આ કૌભાંડમાં સંડોવાયેલા બેન્કના અધિકૃત લોન એજન્ટને સુરતથી ઝડપી પાડ્યો છે. બોગસ દસ્તાવેજોના આધારે લોન પાસ કરાવી બેન્ક સાથે છેતરપિંડી આચરવાના આ કેસમાં એક સપ્તાહમાં આ ત્રીજી ધરપકડ છે. કૌભાંડની મોડસ ઓપરેન્ડી અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, આ કૌભાંડમાં છ જેટલા બોગસ લોનધારકોના નામે ફાઈલો તૈયાર કરવામાં આવી હતી. આ ફાઈલોમાં નોકરીના બનાવટી લેટર્સ, બોગસ આઈકાર્ડ, ફેક પે-સ્લિપ અને ઈન્કમટેક્સના બોગસ રિટર્ન જેવા દસ્તાવેજો જોડવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે બેન્કની અધિકૃત એજન્સીના માણસોએ આ દસ્તાવેજોની ખરાઈ પણ કરી હતી અને તેને માન્ય રાખ્યા હતા.

ઓડિટમાં ભોપાળું બહાર આવ્યું જાણો સમગ્ર ઘટનાક્રમ, બેન્ક દ્વારા કુલ ૧.૯૭ કરોડની લોન મંજૂર કરવામાં આવી હતી, પરંતુ લોનધારકો દ્વારા હપ્તા ન ભરાતા બેન્કે તપાસ શરૂ કરી હતી. બેન્કના આંતરિક ઓડિટ દરમિયાન તમામ વિગતો બોગસ હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે લોનધારકો, એજન્ટો અને વચેટિયાઓ સહિત કુલ ૧૬ લોકો સામે ગુનો નોંધાયો હતો. સુરતથી એજન્ટની ધરપકડ તાજા સમાચાર મુજબ, ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં ધર્મેન્દ્ર વૃન્દાવનભાઈ વાઘેલા (રહે. કઢોદરા, સુરત) ની ધરપકડ કરી છે. ધર્મેન્દ્ર બેન્કનો અધિકૃત એજન્ટ હતો અને તેણે અન્ય એજન્ટો સાથે મળીને બોગસ ફાઈલો મૂકવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પોલીસ હવે આ કૌભાંડમાં સામેલ અન્ય ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આરોપી ધર્મેન્દ્ર અગાઉ વડોદરાના વાસણા રોડ વિસ્તારમાં રહેતો હતો અને હાલમાં સુરતમાં છુપાયો હતો. તેની પૂછપરછમાં બેન્કના અન્ય અધિકારીઓની સંડોવણી હોવાની પણ આશંકા સેવાઈ રહી છે.

## વડોદરાના ભીમપુરામાં મકાનમાં ભીષણ આગ: લોકોએ હિંમતભેર કાબૂ મેળવ્યો

(એજન્સી) વડોદરા । તા. 11

વડોદરા નજીક આવેલા ભીમપુરા ગામે રવિવારે સવારે એક રહેણાંક મકાનમાં ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સરકારી તંત્રની રાહ જોયા વગર ગ્રામજનોએ એકજુટ થઈને હિંમતપૂર્વક આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ લોકોએ પાણીનો મારો ચલાવીને આગને વધુ પ્રસરતી અટકાવી દીધી હતી, જેના કારણે મોટી જાનહાનિ અને નુકસાન ટળી ગયું હતું.

મકાનમાં આગનું રહસ્ય અને નુકસાન અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ભીમપુરાના રહેવાસી કનુભાઈ પરમારના મકાનમાં સવારે અચાનક આગ લાગી હતી. જે સમયે આગ લાગી તે સમયે મકાનમાં કોઈ હાજર ન હોવાથી જાનહાનિ થઈ નહોતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટ અથવા દીવાને કારણે આ દુર્ઘટના બની હોઈ શકે છે. આ આગમાં ઘરનું ફ્રીજ, ટીવી, કુલર, બેડ અને કિંમતી ફર્નિચર બળીને ખાખ થઈ ગયું છે.

ગ્રામજનોની સૂઝબૂઝ અને સ્કૂલની મદદ જાણો સમગ્ર ઘટનાક્રમ, મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ આસપાસના લોકો દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડને જાણ કર્યા બાદ, આગ ઝડપથી વધી રહી હોવાથી લોકોએ હિંમત બતાવી હતી.

નજીકમાં આવેલી પ્રાથમિક શાળાની પાણીની લાઈન સાથે પાઈપનું જોડાણ કરી દેવામાં આવ્યું હતું. યુવાનોએ બારી-બારણાં ખોલી પાણીનો સતત મારો ચાલુ રાખતા ફાયર બ્રિગેડ આવે તે પહેલા જ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો હતો.

લોકશક્તિનો વિજય: ગ્રામજનોની આ ત્વરિત કામગીરીને કારણે આગ પડોશના મકાનો સુધી પ્રસરતી અટકી ગઈ હતી. સ્થાનિક લોકોની આ હિંમતની સમગ્ર વિસ્તારમાં પ્રશંસા થઈ રહી છે.

## સુરત મ્યુનિ. કમિશનરનો સપાટો: ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરને ₹૨.૫ કરોડનો આકરો દંડ



સુરત | સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરે ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને રાજકીય દબાણ હેઠળ કામ કરતા અધિકારીઓ પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. શહેરના કચરાનો સાયન્ટિફિક નિકાલ કરવાના બદલે તેને મહુવાના ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદે ઠાલવી પાલિકાની આબરૂના લીલામ કરનાર વાપીની 'સી ડી ટ્રાન્સપોર્ટ' એજન્સીને કમિશનરે ૨.૫ કરોડનો માતબર દંડ ફટકાર્યો છે. આટલું જ નહીં, રાજકીય રહેમનજર હેઠળ ચાલતી આ એજન્સીનો એકાધિકાર ખતમ કરવા માટે નવા ટેન્ડર બહાર પાડવાના આદેશ પણ આપી દેવામાં આવ્યા છે. કૌભાંડની વિગતો અને બેદરકારી અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, સુરત શહેરમાંથી રોજ નીકળતા ૨૫૦૦ મેટ્રિક ટન કચરાના નિકાલ માટે આ એજન્સીને ખજોદ સાઈટનો કોન્ટ્રાક્ટ અપાયો હતો. જોકે, ભાજપના નેતાઓની છત્રછાયા હોવાથી કોન્ટ્રાક્ટરે પાલિકાના નિયમોને નેવે મૂક્યા હતા. કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે સુરતનો કચરો મહુવાના કાંકરિયા ગામમાં ઠાલવવામાં આવ્યો અને પોલીસ ફરિયાદ થઈ.

## મેકર્સ ફેસ્ટ 2026 વડોદરામાં આવિષ્કારોની ધૂમ

# MS યુનિ. ટેકનોલોજી પ્રદર્શનમાં તેજસ્વી તારલાઓ ઉમટ્યા

(એજન્સી) વડોદરા । તા. 11

વડોદરાની ઐતિહાસિક એમ.એસ. યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટી ખાતે આજથી બે દિવસીય 'મેકર્સ ફેસ્ટ ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ થયો છે. યુવાલય અને વડોદરા ઈનોવેશન કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ આઠમા મહોત્સવમાં ગુજરાત સહિત દેશભરમાંથી યુવા સંશોધકો ઉમટી પડ્યા છે. આ વર્ષે કુલ ૫૫૦ થી વધુ અરજીઓમાંથી એઆઈ (AI), રોબોટિક્સ, ડ્રોન અને ફાર્માસ્યુટિકલ્સ જેવા અત્યાધુનિક વિષયો પરના શ્રેષ્ઠ ૭૦ પ્રોજેક્ટ્સની પસંદગી કરવામાં આવી છે. આ પ્રદર્શન ૧૧ જાન્યુઆરી, રવિવારના રોજ પણ જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

આ વર્ષના મેકર્સ ફેસ્ટની ખાસિયત એ છે કે પહેલીવાર 'મેકર્સ ફેસ્ટ જૂનિયર' વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં શાળાના બાળકોને તેમની વિચાર શક્તિ અને આત્મવિશ્વાસ પ્રદર્શિત કરવાની તક મળી છે. આ નાનકડા સર્જકોના પ્રોજેક્ટ્સ જોઈને મુલાકાતીઓ આશ્ચર્યચકિત થઈ રહ્યા છે. ઓટોમેટિક ડોક્યુમેન્ટ પ્રિન્ટર: આઈસીટીના વિદ્યાર્થીઓ જયેશ ગૌતમ અને તેમની ટીમે એક એવું પ્રિન્ટર બનાવ્યું છે જે ક્યૂઆર કોડ સ્કેન કરીને માત્ર ૧૦ સેકન્ડમાં ડોક્યુમેન્ટ પ્રિન્ટ કરી આપે છે. આ પ્રિન્ટર મિનિટમાં ૫૦ કોપી કાઢવાની ક્ષમતા ધરાવે છે અને પેમેન્ટ પણ ઓનલાઈન સ્વીકારે છે. રોબોટિક પેટ્રોલિંગ વ્હીકલ: બીઈ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ એક એવું રોબોટિક વ્હીકલ તૈયાર કર્યું છે જે સિક્યુરિટી ગાર્ડની જેમ કેમ્પસનું પેટ્રોલિંગ કરી શકે છે. તે જીપીએસની મદદથી લોકેશન અને હવામાં કાર્બન ડાયોક્સાઈડની માત્રાની જાણકારી પણ મોકલે છે.

આઈટીઆઈના વિદ્યાર્થીઓએ ઈન્ટરનેટ આધારિત સ્માર્ટ લોક બનાવ્યું છે, જેમાં ફિંગર પ્રિન્ટ, પાસવર્ડ અને ઓટીપી જેવા ત્રણ સ્તરની સુરક્ષા છે. ઘરમાલિક ગમે ત્યાંથી મહેમાન માટે દરવાજો ખોલી શકે છે.

આયુર્વેદના વિદ્યાર્થીઓએ દૂધ જેવા પ્રવાહી પદાર્થોમાં રહેલી અશુદ્ધિઓને ઓળખી કાઢતું ખાસ 'ફિલ્ટર પેપર' વિકસાવ્યું છે, જે બેક્ટેરિયાની હાજરીમાં








રંગ બદલે છે. તે જ રીતે, ડો. મીત પ્રજાપતિ અને ડો. પ્રજ્ઞા પરમારે 'ચંદ્ર દ્રષ્ટિ' નામના આયુર્વેદિક ચશ્મા બનાવ્યા છે. એલોવેરા જેલથી સજ્જ આ ચશ્મા આંખોને ઠંડક આપે છે અને ડાર્ક સર્કલ દૂર કરવામાં મદદરૂપ થાય છે. આ પ્રદર્શનમાં રજૂ થયેલા ઈનોવેશન્સ માત્ર શૈક્ષણિક પ્રોજેક્ટ્સ નથી, પરંતુ વાસ્તવિક જીવનની મુશ્કેલીઓનો સચોટ ઉકેલ છે.

## ભારત ન્યૂઝીલેન્ડ મેચની ટિકિટો ઊંચા ભાવે વેચવાનો પ્રયાસ થયો નિષ્ફળ

# ક્રિકેટ ટિકિટના કાળાબજાર કરતા બે શખ્સો વડોદરામાં ઝડપાયા

(એજન્સી) વડોદરા । તા. 11

સંસ્કારી નગરી વડોદરામાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી હાઈ-વોલ્ટેજ વનડે મેચ પૂર્વે ક્રિકેટ રસિકોના ઉત્સાહનો ગેરલાભ ઉઠાવતા તત્વો સક્રિય થયા છે. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે એક સફળ ઓપરેશન પાર પાડીને ક્રિકેટ ટિકિટના કાળાબજાર કરતા બે શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે. મેચની ટિકિટોના અછતનો ફાયદો ઉઠાવીને આ આરોપીઓ પાંચ ગણા ઊંચા ભાવે ટિકિટો વેચી રહ્યા હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. આ કાર્યવાહીમાં પોલીસે કુલ ૧૭ ટિકિટો કબજે કરી છે, જેનાથી કાળાબજારિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મેચના ગણતરીના કલાકો બાકી હોય ત્યારે ટિકિટોની માંગ આસમાને હોય છે. આ સ્થિતિમાં કાળાબજાર રોકવા માટે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમો વિવિધ વિસ્તારોમાં સિવિલ ડ્રેસમાં વોચ ગોઠવી રહી હતી. પોલીસને બાતમી મળી હતી કે ફતેપુરા ભાંડવાડાના નાકે કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે ટિકિટોનું વેચાણ કરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને બે શખ્સોને આંતર્યા હતા. તેમની પાસેથી મેળવેલી ટિકિટોની કોઈ જ કાયદેસરની રસીદ કે અધિકૃતતા ન હોવાથી પોલીસે તાત્કાલિક



ધરપકડ કરી હતી.

### ઝડપાયેલા આરોપીઓની વિગતો

પોલીસ કસ્ટડીમાં લેવામાં આવેલા શખ્સોમાં કેતન શાંતિલાલ પટેલ (રહે. નાની કાછિયાવાડ, છાણી) અને હિતેશ મૂળશંકર જોશી (રહે. શ્રીધર સોસાયટી, નિઝામપુરા) નો સમાવેશ થાય છે. આ બંને શખ્સો લાંબા સમયથી ક્રિકેટ રસિકોનો સંપર્ક કરીને તેમને ગુપ્ત રીતે ટિકિટો પૂરી પાડવાની લાલચ આપતા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ બંને શખ્સો વ્યાવસાયિક રીતે ટિકિટોના કાળાબજાર સાથે સંકળાયેલા હોવાની શંકા છે.

આ શખ્સો ટિકિટની મૂળ કિંમત કરતા અનેકગણા વધુ પૈસા વસૂલતા હતા. મીડિયા અહેવાલ મુજબ, જે ટિકિટની કિંમત સામાન્ય હોય તેના બદલે તેઓ ગ્રાહકો પાસેથી ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ રૂપિયા સુધીની માંગણી કરતા હતા.

### તપાસનો ધમધમાટ તેજ

વડોદરા પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ શખ્સો પાસે આટલી મોટી સંખ્યામાં ટિકિટો ક્યાંથી આવી? શું આમાં કોઈ મોટા રેકેટની સંડોવણી છે? અથવા કોઈ ઓનલાઈન પોર્ટલ દ્વારા બલ્ક બુકિંગ કરવામાં આવ્યું હતું? આ પ્રશ્નોના જવાબ મેળવવા પોલીસ રિમાન્ડની પ્રક્રિયા હાથ ધરી રહી છે. પોલીસ કમિશનરે પણ સ્પષ્ટ કર્યું છે કે મેચ દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ચલાવી લેવામાં આવશે નહીં. કાળાબજારમાં ટિકિટ ખરીદનાર અને વેચનાર બંને સામે કડક કાયદેસરની કાર્યવાહીની ચીમકી આપવામાં આવી છે.

## સાગર દેવળિયા છેતરપિંડી કેસમાં પોલીસ ફરિયાદ

# ATMમાં રૂપિયા ભરતા કર્મચારીએ 20 દિવસમાં જ 10 લાખ સેરવ્યા

(એજન્સી) રાજકોટ । તા. 11

શહેરની એટીએમ (ATM) કેશ મેનેજમેન્ટ કરતી કંપની 'સીએમએસ ઈન્ફો સિસ્ટમ'માં એક ચોંકાવનારી ઉચાપતની ઘટના સામે આવી છે. કંપનીમાં કસ્ટોડિયલ તરીકે માત્ર ૨૦ દિવસ પહેલા જ નોકરીએ લાગેલા મૂળ વેરાવળના સાગર પરસોત્તમભાઈ દેવળિયાએ વિશ્વાસઘાત કરી ૧૦ લાખની રકમ બારોબાર સેરવી લીધી છે. એટીએમમાં કેશ લોડ કર્યા બાદ બાકી વધેલી રકમ કંપનીમાં ઓછી જમા કરાવીને આ છેતરપિંડી આચરવામાં આવી હતી. ગાંધીગ્રામ પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

ચતુરાઈપૂર્વક આચરેલી ઉચાપતની વિગત અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, કંપનીના મેનેજર ગોપાલસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, સાગર દેવળિયા ૧૧,૫૦૦ ના માસિક પગારથી નોકરીમાં જોડાયો હતો. ૨ જાન્યુઆરીના રોજ એસબીઆઈ (SBI) ની મુખ્ય બ્રાન્ચમાંથી મળેલી ૪ કરોડની રોકડમાંથી ૧.૩૦ કરોડ લોડ



કરવા માટે સાગર અને અન્ય કર્મચારીઓ નીકળ્યા હતા. ૧૪ એટીએમમાં રૂપિયા ભર્યા બાદ નિયમ મુજબ ૧.૦૧ કરોડ બાકી વધતા હતા, પરંતુ સાગરે સિફતપૂર્વક માત્ર ૯૧ લાખ જ જમા કરાવ્યા હતા. બીજા દિવસે ગણતરીમાં ભાંડો ફૂટ્યો જાણો સમગ્ર ઘટનાક્રમ, સાગરે ૧૦ લાખ પોતાની પાસે રાખી લીધા હતા અને ઓફિસમાં ઓછી રકમ જમા કરાવી હતી. જોકે, ૩ જાન્યુઆરીના રોજ જ્યારે કંપનીની ઓફિસમાં રકમની ફાઈનલ ગણતરી કરવામાં આવી ત્યારે ૧૦ લાખની મોટી ઘટ જોવા મળી હતી.

## જેતપુર પાલિકાની નિષ્ક્રિયતા સામે જનરોષ

# જેતપુરમાં રખડતા શ્વાનનો આતંક: 2 વર્ષની માસૂમ બાળકીને બચકા ભર્યાં

(એજન્સી) જેતપુર । તા. 11

રાજકોટ જિલ્લાના જેતપુર શહેરમાં રખડતા શ્વાનોનો ત્રાસ હવે જીવલેણ બની રહ્યો છે. શહેરની આસોપાલવ સોસાયટીમાં ઘર પાસે રમી રહેલી ૨ વર્ષની માસૂમ બાળકી 'ત્રિવા' પર રખડતા શ્વાને અચાનક હુમલો કરી તેને લોહીલુહાણ કરી દીધી હતી. શ્વાને બાળકીના હાથમાં ગંભીર બચકા ભરતા તેને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તેને ૬ ટાંકા લેવા પડ્યા છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થતા સમગ્ર શહેરમાં ફફડાટ અને પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

૩ મહિનામાં ૧૨૫૦ કેસ અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, જેતપુરમાં રખડતા શ્વાનોનો આતંક કેટલો ભયાનક છે તેનો અંદાજ સરકારી આંકડા પરથી લગાવી શકાય છે. છેલ્લા માત્ર ત્રણ મહિનામાં જ શહેરમાં ૧૨૫૦ જેટલા નાગરિકો શ્વાન કરડવાનો શિકાર બન્યા છે. આમ છતાં, જેતપુર નગરપાલિકા દ્વારા આ દિશામાં કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા



નથી. બાળકો હવે શેરીમાં રમતા પણ ડરી રહ્યા છે, જે વાલીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે.

પાલિકાની નિષ્ક્રિયતા અને જનતાની માંગ જાણો સમગ્ર ઘટનાક્રમ, આજે બાળકી પર થયેલા હુમલા ઉપરાંત અન્ય એક નાગરિકને પણ શ્વાન કરડી જવાની ઘટના સામે આવી છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં પાલિકા દ્વારા શ્વાનોના વ્યંધીકરણ માટે કોઈ ઝુંબેશ ચલાવવામાં આવતી નથી. લોકો હવે માંગ કરી રહ્યા છે કે હિંસક કૂતરાઓને પકડીને શહેરની બહાર ખસેડવામાં આવે અને કાયમી ઉકેલ લાવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
થોડી મોજ-મજા માટે ઓફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**
તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો. જીવન સાથીની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થઈ શકે છે પરંતુ આ વાતને લઈને ચિંતિત થવાની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવામાં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે.

**મિથુન : ક. છ. ઘ.**
સ્વાસ્થ્યની સંભાળ લો અને પરિસ્થિતિને થાળે પાડો. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**કર્ક : ડ. હ.**
તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પર સ્મિત લાવી શકે છે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**સિંહ : મ. ટ.**
તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે.

**કન્યા : પ. ઠ. ણ.**
માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થઈ શકો છો.

**તુલા : ર. ત.**
શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**વૃશ્ચિક : ન. ય.**
તમારું મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે-તમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. કેટલાક માટે નવો રોમાન્સ ચોક્કસ જણાય છે.

**મકર : ખ. જ.**
તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારી ઉદાર જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**મીન : દ. ચ. ઝ. થ.**
પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂં કરી રહ્યા છો. આઉટસ્ટેશન પ્રવાસ આરામદાયક નહીં હોય-પણ તે તમને મહત્વના સંપર્કો બનાવવામાં મદદરૂપ થશે. આજે જીવન અદ્દભુત બની જશે કેમ કે તમારા જીવનસાથીએ તમારી માટે કશુંક ખાસ આયોજન કર્યું છે.

### આંબા ડુંગરન અને નસવાડીના હાઈડ્રો પ્રોજેક્ટમાં અનેક ગામોની જમીન સંપાદિત થવાની છે જનઆક્રોશ

# કવાંટમાં ચૈતર વસાવાની આગેવાનીમાં યોજાયેલ 'પરિવર્તન સભા'માં હજારોની જનમેદની ઉમટી

■ ભાજપના નેતાઓ મુદ્દા પરથી ધ્યાન ભટકાવવા મારા વિરુદ્ધ ખોટા આક્ષેપો કરે છે : ચૈતર વસાવા

■ આંબા ડુંગર-નસવાડીના પ્રોજેક્ટ મુદ્દે ભાજપના નેતાઓ પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા છે : ચૈતર વસાવા

■ મનરેગામાં કૌભાંડ કેમ થયું? કેમ નળમાંથી પાણી નથી આવતું? નકલી કચેરીઓ કેમ પકડાઈ રહી છે?

(એજન્સી) છોટાઉદેપુર/ભરૂચ/નર્મદા તા.11

છોટાઉદેપુર જિલ્લાના કવાંટમાં આજે આમ આદમી પાર્ટીની એક ભવ્ય પરિવર્તન સભા યોજાઈ હતી. આ પરિવર્તન સભામાં આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ, સ્થાનિક આગેવાનો સહિત હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. જનતાએ છોટાઉદેપુરમાં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે પરિવર્તનના સંકેત આપી દીધા હોય એવું સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે. આ કાર્યક્રમ બાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આજે કવાંટમાં આમ આદમી પાર્ટીની પરિવર્તન સભામાં સ્વયંભૂ હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે. તા. 8 જાન્યુઆરીના રોજ કેબિનેટ મંત્રી નરેશ પટેલ, પૂર્વ મંત્રી ગણપત વસાવા



અને પૂર્વ સાંસદ ગીતાબેન રાઠવા સહિત તમામ ધારાસભ્યોએ લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો કર્યા હતા, એમણે કહ્યું હતું કે "કોઈ પ્રોજેક્ટની મંજૂરી આપવામાં આવી નથી." પરંતુ આંબા ડુંગરમાં જે જીએમડીસીનો પ્રોજેક્ટ છે, એમાં 28 ગામોની જમીન સંપાદિત કરવાનું ગેજેટ નોટિફિકેશન ભાજપ સરકારે જાહેર કર્યું હતું. ભાજપના નેતા નરેશ પટેલને હું પૂછવા માગું છું કે તમે ખોટી અને પાયા વિહોણી વાતો કરી રહ્યા છો, એ કેટલું વ્યાજબી છે? તમારી સરકારે એનટીપીસી સાથે હાઈડ્રો પ્રોજેક્ટ માટે જે MoU કર્યા છે, એમાં પણ 18 ગામ જાય છે અને તમે કહી રહ્યા છો કે એવા કોઈ પ્રોજેક્ટ મંજૂર નથી કરવામાં આવ્યા તો આ તમારી સરકારે MoU કેમ કર્યા અને એના સર્વે કેમ કરવામાં આવ્યા..? તો ભાજપના નેતાઓ આ રીતે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, આ મુદ્દાને લઈને લોકોમાં ખૂબ જ આક્રોશ છે અને જેના કારણે આજે હજારોની સંખ્યામાં લોકો આ પરિવર્તન સભામાં ઉપસ્થિત થયા હતા. અમે આ બધી જનતા સાથે છીએ અને વિધાનસભાના બજેટ સત્રમાં આ મુદ્દો ઉઠાવીશું. સરકાર આંબા ડુંગર અને નસવાડીનો હાઈડ્રો પ્રોજેક્ટ પણ રદ કરે એવી અમારી સ્પષ્ટ માંગણી છે. વિકાસના નામે હવે આદિવાસીઓની એક પણ ઈંચ જમીન આપવાના નથી. મનરેગામાં કૌભાંડ કેમ થયું? કેમ નળમાંથી પાણી નથી આવતું? નકલી કચેરીઓ કેમ પકડાઈ રહી છે? તુરખેડામાં આજ સુધી રોડ નથી બનતો, આંગણવાડીઓમાં ઓરડા નથી, સારી શાળાઓ નથી, એ મુદ્દા પર ભાજપના એક પણ નેતા બોલવા તૈયાર નથી. એ લોકો ફક્ત મારા પર આક્ષેપો કરે છે. હું તેમને કહેવા માંગીશ કે તમે પણ આદિવાસી સમાજ સાથે ઉભા રહો તો હું તમારા વખાણ કરીશ. આ ભાજપના નેતાઓ આદિવાસી સમાજના પ્રશ્નો મુદ્દે, પોસ્ટ મેટ્રિક્સ શિષ્યવૃત્તિ, જાતિના દાખલા, નર્મદાના પાણી માટે વિધાનસભામાં કેમ કંઈ બોલતા નથી? જનતા હવે જાગી ગઈ છે અને આમ આદમી પાર્ટી તમામ તાલુકા પંચાયત જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં એકલા હાથે લડશે અને પૂર્ણ બહુમતીથી અમે સત્તામાં આવીશું. તમામ જગ્યાએ સત્તામાં આવ્યા બાદ તમે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા દ્વારા ભાજપના આ રીતના જે પ્રોજેક્ટ આવી રહ્યા છે તેને રદ કરવાના ઠરાવો કરીશું.

મીડિયાના સવાલોના જવાબ આપતા ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, મહેશભાઈને હું એટલું જણાવીશ કે જો મેં કંઈ ખોટું કર્યું હોય તો કરો ફરિયાદ મારા પર, તેઓ ફક્ત પાયાવિહોણી વાતો કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ વિભાગના 100 કરોડ રૂપિયા વપરાયા છે એટલા 100 કરોડમાં તો ગાંધીનગરમાં અમારા આદિજાતિ સમાજના બાળકો માટે આલિશાન સંકુલ બની જતું અને ત્યાં ભણી ગણીને તૈયારી કરીને અમારા બાળકો પોલીસ બનતે, આઈપીએસ આઈએએસ બનતે. એની જગ્યાએ મોદી સાહેબ આવ્યા અને અઢી કલાકમાં 100 કરોડનો ધુમાડો કરીને જતા રહ્યા.

**કાગળ પર કંડારી**

## મોદીની શૌર્ય સભામાં ઓપરેશન સિંદૂરની શૌર્યતાને કલાત્મક રીતે ઉજાગર કરતી દીકરી જ્યોતિ સોલંકી

સોમનાથ | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અનન્ય ચાહક દીકરી કુ. જ્યોતિ સોલંકી સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આયોજિત શૌર્ય સભામાં પહોંચી હતી, તાલાલાના રાતીધાર ગામની આ દીકરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઓપરેશન સિંદૂરની સફળતા દર્શાવતું કલાત્મક સ્કેચ બનાવી, આ શૌર્યસભામાં ઉત્સાહભેર પ્રદર્શિત કર્યું હતું. ધોરણ- 10માં અભ્યાસ કરતી જ્યોતિએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નિ:સ્વાર્થ રીતે અને ભેદભાવ વગર રાષ્ટ્રની પ્રગતિ માટે સખત પરિશ્રમ કરી રહ્યા છે, વડાપ્રધાનશ્રીએ દેશને સુરક્ષિત રાખવા અને આંતકવાદથી બચાવવા માટે સફળતાપૂર્વક ઓપરેશન સિંદૂર ચલાવ્યું હતું, તેનાથી જ પ્રેરિત થઈને આ કલાત્મક સ્કેચ બનાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ સ્કેચમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ચિત્ર સાથે ભારતીય સેનાના શૌર્યરૂપ 'OPERATION SINDOOR ' કલાત્મક રીતે લખ્યું છે. સાથે જ તેની તારીખ પણ દર્શાવવામાં આવી છે.

## CM ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવીએ મહાત્મા મંદિરથી જૂના સચિવાલય સુધી મેટ્રોમાં મુસાફરી કરી

(એજન્સી) ગાંધીનગર | તા.11

ગુજરાતની જનતાને આધુનિક અને ઝડપી પરિવહન સુવિધા પૂરી પાડવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગર ખાતે મેટ્રો ટ્રેનના બીજા તબક્કાના રૂટ પર મેટ્રો ટ્રેનની મુસાફરી કરી હતી. મેટ્રોમાં મુસાફરી કરી રહેલા સામાન્ય નાગરિકો અને વિદ્યાર્થીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ સહજ સંવાદ સાધ્યો હતો અને મેટ્રો સેવા અંગેના તેમના પ્રતિભાવો જાણ્યા હતા.

**આધુનિક સુવિધાઓથી સજ્જ**

## ગાંધીનગરમાં 'વિશ્વ આંજણાધામ' નિર્માણનો ભૂમિ પૂજન સમારોહ સંપન્ન

ગાંધીનગર | 'શિક્ષણ' એ કોઈપણ સમાજના સર્વાંગીણ વિકાસનો મુખ્ય 'આધારસ્તંભ' છે.જેને સાકાર કરવા સમગ્ર આંજણા ચૌધરી સમાજના પ્રયત્નોથી ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં જમિયતપુરા ખાતે અંદાજે રૂ.300 કરોડથી વધુના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ ભવ્ય 'વિશ્વ આંજણાધામ' આકાર પામશે. જેના ભાગરૂપે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ BAPS શ્રી સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય



શ્રી જ્ઞાનવત્સલ સ્વામીજી, સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરીયા સહિત દાતાશ્રી તથા સમાજના આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં આજે વિશ્વ આંજણાધામનો ભવ્ય ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો હતો.

## ચાણસ્મા BRC ભવન ખાતે CWSN બાળકોનો સ્કૂલબેગ વિતરણ કાર્યક્રમ




આજરોજ ચાણસ્મા બી.આર.સી ભવન ખાતે CWSN બાળકોનો સ્કૂલબેગ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અસાઈ ઇન્ડિયા ગ્લાસ લિમિટેડ કંપની દ્વારા દિવ્યાંગ બાળકોને સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં અસાઈ ઇન્ડિયા ગ્લાસ લિમિટેડ કંપનીના હેડ સુધીરભાઈ વાસ્તવ હાજર રહ્યા. તેમજ અસાઈ ઇન્ડિયા ગ્લાસ લિમિટેડના સિનિયર કો ઓર્ડીનેટર હિરેનભાઈ મોઢવાડિયા તેમજ જિલ્લા આઈ.ઈ કોઓર્ડીનેટર મધુબેન જાદવ તેમજ બીઆરસી કોઓર્ડીનેટર પંકજભાઈ પટેલ હાજર રહ્યા ઉપરોક્ત મહેમાન ઓ દ્વારા બાળકોને સ્કૂલબેગ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા જેમાં 185 બાળકો અને વાલીઓ હાજર રહ્યા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.આર.સી. કો પંકજભાઈ પટેલ દ્વારા તેમજ આઈ.ઈ.ડી.સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે કંપની દ્વારા ચા નાસ્તો આપવામાં આવ્યો. (તસ્વીર અહેવાલ : નીતિન ઠાકર, ચાણસ્મા)

### અમદાવાદ મંડળ દ્વારા જનસામાન્ય માટે સુરક્ષા જાગૃતિ અભિયાન

## અમદાવાદ મંડળની અપીલ: ઉત્તરાયણ પર્વ સુરક્ષિત રીતે ઉજવો, હાઈ-વોલ્ટેજ ઓવરહેડ તારોથી દૂર રહો

(એજન્સી) અમદાવાદ તા.11

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના તમામ રેલખંડોમાં રેલવે લાઈન ઉપર 25,000 વોલ્ટ (25 કિલોવોલ્ટ)ના ઓવરહેડ ઇલેક્ટ્રિક (OHE) હાઈ-વોલ્ટેજ તાર સ્થાપિત છે. ઘણીવાર જોવા મળે છે કે પતંગ ઉડાવતી વખતે દોરી આ તારાઓમાં ફસાઈ જાય છે. કેટલીક દોરીમાં ધાતુના અંશ અથવા ભેજ હોવાના કારણે તેમાં વિદ્યુત પ્રવાહ વહેવા લાગે છે, જેના કારણે કરંટ નીચે સુધી પહોંચી શકે છે. આવી સ્થિતિ પતંગ ઉડાવનાર વ્યક્તિઓ, રેલવે ટ્રેકની નજીકથી પસાર થનારા નાગરિકો તથા ટ્રેક પર કાર્યરત રેલવે કર્મચારીઓ માટે પણ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. અમદાવાદ મંડળ દ્વારા જનસામાન્ય માટે સુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેના



અંતર્ગત રેલવે પાટા આસપાસ રહેતા નાગરિકોને કાઉન્સેલિંગ દ્વારા જરૂરી સાવચેતીઓ અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

પાટાથી દૂર રહો: સુરક્ષા અને કાયદાની દ્રષ્ટિએ રેલવે ટ્રેકની આસપાસ પતંગ ન ઉડાવો. હાઈ-વોલ્ટેજ તારને સ્પર્શ ન કરો: જો પતંગ અથવા દોરી ઓવરહેડ તારામાં ફસાઈ જાય તો તેને કાઢવા માટે કોઈપણ પ્રકારની છડી, લાકડી કે સાધનનો ઉપયોગ ન કરો. બાળકોની સુરક્ષા પર ખાસ ધ્યાન આપો: માતાપિતાએ ખાતરી કરવી જોઈએ કે બાળકો પતંગ પકડવાના લાલચમાં રેલવે ટ્રેક તરફ ન જાય. રેલવે કર્મચારીઓની સુરક્ષા: ઓવરહેડ તારામાં ફસાયેલી દોરી ટ્રેક પર કાર્યરત રેલવે કર્મચારીઓ માટે પણ ગંભીર જોખમ ઉભું કરે છે.

**બાયોમેડિકલ એપ્લિકેશન્સ માટે**

## ગાંધીનગર ખાતે PDEUમાં બાયોટેક્નોલોજી વિભાગ દ્વારા 2 દિવસીય વર્કશોપનું આગમન!



રૂપાલી દવે | ગાંધીનગર તા.11

પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU)ના બાયોટેક્નોલોજી વિભાગ દ્વારા 'બાયોમેડિકલ એપ્લિકેશન્સ માટે નેનોપાર્ટિકલ્સનું સંશ્લેષણ અને લક્ષણ વર્ણન' પર બે-દિવસીય વર્કશોપનું આગમન કરવામાં આવ્યું. આ વર્કશોપમાં દેશના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો અને પ્રોફેસરોએ ભાગ લ્યો હતો. પ્રથમ દિવસે, IIT ગાંધીનગરના ડૉ. ધીરજ ભાટિયાએ 3D-સ્ફેરોઈડ્સ અને DNA નેનોડિવસ પર ચર્ચા કરી. NFSU ગાંધીનગરના પ્રોફેસર બપ્પી પોલ અને BRIC-NIPGR દિલ્હીની ડૉ. અંજલિ પાંડેએ પણ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું. બીજા દિવસે, IIT ગાંધીનગરના ડૉ. રઘુ સોલંકીએ નેનોપાર્ટિકલ્સના આકાર અને સપાટી પર ચર્ચા કરી. PDEUના ડૉ. હીરલ સંઘવી અને ડૉ. પંકજ યાદવે નેનોપાર્ટિકલ્સના સંશ્લેષણ અને વિશ્લેષણનું તાલીમ આપ્યું. વર્કશોપનો સમાપન સર્ટિફિકેટ વિતરણ સાથે થયો. ભાગીદારોએ વિદ્યાર્થીઓના ઉત્સાહની પ્રશંસા કરી અને નેનોટેક્નોલોજીના મહત્વ પર ભાર મૂક્યો.

### સોમનાથના દક્ષા બહેન પરમાર PMની સભામાં જાતે તૈયાર કરેલા ખાસ ચિત્રો લઈને આવ્યા

સોમનાથ | સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત યોજાયેલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સભામાં જનસાગર ઉમટી પડ્યો હતો. સમગ્ર સભા સ્થળે ભક્તિ, ગૌરવ અને રાષ્ટ્રભાવનાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. આ પ્રસંગે સોમનાથની નિવાસી દક્ષાબહેન પરમાર ખાસ તૈયાર કરેલું ચિત્ર લઈને આવ્યા હતાં. તેમણે માતા હીરાબા અને વડાપ્રધાન શ્રીનો પેન્સિલ સ્કેચ અને અન્ય એક ચિત્ર તૈયાર કર્યું હતું. તેઓ આ ચિત્રો લઈ વડાપ્રધાનશ્રી પ્રત્યે લાગણી વ્યક્ત આવ્યા હતા. તેમણે ભાવુક શબ્દોમાં જણાવ્યું હતું કે, સોમનાથની પવિત્ર ભૂમિ પર જન્મ થયો તેનું ગૌરવ આજે બમણું થઈ ગયું છે.

## ભદ્રકાળી મંદિરમાં છુપાયેલો છે સુવર્ણકાળનો વારસો, મહારાજા કુમારપાળના ગુરુની અણમોલ પ્રશસ્તિ

(એજન્સી) પ્રભાસ પાટણ તા.11

પ્રભાસ પાટણની આ પવિત્ર ધરતી અનેક ઐતિહાસિક ધરોહરો અને સભ્યતાઓ સાચવીને બેઠી છે. આ ભૂમિ કેટલી પવિત્ર, સમૃદ્ધ અને સ્વર્ણિમ અતીત ધરાવે છે તેના વૈભવની અર્થીના તામ્રપત્રો, અભિલેખો, શિલાલેખો ગવાહી આપે છે. આજે પણ શૌર્ય ગાથાની ગર્વભેર રણગર્જના કરતા પાળિયાઓ આ ભૂમિના પરાક્રમની સાક્ષી પૂરે છે. પ્રભાસ પાટણ અને સોમનાથ દેવાલયના ઈતિહાસને ઉજાગર કરતા આભિલેખિક પુરાવા, પ્રમાણભૂત અવશેષો પ્રભાસ ક્ષેત્રમાં વિવિધ સ્થળોએ



આવેલા છે. સોમનાથ અને પ્રભાસ ક્ષેત્રના દેદીપ્યમાન અમર ઈતિહાસના પુરાવા આપતા શિલાલેખ અને તામ્રપત્ર પ્રભાસ પાટણ મ્યુઝિયમના હસ્તકસચવાયેલા છે. અનેક આક્રમણોથી ધ્વસ્ત મંદિરના અવશેષો શૌર્ય, શક્તિ અને સમર્પણના જીવંત પુરાવા રૂપે આજે પણ મ્યુઝિયમ ખાતે સચવાયેલા છે.

હાલ આ મ્યુઝિયમ પ્રભાસ પાટણમાં પૌરાણિક સૂર્યમંદિરમાં કાર્યરત છે. આ મ્યુઝિયમ હસ્તકનો આવો જ એક શિલાલેખ પ્રભાસ પાટણમાં મ્યુઝિયમની નજીક જૂના રામ મંદિરની બાજુમાં ભદ્રકાળી ફળિયામાં આવેલો છે. સોમપુરા બ્રાહ્મણ દીપકભાઈ દવેના નિવાસસ્થાને આ ઐતિહાસિક ધરોહર સચવાયેલી છે. તેમના આંગણામાં સ્થિત પૌરાણિક ભદ્રકાળી મંદિરની દિવાલ પર આ શિલાલેખ આજે પણ જડિત છે. પ્રભાસ પાટણ મ્યુઝિયમના ક્યુરેટરશ્રી તેજલ પરમારે વિગતો આપતા જણાવ્યું હતું કે, ઈ.સ. 1169માં કોતરાવેલ અને હાલ રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત આ શિલાલેખ અણહિલવાડ પાટણના મહારાજાધિરાજ કુમારપાળના ધર્મગુરુ પરમ પાશુપતાચાર્ય શ્રીમદ ભાવબૃહસ્પતિનો પ્રશસ્તિ લેખ છે.

### વૈદોને આયુર્વેદ પર અડગ વિશ્વાસ રાખવા, સતત સંશોધન કરવા રાજ્યપાલની અપીલ

## અડાલજ ખાતે આયુર્વેદ વ્યાસપીઠ દ્વારા ત્રિદિવસીય 'આયુર્વિવેક મહોત્સવ'નું આયોજન

(એજન્સી) ગાંધીનગર તા.11

અડાલજ સ્થિત દાદા નગર કન્વેશન સેન્ટર ખાતે આયુર્વેદ વ્યાસ પીઠ દ્વારા આયોજિત 'આયુર્વિવેક મહોત્સવ' માં રાજ્યપાલએ આયુર્વેદને અથર્વવેદનો ઉપવેદ ગણાવીને કહ્યું કે, ભારતીય ઋષિઓએ હજારો વર્ષ પૂર્વે જે ઔષધિઓ અને સિદ્ધાંતો આપ્યા છે, તે આજની આધુનિક પ્રયોગશાળાઓમાં પણ સ્વીકાર્ય છે. આપણા ઋષિઓ સાચા અર્થમાં પ્રથમ 'રિસર્ચ સ્કોલર' હતા. રાજ્યપાલએ આજની પેઢીમાં મોબાઈલની વધતી લત પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, આ લત આવનારી પેઢી માટે ગંભીર સમસ્યા બની રહી છે. ગાય અને પંચગવ્યના મહત્વ પર પ્રકાશ પાડતાં તેમણે જણાવ્યું કે, ગાયનું ઋગ્વેદમાં ઘણું મહત્વ દર્શાવવામાં આવ્યું છે.



ગાયમાં પોતાના સંતાન પ્રત્યે માનવ માતા જેવું મમત્વ હોય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, દેશી ભારતીય ગાયના દૂધ, ગોમૂત્ર અને ગોબરમાં અદ્દભુત ગુણધર્મો છે અને ગોમૂત્ર અને ઘીમાં ઝેરને પણ શુદ્ધ કરવાની ક્ષમતા છે. રાજ્યપાલએ જણાવ્યું કે, કુરુક્ષેત્ર સ્થિત ગુરુકુળમાં 450 ગાયો છે અને જાત સુધારાના પરિણામે કેટલીક ગાયો રોજ 40 લિટર દૂધ આપે છે.

## વેરાવળની 10 વર્ષની જીનલ જેઠવાએ ભારત માતા બની તિરંગો લહેરાવ્યો ; ભારત માતા કી જયના નારા લાગ્યા



(એજન્સી) પ્રભાસ પાટણ તા.11

સોમનાથ ખાતે આપણી આસ્થા, સંસ્કૃતિ અને વિરાસતને ઉજાગર કરતો સ્વાભિમાન પર્વ ઉજવાઈ રહ્યો છે. આ પર્વની ઉજવણી પ્રસંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સોમનાથ પધાર્યા છે. ત્યારે મુખ્ય કાર્યક્રમ સ્થળે તેમના આગમના પૂર્વે શિવભક્તિ સાથે દેશ ભક્તિનો માહોલ સર્જાયો હતો. વેરાવળ ખાતે ધોરણ 4 માં અભ્યાસ કરતી 10 વર્ષની નાની એવી બાળા જીનલ દેવેન્દ્રભાઈ જેઠવાએ ભારત માતા બની તિરંગો લહેરાવ્યો હતો.

દેશભક્તિ જોઈ આસપાસના લોકોએ પણ હર હર મહાદેવની સાથે ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા. આ વેળાએ સ્ટેજ પરથી કલાકારો એ પણ 'દિલ દિયા હે જાન ભી દેંગે' અને 'યે દેશ હે વીર જવાનો કા' જેવા ગીતોથી દેશ ભક્તિનું વાતાવરણ ઊભું કર્યું હતું.

### કચ્છમાં ઠંડીનું જોર વધતાં તાપણીનો સહારો લેતા લોકો









હાલમાં સમગ્ર કચ્છમાં છેલ્લા બે દિવસ થી ઠંડીનું 'જોર' વધ્યું છે. ઉત્તરના ઠંડા પવનોના કારણે 'ઠાર' માં વધારો જોવા મળી રહ્યો છે, અચાનક ઠંડી વધતા ઠેર ઠેર તાપણાંઓ શરૂ થઈ ગયા છે.ઠંડીના રક્ષણ માટે લોકો તાપણીનો સહારો લઈ રહ્યા છે એની સાથે ગરમ વસ્ત્રોની પણ માંગ વધી છે. (જગદીશ દવે| દેશલપર(ગુંતલી)

# સ્પેનથી પોલેન્ડ સુધીના દેશોમાં ભારતની નિકાસ તાકાત વધી

(એજન્સી) નવી દિલ્હી | તા 31

સ્પેન, જર્મની, બેલ્જિયમ અને પોલેન્ડ જેવા યુરોપિયન દેશો ભારત માટે મહત્વપૂર્ણ નિકાસ બજારો તરીકે ઉભરી રહ્યા છે. વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, સ્પેન, જર્મની, બેલ્જિયમ અને પોલેન્ડ હવે 27 દેશોના યુરોપિયન યુનિયન (EU) માં ભારતીય માલ માટે મજબૂત અને મહત્વપૂર્ણ નિકાસ બજારો બની ગયા છે. ડેટા દર્શાવે છે કે સ્પેન ભારતીય નિકાસ માટે યુરોપમાં સૌથી ઝડપથી વિકસતું બજાર છે. આ નાણાકીય વર્ષના એપ્રિલ-નવેમ્બર સમયગાળા દરમિયાન સ્પેનમાં ભારતની નિકાસ $3 બિલિયનથી $4.7 બિલિયન થઈ ગઈ છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં $3 બિલિયન હતી.




ભારતની કુલ નિકાસમાં સ્પેનનો હિસ્સો વધીને 2.4 ટકા થયો છે, જે 0.5 ટકાનો વધારો છે, જે આ સમયગાળા દરમિયાન યુરોપિયન દેશોમાં સૌથી વધુ છે. તેવી જ રીતે, આ નાણાકીય વર્ષના પ્રથમ આઠ મહિનામાં (એપ્રિલ-નવેમ્બર) જર્મનીમાં ભારતની નિકાસ $6.8 બિલિયનથી 9.3 ટકા વધીને $7.5 બિલિયન થઈ છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, જર્મની ભારતીય ઉત્પાદનોની સ્થિર માંગ જાળવી રાખે છે, જે ભારતની કુલ નિકાસમાં 2.6 ટકા હિસ્સો ધરાવે છે અને 0.2 ટકાનો વધારો દર્શાવે છે.

## ભારતની નિકાસ વ્યૂહરચના સંતુલિત

આ બધા વલણો સ્પષ્ટપણે દર્શાવે છે કે યુરોપમાં ભારતની નિકાસ વ્યૂહરચના સંતુલિત છે. સ્પેનમાં ઝડપી વૃદ્ધિ, જર્મનીમાં સતત વિસ્તરણ અને બેલ્જિયમમાં મજબૂતાઈ દર્શાવે છે કે ભારત પરંપરાગત બજારોથી આગળ વધી રહ્યું છે અને નવા બજારોમાં તેની હાજરી મજબૂત કરી રહ્યું છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મુક્ત વેપાર કરાર (FTA) માટે વાટાઘાટો ચાલી રહી છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ છતાં બંને દેશો વચ્ચે વેપાર નોંધપાત્ર રીતે વધવાની અપેક્ષા છે.

## યુરોપ સૌથી મોટો વેપારી ભાગીદાર છે.

૨૦૨૪-૨૫માં, ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે માલસામાનનો દ્વિપક્ષીય વેપાર $૧૩૬.૫૩ બિલિયન હતો. આમાંથી, ભારતની નિકાસ $૭૫.૮૫ બિલિયન અને આયાત $૬૦.૬૮ બિલિયન હતી. આનાથી EU ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર બને છે. EU બજાર ભારતની કુલ નિકાસમાં આશરે ૧૭ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે EUની કુલ વિદેશી નિકાસમાં ભારતનો હિસ્સો ૯ ટકા છે. જો ભારત-EU મુક્ત વેપાર કરાર લાગુ કરવામાં આવે, તો ભારતીય માલ જેમ કે રેડીમેડ ગાર્મેન્ટ્સ, ફાર્માસ્યુટિકલ્સ, સ્ટીલ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને ઈલેક્ટ્રિકલ મશીનરી EU બજારમાં વધુ સ્પર્ધાત્મક બની શકે છે.

# રિલાયન્સ અને HDFC પાછળ રહી ગયા... ICICI બેંકે પાંચ દિવસમાં ઈન્વેસ્ટરોને ખુશ કર્યા

(એજન્સી) મુંબઇ | છેલ્લું અઠવાડિયું ભારતીય શેરબજાર માટે વિનાશક સાબિત થયું. ગયા અઠવાડિયે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો 30 શેરનો સેન્સેક્સ 2,185.77 પોઈન્ટ અથવા 2.54% ઘટ્યો. દરમિયાન, દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી સાત કંપનીઓએ બજાર મૂલ્યની દ્રષ્ટિએ માત્ર પાંચ ટ્રેડિંગ દિવસોમાં 3.63 લાખ કરોડનું નુકસાન કર્યું. જોકે, અસ્થિર શેરબજારમાં પણ, ICICI બેંક, SBI અને હિન્દુસ્તાન યુનિલિવરે તેમના રોકાણકારોને નોંધપાત્ર નફો પહોંચાડ્યો.




## મુકેશ અંબાણીની કંપનીને મોટો ફટકો

ગયા સપ્તાહના શેરબજારના ઘટાડા વચ્ચે, ભારતના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને સૌથી મોટો ફટકો પડ્યો. રિલાયન્સનું માર્કેટ કેપ 1.58 લાખ કરોડ ઘટીને 19.96 લાખ કરોડ થયું. વધુમાં, HDFC બેંકનું માર્કેટ કેપ માત્ર પાંચ દિવસમાં 96,153.61 કરોડનું નુકસાન થયું, જે 14.44 લાખ કરોડ થયું. અન્ય કંપનીઓને થયેલા નુકસાન પર એક નજર...

## વિભાજિત બજારમાં નોંધપાત્ર લાભ

શેરબજારમાં ઘટાડા વચ્ચે આ સાત કંપનીઓએ રોકાણકારોના મહેનતથી કમાયેલા પૈસા ગુમાવ્યા હતા, જ્યારે ત્રણ કંપનીઓએ મજબૂત લાભ મેળવ્યો હતો. ખાનગી ક્ષેત્રની બેંક ICICI બેંક યાદીમાં ટોચ પર રહી હતી, તેનું માર્કેટ કેપ તોફાની બજારમાં પણ 10,03,674.95 કરોડ થયું હતું, રોકાણકારોએ માત્ર પાંચ ટ્રેડિંગ દિવસોમાં 34,901.81 કરોડનું રોકાણ કર્યું હતું.

## News Brief

### અઠવાડિયામાં ચાંદી ₹15,686 મોંઘી, સોનું ₹3,114 ઉછળ્યું




(એજન્સી) મુંબઇ | તા.11

સપ્તાહ દરમિયાન જ્યાં એક તરફ ચાંદીમાં મોટો કડાકો બોલ્યો, તો બીજી તરફ તેમાં તોફાની તેજી પણ જોવા મળી. જોકે, સપ્તાહના અંતે બંને કિંમતી ધાતુઓ વધારા સાથે બંધ રહી હતી. જો તમે સોના-ચાંદીમાં રોકાણ કરવાની કે ખરીદી કરવાની યોજના બનાવી રહ્યા છો, તો ગત સપ્તાહના ફેરફારો પર નજર નાખવી જરૂરી છે.

### ઉતાર-ચઢાવ છતાં ચાંદીમાં ₹15,686નો ઉછાળો

સૌથી પહેલા ચાંદીના ભાવમાં આવેલા ફેરફારની વાત કરીએ તો, ગત સપ્તાહમાં તેમાં ભારે ઉથલપાથલ જોવા મળી. 2 જાન્યુઆરીએ, MCX પર 5 માર્ચ વાયદાની ચાંદીનો ભાવ 2,36,316 પ્રતિ કિલોગ્રામ હતો. સપ્તાહના પાંચ કારોબારી દિવસો દરમિયાન, ભાવ ઉછળીને 2,59,692 સુધી પહોંચ્યો હતો. જોકે, સપ્તાહના અંતિમ દિવસે (શુક્રવારે) ભાવમાં ઘટાડો થયો અને તે 723ના ઘટાડા સાથે 2,52,002 પ્રતિ કિલો પર બંધ રહ્યો. આમ, ભારે ઉતાર-ચઢાવ છતાં, સપ્તાહ દરમિયાન ચાંદીના ભાવમાં 15,686 પ્રતિ કિલોગ્રામનો મોટો વધારો નોંધાયો. ચાંદીના ઓલ-ટાઈમ હાઈ લેવલ (2,59,692)ની સરખામણીમાં, તે હજુ પણ 7,690 પ્રતિ કિલોગ્રામ સસ્તી મળી રહી છે.

# હવે સમુદ્રના રસ્તેથી વીજળી મળશે

## ભારત, સાઉદી અરેબિયા અને UAE દ્વારા બનાવેલ આ 'માસ્ટરપ્લાન' ઊર્જાની દુનિયાને બદલી નાખશે!




(એજન્સી) નવી દિલ્હી ઑ કલ્પના કરો કે તમારા ઘરમાં એક લાઈટ બલ્બ છે જે હજારો કિલોમીટર દૂર સાઉદી અરેબિયા અથવા દુબઈના રણમાં ઉત્પન્ન થતી વીજળીથી પ્રકાશિત થાય છે. આ દ્રષ્ટિ હવે વાસ્તવિકતા બનવાના માર્ગે છે. ભારત સરકાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) ના સહયોગથી, સમુદ્રની અંદર પાવર કેબલ નાખવાની તૈયારી કરી રહી છે. આ પ્રોજેક્ટ માત્ર ભારતની ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવશે નહીં પરંતુ વિશ્વની સૌથી મોટી ક્રોસ-બોર્ડર એનર્જી એક્સચેન્જ સિસ્ટમ પણ બની શકે છે.

### સમુદ્રની નીચે 'વીજળી હાઇવે' નાખવામાં આવશે

મીડિયા અહેવાલો અનુસાર, સરકાર ટૂંક સમયમાં આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે ટેન્ડર બહાર પાડવા જઈ રહી છે. યોજના હેઠળ, અરબી સમુદ્રની નીચે હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ (HVDC) કેબલનું નેટવર્ક નાખવામાં આવશે. આ ટેકનોલોજી નોંધપાત્ર નુકસાન વિના લાંબા અંતર સુધી વીજળી ટ્રાન્સમિટ કરવામાં સક્ષમ છે. આ પ્રોજેક્ટની સૌથી નોંધપાત્ર વિશેષતા એ છે કે તે એક-માર્ગી આયાત નહીં હોય. આ બે-માર્ગી ટ્રાફિકની જેમ કાર્ય કરશે. એટલે કે, જરૂર પડ્યે ભારત આ ખાડી દેશોમાંથી વીજળી મેળવશે, અને જ્યારે આપણી પાસે વધારાની વીજળી હશે ત્યારે તેમને તે પૂરી પાડશે. આ ગ્રીડ ઇન્ટરકનેક્શન કટોકટીના સમયમાં બંને પક્ષો માટે મુખ્ય સહાયક તરીકે કામ કરશે.

**સૌર ઉર્જા ભાગીદારી :** ભારત તેની ઉર્જા જરૂરિયાતો, ખાસ કરીને કાચા તેલ માટે સાઉદી અરેબિયા અને યુએઈ પર આધાર રાખે છે. પરંતુ આ સંબંધ બદલાઈ રહ્યો છે. આ તેલ સમૃદ્ધ દેશો હવે સ્વીકારે છે કે ભવિષ્ય અશ્મિભૂત ઇંધણનું નહીં, પરંતુ સ્વચ્છ ઉર્જાનું છે. સાઉદી અરેબિયા, તેના વિઝન 2030 હેઠળ, અને યુએઈ, તેના નેટ ઝીરો 2050 ધ્યેય હેઠળ, પોતાને જવાબદાર ગ્રીન એનર્જી ઉત્પાદકો તરીકે સ્થાપિત કરવા માંગે છે. સૌર અને પવન ઉર્જા ટેકનોલોજીમાં ઝડપથી આગળ વધી રહેલ ભારત, આ પ્રયાસમાં મુખ્ય ભાગીદાર બનશે. ભારત આ દેશોને માત્ર વીજળી જ નહીં પરંતુ તેની ટેકનોલોજી અને માનવશક્તિ સાથે તેમના માળખાગત બાંધકામમાં પણ મદદ કરશે.

### આટલા દૂરથી વીજળી કેમ લાવવામાં આવી રહી છે?

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આટલા દૂરથી વીજળી લાવવાનો શું ફાયદો? જવાબ સમયમાં રહેલો છે. ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે લગભગ ત્રણ કલાકનો સમય તફાવત છે. જ્યારે ભારતમાં સાંજ હોય છે અને સૌર ઉર્જા ઉત્પાદન બંધ થાય છે, ત્યારે પણ સાઉદી અરેબિયામાં સૂર્ય ચમકતો હોય છે. આ નવા કરાર હેઠળ, ભારત સાંજ દરમિયાન તેની વીજળીની માંગને પહોંચી વળવા માટે વાસ્તવિક સમયમાં સાઉદી અરેબિયાથી સૌર ઉર્જા આયાત કરી શકશે. તેનાથી વિપરીત, જ્યારે ભારતમાં દિવસ હોય છે અને આપણું સૌર ઉર્જા ઉત્પાદન તેની ટોચ પર હોય છે, ત્યારે આપણે આપણી વધારાની વીજળી સાઉદી અરેબિયા અને યુએઈને મોકલી શકીશું. આ સહયોગ માત્ર વીજળીના દર ઘટાડી શકશે નહીં પરંતુ ગ્રીડને સ્થિર પણ કરી શકે છે.



### સમુદ્ર નીચે વીજ કેબલ નાખવામાં આવશે

તેના તેલ-આધારિત અર્થતંત્ર સાથે, સાઉદી અરેબિયા 'વિઝન 2030' હેઠળ અશ્મિભૂત ઇંધણથી દૂર થઈ રહ્યું છે અને નવીનીકરણીય ઉર્જા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ જોડાણ સાઉદી અરેબિયાને ભારતમાંથી સૌર અને અન્ય સ્વચ્છ ઉર્જા આયાત કરવાનો વિકલ્પ પૂરો પાડશે, જે તેના સ્થાનિક ગ્રીડને સ્થિર કરવામાં મદદ કરશે. સાઉદી અરેબિયા સરકાર વૈશ્વિક સ્તરે પોતાને એક જવાબદાર ઉર્જા ઉત્પાદક તરીકે સ્થાપિત કરવા માટે પ્રયત્નશીલ છે. તેવી જ રીતે, યુએઈએ 'નેટ ઝીરો 2050' નું લક્ષ્ય રાખ્યું છે. તે નવીનીકરણીય ઉર્જામાં ભારે રોકાણ કરી રહ્યું છે. જો કે, વધતા શહેરીકરણ અને ઔદ્યોગિક માંગને કારણે, 20230 પછી સ્વચ્છ ઉર્જાની જરૂરિયાત ઝડપથી વધવાની અપેક્ષા છે.

# AMA દ્વારા "એલોપેથી – આયુર્વેદ ચોકસાઇ અને શાણપણનો સમન્વય" વિષય પર ડૉ. ચાર્લ્સ એલ્ડર દ્વારા સંબોધિત એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરાયું




મુંબઈ : એલોપેથી ઈમરજન્સી સારવાર અને સ્ટ્રક્ચરલ મેડિસિનમાં શ્રેષ્ઠ છે, જ્યારે આયુર્વેદ ફંક્શનલ ડિસઓર્ડર (શારીરિક ક્રિયા સંબંધી વિકૃતિઓ) સુધારવામાં અજોડ છે. ચિકિત્સા પધ્ધતિઓના આ સમન્વયમાં તબીબી રૂઢિચુસ્તતાને બદલે દર્દીનું કલ્યાણ કેન્દ્રસ્થાને હોય છે. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન (એએમએ) દ્વારા "એલોપેથી - આયુર્વેદ: ચોકસાઈ અને શાણપણનો સમન્વય" વિષય પર એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન અમેરિકાના ઈન્ટિગ્રેટિવ મેડિસિન ક્ષેત્રના વૈશ્વિક અગ્રણી ડૉ. ચાર્લ્સ એલ્ડર (MD, MPH, FACP) દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું કે જેઓ ડૉ. એલ્ડર કૈઝર પરમેનેન્ટ નોર્થવેસ્ટ અને ઓરેગન હેલ્થ એન્ડ સાયન્સ યુનિવર્સિટી, યુએસએ ખાતે ઈન્ટિગ્રેટિવ મેડિસિન વિભાગના ચેર અને ફેલોશિપ પ્રોગ્રામના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કાર્યરત છે. ડૉ. ચાર્લ્સ એલ્ડરે જણાવ્યું હતું કે, "આરોગ્ય સંભાળનું ભવિષ્ય બંને ચિકિત્સા પધ્ધતિઓના શ્રેષ્ઠ સમન્વયમાં રહેલું છે. એલોપેથી આપણને અત્યાધુનિક નિદાન અને તાત્કાલિક સારવારની ચોકસાઈ આપે છે, જ્યારે આયુર્વેદ આપણને વ્યક્તિગત જીવનશૈલી, આહાર અને રોગના મૂળ કારણને અટકાવવાનું કાલજયી શાણપણ પ્રદાન કરે છે. આ બંને પ્રણાલીઓને એકીકૃત કરીને, આપણે માત્ર રોગની સારવાર જ નથી કરતા, પરંતુ વ્યક્તિને સ્વાસ્થ્ય અને સંતુલનની કુદરતી સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટે સક્ષમ બનાવીએ છીએ."

# ચિકન - 840... ચોખા - 320 રૂપિયા પ્રતિ કિલો! હતાશ પાકિસ્તાનમાં સતત 23મા અઠવાડિયામાં ફુગાવો વધ્યો

(એજન્સી) નવી દિલ્હી | IMF, વિશ્વ બેંક અને અસંખ્ય મિત્ર દેશોની સહાય છતાં પાકિસ્તાનનું આર્થિક સંકટ ઘટવાના કોઈ સંકેત દેખાતા નથી, જ્યારે દેશના સામાન્ય લોકોને ફુગાવાથી કોઈ રાહત મળી રહી નથી. અહેવાલો અનુસાર, ગરીબ પાકિસ્તાનમાં સાપ્તાહિક ફુગાવાનો દર (Pakistan Weekly Inflation Rate) સતત વધી રહ્યો છે, અને આ સતત 23મું સપ્તાહ છે જેમાં આટલો વધારો થયો છે. ચિકનથી લઈને ચોખા, ઘઉંથી લઈને ખાદ્ય તેલ સુધીની દરેક વસ્તુના ભાવમાં વધારો અટકવાના કોઈ સંકેત દેખાતો નથી. પાકિસ્તાની મીડિયા ડોનના તાજેતરના અહેવાલ મુજબ, 8 જાન્યુઆરીએ પૂરા થયેલા સપ્તાહમાં સેન્સિટિવ પ્રાઇસ ઈન્ડેક્સ (SPI) આધારિત ટૂંકા ગાળાના ફુગાવાનો દર વાર્ષિક ધોરણે 3.20% વધ્યો છે, જેનું મુખ્ય કારણ ઘઉંનો લોટ, ખાંડ, ચોખા, ચિકન અને અન્ય વસ્તુઓના છૂટક ભાવમાં વધારો છે. SPI આધારિત ફુગાવો છેલ્લા 23 અઠવાડિયાથી વધી રહ્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે ખાંડથી લઈને ચિકન સુધીની ચીજવસ્તુઓના છૂટક ભાવમાં થયેલા અસાધારણ વધારાએ પણ છેલ્લા કેટલાક અઠવાડિયામાં ફુગાવામાં વધારો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પાછલા અઠવાડિયાની તુલનામાં જે ચીજવસ્તુઓના ભાવમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે તેમાં ઘઉંનો લોટ (5.07%), ચિકન (2.86%), લસણ (2.44%), મરચાંનો પાવડર (1.01%), LPG (0.88%), ચા (0.73%), ખાંડ (0.58%), બ્રેડ (0.51%), બાસમતી ચોખા (0.41%), અને લાકડા (0.25%)નો સમાવેશ થાય છે.

# ગોલ્ડ-સિલ્વર ETFમાં રેકોર્ડ રોકાણ, AUM બમણી થઈને રૂ. 2 લાખ કરોડને પાર થઇ

મુંબઇ : સોના અને ચાંદીના એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)ની સંયુક્ત એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) ડિસેમ્બર ૨૦૨૫માં રૂ. ૨ લાખ કરોડને પાર થઈ ગઈ છે. રેકોર્ડ રોકાણો અને કિંમતી ધાતુના ભાવમાં સતત તેજીને કારણે માત્ર ચાર મહિનામાં જ એસેટ અન્ડર મેનેજમેન્ટ બમણી થઈ ગઈ છે.

એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા અનુસાર કેલેન્ડર વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં કુલ એયુએમ રૂ. ૫૭,૦૦૦ કરોડ હતી, જે સપ્ટેમ્બર સુધીમાં લગભગ બમણી થઈને રૂ. ૧ લાખ કરોડ થઈ અને હવે તો રૂ. ૨ લાખ કરોડના નવા શિખરને આંબી ગઈ છે.

બંને ઈટીએફમાં રેકોર્ડ રોકાણોને કારણે તેમના એયુએમમાં તીવ્ર વધારો થયો છે. અંદાજ મુજબ, ડિસેમ્બર ૨૦૨૫માં ગોલ્ડ ઈટીએફમાં આશરે રૂ. ૧૧,૭૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ આવ્યું હતુ, જે કેલેન્ડર મહિનામાં અત્યાર સુધીનો સૌથી વધુ છે. ચાંદીના ઈટીએફમાં રોકાણ પણ ગત મહિને બમણાથી વધુ વધીને રૂ. ૨૧૫૪ કરોડથી રૂ. ૪,૭૦૦ કરોડ થયું છે. ડિસેમ્બરના રોકાણ સાથે ૨૦૨૫ માટે ગોલ્ડ ઈટીએફમાં કુલ નેટ રોકાણ રૂ. ૪૩,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું. ચાંદીના ઈટીએફમાં વાર્ષિક રોકાણ રૂ. ૨૪,૨૦૦ કરોડ રહ્યું છે. ૨૦૨૫ના બીજા અર્ધવાર્ષિકમાં ગોલ્ડ ઈટીએફમાં નેટ ઈન્વેસ્ટમેન્ટ તમામ મ્યુચ્યુઅલ ફંડ કેટેગરીઓમાં બીજા ક્રમે રહેવાની ધારણા છે, જે ફ્લેક્સી-કેપ ફંડ પછી બીજા ક્રમે છે.

# ઈરાનમાં અશાંતિ ફેલાવાથી ભારતને મોટું નુકસાન, જાણો કઈ-કઈ વસ્તુઓની થાય છે આયાત?

(એજન્સી) નવી દિલ્હી | તા.11

ઈરાનમાં આર્થિક સંકટને પગલે શરૂ થયેલું આંદોલન હવે હિંસક અને ઉગ્ર બની રહ્યું છે. ડિસેમ્બર 2025થી શરૂ થયેલા આ દેખાવોને કારણે ઈરાન અત્યારે રાજકીય અને આર્થિક અસ્થિરતાના ઉંબરે આવીને ઊભું છે. ઈરાનની આ કટોકટી ભારત માટે માત્ર ભૌગોલિક ચિંતા નથી, પરંતુ આર્થિક અને વ્યુહાત્મક રીતે પણ મોટું નુકસાન પહોંચાડી શકે તેમ છે.

ઈરાનમાં ફુગાવો, બેરોજગારી અને ચલણના ઘટતા મૂલ્ય સામે જનતા રસ્તા પર ઉતરી આવી છે. અત્યાર સુધીમાં સત્તાવાર રીતે 78થી વધુ લોકોના મોત થયા છે, જોકે બિનસત્તાવાર આંકડો ઘણો મોટો હોવાની આશંકા છે. સરકારે દેખાવોને દબાવવા માટે સાતમી જાન્યુઆરીથી દેશભરમાં ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ પર પ્રતિબંધ લાદી દીધો છે. તાજેતરના વર્ષોમાં ભારત ઈરાનના પાંચ સૌથી મોટા વેપારી ભાગીદારોમાંનો એક રહ્યો છે. ભારતમાંથી ઈરાનમાં નિકાસ થતી મુખ્ય ચીજોમાં ચોખા, ચા, ખાંડ, ફાર્માસ્યુટિકલ્સ, કૃત્રિમ ફાઈબર, ઈલેક્ટ્રિકલ મશીનરી અને આર્ટિફિશિયલ જ્વેલરીનો સમાવેશ થાય છે.

વધુમાં, ઈરાનમાંથી સૌથી મોટી આયાતમાં સૂકા મેવા, અકાર્બનિક/કાર્બનિક રસાયણો અને કાચના વાસણોની આયાત કરવામાં આવે છે.

# દારૂગોળો બનાવતી ડિફેન્સ કંપનીએ 1 વર્ષમાં 70% રિટર્ન આપ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.11

શેરબજારમાં ઘણી વાર તેમના મોટા પ્રોજેક્ટ્સ, મોટા ઓર્ડર્સ અથવા ભારે જાહેરાતો માટે હેડલાઈન્સ બનાવ્યા. જો કે, કેટલીક કંપનીઓ એવી પણ છે જે દેશના સૌથી સંવેદનશીલ મિશનને શાંતિથી સંભાળે છે. તેઓ બોમ્બનું ઉત્પાદન કે મિસાઈલ લોન્ચ કરતા નથી, છતાં તેમના વિના, સંરક્ષણ, અવકાશ અને પરમાણુ પ્રોજેક્ટ્સ આગળ વધી શકતા નથી. MTAR ટેક્નોલોજીસ એક એવી કંપની છે, જે છેલ્લા વર્ષમાં રોકાણકારોને લગભગ 70% વળતર આપીને ધ્યાન આકર્ષિત કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કંપનીની આવક આશરે 28% ના દરે વધી છે. એક મહિનામાં શેરના ભાવમાં પણ આશરે 16% નો વધારો થયો છે. MTAR ટેક્નોલોજીસના શેરે છેલ્લા એક વર્ષમાં રોકાણકારોને લગભગ 70% વળતર આપ્યું છે. ઓપરેટિંગ માર્જિન 15-20% ની વચ્ચે રહે છે, અને કંપનીનું દેવું ખૂબ ઓછું છે.



આ સંરક્ષણ કંપનીએ કોઈ પણ બોમ્બ કે દારૂગોળો બનાવ્યા વિના, એક વર્ષમાં 70% વળતર આપ્યું

### MTAR નો વાસ્તવિક વ્યવસાય શું છે?

MTAR એક ચોકસાઈ એન્જિનિયરિંગ કંપની છે. તે ISRO માટે ક્રાયોજેનિક ફ્યુઅલ સિસ્ટમ્સ, ડિફેન્સ પ્લેટફોર્મ માટે વિશિષ્ટ એક્ટ્યુએટર્સ, ન્યુક્લિયર પાવર કોર્પોરેશન માટે અત્યંત સંવેદનશીલ ભાગો અને બ્લૂમ એનર્જી જેવી વૈશ્વિક ગ્રીન એનર્જી કંપનીઓ માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા ઘટકોનું ઉત્પાદન કરે છે. આ પ્રોજેક્ટ્સનું લેન્ડિંગ કરવું સરળ નથી. વર્ષોના પરીક્ષણ, સખત ગુણવત્તા ચકાસણી અને લાંબા ગાળાના વિશ્વાસ મુખ્ય છે.

### સંરક્ષણ ક્ષેત્રમાં વધતો પ્રભાવ

પહેલાં, MTAR ની આવકનો નોંધપાત્ર હિસ્સો અવકાશ અને પરમાણુ પ્રોજેક્ટ્સમાંથી આવતો હતો. હવે, સંરક્ષણ ક્ષેત્રનો હિસ્સો ધીમે ધીમે વધી રહ્યો છે. આ પરિવર્તન એક મોટી જાહેરાત દ્વારા નહીં, પરંતુ નાના, લાંબા ગાળાના ઓર્ડરના સતત પ્રવાહ દ્વારા પ્રેરિત થયું છે. એકવાર સંરક્ષણ ક્ષેત્રમાં સપ્લાયર પસંદ થઈ જાય, પછી તેમને બદલવું મુશ્કેલ બની જાય છે. સમય જતાં, ઓર્ડર વધે છે અને સંબંધ મજબૂત બને છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ વદ-09

# દૂષિત પીવાનું પાણી

વિડંબના એ છે કે આપણા નાગરિક વહીવટીતંત્રની નિયમનકારી વ્યવસ્થા આગ લાગ્યા પછી કૂવો ખોદવાની માનસિકતાથી મુક્ત નથી. જો સમયસર એવી પરિસ્થિતિઓ અને સંજોગો પર ધ્યાન આપવામાં આવે જે ગંભીર અથવા તો જીવલેણ પણ સાબિત થઈ શકે છે, તો જાનમાલનું નુકસાન ટાળી શકાય છે. દૂષિત પીવાના પાણીને કારણે ઈન્દોરમાં તાજેતરમાં થયેલા જાનહાનિ પછી, રોહતક અને ઝજ્જરની ચેતવણીઓ, જ્યાં નાગરિકો ગંદા અને દુર્ગંધયુક્ત પાણી તેમના ઘરોમાં આવવાની ફરિયાદ કરી રહ્યા છે, તેને અવગણી શકાય નહીં. આ પરિસ્થિતિને ચોક્કસપણે જાહેર આરોગ્ય કટોકટી તરીકે ગણવી જોઈએ. નાગરિકોની ફરિયાદોની તપાસ કરવી જોઈએ અને તાત્કાલિક પગલાં લેવા જોઈએ. છતાં, જવાબદારી અને એક પછી એક વિભાગને દોષ આપવાની એ જ જૂની રીત વારંવાર ફરી સામે આવે છે. નોંધનીય છે કે તાજેતરમાં ઈન્દોરમાં બનેલી પીવાના પાણીની દુર્ઘટનામાં, મ્યુનિસિપાલિટી દ્વારા પૂરા પાડવામાં આવતા પાણીનું સેવન કર્યા પછી ઘણા લોકો મૃત્યુ પામ્યા હતા અને મોટી સંખ્યામાં લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વિડંબના એ છે કે ત્યાં પણ, નાગરિકોની પ્રારંભિક ચેતવણીઓને નિયમિત ફરિયાદો તરીકે ફગાવી દેવામાં આવી હતી. પરંતુ એક ડઝનથી વધુ લોકોના મૃત્યુ પછી, અધિકારીઓએ સ્વીકાર્યું કે ઈન્દોરમાં પીવાના પાણીની પાઈપલાઇનમાં ગટરનું પાણી લીક થયું હતું. આ કબૂલાત ત્યારે જ થઈ જ્યારે નોંધપાત્ર નુકસાન થઈ ચૂક્યું હતું. એવું લાગે છે કે રોહતક અને ઝજ્જર પણ આવા જ ભયનો સામનો કરી રહ્યા છે. હકીકતમાં, દેશના વિવિધ ભાગોમાં બનતી આવી ઘટનાઓ રહસ્યમય કે નવી નથી. ચિંતાજનક માળખાકીય સુવિધાઓ, ગટર લાઈનોમાં લીકેજ, બિનઆયોજિત શહેરી વિસ્તરણ અને નાગરિક એજન્સીઓ વચ્ચે જરૂરી સંકલનનો અભાવ ઘણીવાર એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે જ્યાં ગટર અને પીવાનું પાણી ખતરનાક રીતે એકબીજાની નજીક આવે છે. સમય સમય પર, દેશના વિવિધ ભાગોમાં સ્થાનિક નાગરિકો પીવાના પાણીમાં ગટરના દૂષણની શક્યતાનો આરોપ લગાવે છે. આવા કિસ્સાઓમાં, સરકારનો પહેલો પ્રતિભાવ પરિસ્થિતિની ચકાસણી કરવાનો, પાઈપલાઇનનું સમારકામ કરવાનો અને વૈકલ્પિક પીવાનું પાણી પૂરું પાડવાનો હોવો જોઈએ. જ્યારે નાગરિકોને આરોગ્ય સંકટનો સામનો કરવા અને તેમના અધિકારોનો દાવો કરવા માટે રસ્તાઓ પર ઉતરવાની ફરજ પાડવામાં આવે છે, ત્યારે તે સરકાર અને વહીવટની નિષ્ફળતાને પ્રતિબિંબિત કરે છે. વિડંબના એ છે કે, પાણીનું પ્રદૂષણ સમાજના સંવેદનશીલ વર્ગો, ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો પર સૌથી ખરાબ અસર કરે છે. નિઃશંકપણે, દૂષિત પાણી ઝડપથી ફેલાય છે, જે ઝાડા, હેપેટાઈટિસ અને અન્ય પાણીજન્ય રોગો જેવા રોગો ફેલાવે છે. આ ઘણીવાર અરાજકતા વચ્ચે સ્થાનિક આરોગ્યસંભાળ પ્રણાલીઓના પતન તરફ દોરી જાય છે. આવી પરિસ્થિતિઓમાં, સામાન્ય લોકો આ સિસ્ટમની નિષ્ક્રિયતાની કિંમત માત્ર અતિશય હોસ્પિટલ બિલોના સ્વરૂપમાં જ નહીં, પરંતુ જાનમાલના નુકસાન અને વહીવટમાં લોકોના વિશ્વાસમાં ઘટાડો થવાના સ્વરૂપમાં પણ ચૂકવે છે. દૂષિત પાઈપલાઈનો તાત્કાલિક બંધ કરવી જોઈએ. અસરગ્રસ્ત વિસ્તારમાં પાણીના સ્ત્રોતોનું વ્યાપક પરીક્ષણ કરવું જોઈએ. અસરગ્રસ્ત વિસ્તારમાં વ્યાપક પાણીના નમૂના લેવાના પરિણામો જાહેર કરવા પણ જરૂરી છે. વધુમાં, દૂષિત સિસ્ટમને સલામત પ્રમાણિત ન થાય ત્યાં સુધી સલામત વૈકલ્પિક પાણી પુરવઠો સુનિશ્ચિત કરવો જરૂરી છે. વધુ અગત્યનું, જવાબદારી નક્કી થવી જોઈએ, વહેંચણી નહીં. શહેરી શાસનની કાર્યક્ષમતા ખરેખર સ્વચ્છ પાણી, સ્વચ્છતા અને જાહેર સલામતી જેવા મૂળભૂત બાબતોના પ્રદર્શન દ્વારા માપવી જોઈએ. તેથી, ઈન્દોરની ઘટના એક ચેતવણી તરીકે સેવા આપે છે અને રોહતક અને ઝજ્જરના કિસ્સાઓમાં તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે.

### આ છેલ્લો મોકો છે, તો જાતિ, જ્ઞાતિ, ધર્મ ભૂલીને ભાજપને પરચો દેખાડો: ઈસુદાન ગઢવી

# ભાવનગરના નારી ગામે AAPની ભવ્ય "પરિવર્તન સભા" યોજાઈ

(એજન્સી) અમદાવાદ/ભાવનગર/ગુજરાત | તા.11

આમ આદમી પાર્ટી દ્વારા ભાવનગર જિલ્લાના નારી ગામ સામે મઢુલી ખાતે ભવ્ય "પરિવર્તન સભા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, પ્રદેશ કાર્યકારી પ્રમુખ રાજુભાઈ સોલંકી, સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી રાજુભાઈ બોરખતરીયા, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, પ્રદેશ ઉપાધ્યક્ષ ગિરધરભાઈ પડાયા, પ્રદેશ સેક્રેટરી મહિપાલસિંહ ઝાલા, પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી ખુમાનસિંહ ગોહિલ, લોકસભાની ઈન્ચાર્જ દીપકભાઈ પંડ્યા, બોટાદ જિલ્લા પ્રમુખ પરસોત્તમભાઈ રાઠોડ, ભાવનગર જિલ્લા પ્રમુખ હસમુખભાઈ દોમડીયા, શહેર પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, વિધાનસભા ઈન્ચાર્જ કમલેશભાઈ સોલંકી અને વિધાનસભા ઈન્ચાર્જ ભાવિનભાઈ જોષી સહિત સ્થાનિક પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને સ્થાનિક લોકોએ હાજરી આપી હતી. મોટી સંખ્યામાં સ્થાનિક લોકોની હાજરી જોઈને સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું કે ભાવનગર જિલ્લામાં પરિવર્તન આવી રહ્યું છે. પરિવર્તન સભા દ્વારા આમ આદમી પાર્ટીએ કરેલા શક્તિ પ્રદર્શનથી ભાવનગર જિલ્લામાં આવનારી સ્થાનિકસ્વરાજની ચૂંટણીમાં ચોંકાવનારા પરિણામો



આવે એવી પૂરી શક્યતા છે અને જેના કારણે ભાજપ અને કોંગ્રેસના નેતાઓના પેટમાં તેલ રેડાયું છે.

પરિવર્તન સભામાં પોતાના વક્તવ્ય દરમિયાન આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ કહ્યું કે, ભાવનગર મહાનગરપાલિકાનું હજારો કરોડોનું બજેટ છે પરંતુ તમારા બાળક માટે કશું જ નહીં હોય, સારી સ્કૂલ નહીં હોય, સારી હોસ્પિટલ નહીં હોય, હોસ્પિટલ હશે તો ડોક્ટર નહીં હોય. 2022ની ચૂંટણીના પ્રચાર દરમિયાન મેં કહ્યું હતું કે "જો આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો ખેડૂતોની, ગરીબોની અને વંચિતોની સરકાર બનશે અને તમારા બાળકોનું ભવિષ્ય સુધારશે પરંતુ જો ભાજપની સરકાર બનશે તો અમિત શાહ અને સી.આર. પાટીલના દીકરા મોટા માણસ બનશે, અને આ વાત આજે સાચી જ સાબિત થઈ રહી છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે, તો ઉદ્યોગપતિઓ માટે રેડ કાર્પેટ પાથરવાની જરૂર નથી, પરંતુ ખેડૂતો માટે પાથરવાની જરૂર છે. ખેડૂતો ડુંગળી વાવવા જાય ત્યારે 200 રૂપિયા કિલો વેચાતી હોય પરંતુ જ્યારે ડુંગળી તૈયાર થઈ જાય અને માર્કેટમાં લઈને જવામાં આવે ત્યારે તેનો ભાવ 2 રૂપિયા કિલો કરી નાખવામાં આવતો હોય છે.

આ લોકો પાસે હવે ફક્ત બે વર્ષની સરકાર છે, બે વર્ષ બાદ વ્યાજ સાથે વસૂલાત કરવામાં આવશે. અમારી સરકાર બન્યા બાદ ભાજપના બધા નેતાઓનું લિસ્ટ બનાવીશું, જેમની સંપત્તિ 50 કરોડથી વધારે હોય એ લોકોના ઘરે પોલીસ જશે અને કહેશે કે "સંપત્તિ દાન કરવી છે કે પછી જેલમાં જવું છે?" અમારી સરકાર દરમિયાન એકથી પાંચ તારીખની અંદર દરેક મહિલાને એક ફિક્સ રકમની સન્માન રાશિ મળી જશે. અમારી સરકારમાં તમારે ફક્ત મિસકોલ મારવાનો રહેશે અને સરકારી માણસ તમારા ઘરે આવીને તમારા કામ કરી રાખશે. અને હું આજે જ કહી દેવા માગું છું કે આમ આદમી પાર્ટીની 20 વર્ષ સુધી સરકાર ચાલે તો એને પણ બદલી નાખજો. સો વાતની એક વાત કે ભાજપનો પાપનો ઘડો ભરાઈ ગયો છે અને એ હવે જનતાએ ફોડવાનો છે.

### 12 ગામ પાટીદાર સમાજ, લાલજીદાસ ટ્રસ્ટનું કેન્સર મુક્ત અભિયાન

# ચાણસ્માની લાડકવાયી દીકરીઓને કેન્સર સામે મળ્યું સુરક્ષા કવચ

નીતિન ઠાકર | ચાણસ્મા તા.11



HVP સર્વાઈક્લ રસીનો 8થી 14 વર્ષની દિકરીઓને બીજો ડોઝ જ્યારે 14 થી 45 વર્ષની મહિલાઓને ત્રીજા ડોઝનું રસીકરણ કરાયું. મહિલાઓ યુવતીઓને જીવલેણ કેન્સરના રોગથી આરક્ષણ મળી રહે તે માટે મોટાભાગ સમાજો દ્વારા HVP સર્વાઈક્લ રસીકરણની ઝુંબેશથી સમાજ ઉત્કર્ષોના કામને પ્રાધાન્યતા આપવામાં આવે છે.

ચાણસ્મા ખાતે 12 ગામ પાટીદાર સમાજ ઉંઝા - ચાણસ્મા બાર ગામ યુવા સંગઠન ચાણસ્મા તથા લાલજી દાસ લક્ષ્મીદાસ સદાવ્રત ટ્રસ્ટના સહયોગથી સમાજની દિકરીઓ કેન્સરના જીવલેણથી આરક્ષણ મળે તે હેતુથી દિકરીઓને HVP સર્વાઈલ રસીકરણનો ડોઝ આપવાની ખાસ અભિયાન હાથ ધરાયું હતું.

8થી 14 વર્ષની તરૂણીઓને બીજો ડોઝ જ્યારે 14 થી 85 વર્ષની મહિલાઓને ત્રીજા ડોઝની રસી આપવામાં આવી હતી.

લાલજીદાસ લક્ષ્મીદાસ સદાવ્રત ટ્રસ્ટ દ્વારા રસીકરણમાં મહત્તમ સહયોગ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે લાલજીદાસ લક્ષ્મીદાસી સદાવ્રત ટ્રસ્ટના પદાધિકારીઓ 12 ગામ પાટીદાર યુવા સંગઠનના પદાધિકારીઓ મેડિકલ સ્ટાફ રસી લેનાર તરૂણીઓ મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### AAP ખેડૂત નેતા રાજુ કરપડા-પ્રવીણ રામ હજુ જેલમાં

# હડદડમાં ભાજપે લાઠીચાર્જ અને ખેડૂતોને માર મરાવડાવ્યો: ઈસુદાન

(એજન્સી) બોટાદ/સુરેન્દ્રનગર | તા.11

AAPના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક મહત્વપૂર્ણ મુદ્દા પર વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, 10 ઓક્ટોબરે આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા રાજુભાઈ કરપડા કડદા કાંડને બંધ કરાવવા માટે બોટાદ પહોંચ્યા હતા. રાજુભાઈ કરપડા અને પ્રવીણ રામને જેલમાં ગયે હવે ત્રણ મહિના થશે. મને યાદ છે કે તેઓ જ્યારે બોટાદ ગયા ત્યારે એક ઉમ્મીદ સાથે ગયા હતા. ભાજપવાળા APMCઓ પર કબજો કરીને અને પોતાના મળતીયાઓની સાથે મળીને ચારેબાજુથી ખેડૂતો પાસેથી લૂંટ ચલાવે છે, એ લૂંટ બંધ કરાવવા માટે તેઓ બોટાદ ગયા હતા. વધુમાં AAP નેતા ઈસુદાન



ગઢવીએ જણાવ્યું હતું કે, AAPના મજબૂત નેતા પ્રવીણ રામ પણ હડદડ ગામે પહોંચ્યા હતા અને ત્યારબાદની ઘટના તો આપ સૌએ જોઈ જ હશે કે ભાજપે લાઠીચાર્જ કરાવડાવ્યો, ખેડૂતોને માર મરાવડાવ્યો, ખેડૂતોને ઘરમાં ઘૂસીને માર મારવામાં આવ્યો અને પછી આખી ઘટનામાં "ઉલટા ચોર કોટવાલ કો ડાન્ટે" એ રીતે રાજુ કરપડા અને પ્રવીણ રામ સહિત 85 ખેડૂતોને જેલમાં નાખી દીધા. રાજુભાઈ અને પ્રવીણભાઈ આજની તારીખમાં પણ જેલમાં છે.

### ભારતીય સનાતન પરંપરામાં પાઘ સન્માન અને ગૌરવનું પ્રતીક

# સોમનાથ સ્વાભિમાન પર્વે PM નરેન્દ્ર મોદીએ સોમનાથ દાદાને વિશેષ મરાઠી પાઘ અર્પણ કરી

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.11

"સોમનાથ સ્વાભિમાન પર્વ"ના પાવન અવસરે શ્રી સોમનાથ મહાદેવને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિશેષ પાઘ અર્પણ કરવામાં આવી. આ પાઘ માત્ર એક ધાર્મિક અર્પણ નથી, પરંતુ ભારતીય સ્વાભિમાન, સાંસ્કૃતિક ગૌરવ અને સ્ત્રી શક્તિના ઉત્કૃષ્ટ સંકલ્પનું પ્રતિબિંબ છે. સોમનાથમાં શિવપૂજાની અખંડ પરંપરા જાળવવા માટે ભગીરથ પ્રયાસ કરનાર પુણ્ય શ્લોક મહારાણી અહલ્યાબાઈ હોલ્કરને સ્મરણાંજલિ સ્વરૂપે વિશેષ રીતે તૈયાર કરાયેલ મરાઠી પાઘ સોમનાથ મહાદેવને પૂજા કરીને અર્પણ કરવામાં આવી. મહારાણી અહલ્યાબાઈ હોલ્કર ભારતીય સ્ત્રી શક્તિ, ધૈર્ય અને સામર્થ્યનું શાશ્વત આદર્શ રહી છે–આ ભાવનાને ઉજાગર કરતી આ પાઘ શ્રી સોમનાથ ટ્રસ્ટ સાથે જોડાયેલ મહિલાઓ દ્વારા નિષ્ઠા અને



શ્રદ્ધાથી તૈયાર કરવામાં આવી છે. આ વિશેષ પાઘમાં 21 પીતાંબર તથા ચાંદીના આભૂષણોનો સુમેળભર્યો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભારતીય સનાતન પરંપરામાં પાઘ સન્માન અને ગૌરવનું પ્રતીક માનવામાં આવે છે. પંજાબની શીખ પાઘડી, મરાઠી અને ગુજરાતી પાઘડી, તેમજ મૈસુરની પેટા પાઘડી–આ તમામ ભારતીય સન્માન અને ઓળખના પ્રતિકો છે. ખ્યાતિ, ગૌરવ અને સન્માન દેવાધિદેવ સોમનાથ મહાદેવના ચરણોમાં અર્પણ કરીને દાદાને પોતાના સન્માનના રક્ષક બનાવે છે.

# રાજપીપળાના મુખ્ય માર્ગો, શાક માર્કેટ વિસ્તારમાં ઊભેલી લારીઓથી રાહદારીઓ પરેશાન

ભરત શાહ | નર્મદા તા. 11

રાજપીપળા શહેરમાં મુખ્ય માર્ગ અને શાકમાર્કેટ સહિતના વિસ્તાર માં આડેધડ ઊભેલી લારીઓ અને ગલ્લાના કારણે રાહદારીઓ ને પગપાળા જવું પણ મુશ્કેલ બન્યું છે. હાલ લાંબા સમય થી



રાજપીપળા માં ઊભી થયેલી સ્થિતિ જોઈએ તો જ્યાં જ્યાં નજર મારો ત્યાં આડેધડ લારી અને ગલ્લા જોવા મળે છે, તંત્ર ની કોઈજ રોકટોક વિના મનફાવે તેમ વેપારીઓ પોતાની લારીઓ અને ગલ્લા મૂકી દે છે સાથે સાથે ઉત્તરાયણ, રક્ષાબંધન, દશેરા જેવા તહેવારો માં ફૂટપાથ ઉપર માંડવા જેવું ઊભું કરી ત્યાં જે તે વસ્તુઓ નું વેચાણ કરાય છે તેના કારણે પગપાળા જતા લોકો ને તકલીફ ઉભી થાય છે, સાથે સાથે શહેર ના માર્ગો ખૂબ સાંકડા હોય અને ફૂટપાથ પણ લારી, ગલ્લા ના કારણે રોકાયેલી હોવાથી લોકો સાંકડા માર્ગ પર ચાલતા જતા અકસ્માત પણ થાય છે.

# જુનારાજુવાડીયામાં માતાની હત્યા કરી નાશી ગયેલ પુત્રને તાત્કાલિક આમલેથા પોલીસે ઝડપ્યો

ભરત શાહ | નર્મદા તા. 11

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જુનારાજુવાડીયા ગામમાં બનેલી હત્યાની ઘટના મા પુત્ર એ જ માતા ને નજીવી બાબતે મોત ને ઘાટ ઉતારતા ગામમાં




અરેરાટી ફેલાઈ હતી જેમા હત્યારો પુત્ર હત્યા કરી નાશી ગયો હોય આમલેથા પોલીસે ઝડપી લીધો હતો. જુનારાજુવાડીયા ગામમાં પુત્ર રણજીતભાઇ દિવાલભાઈ વસાવા તેની માતા મરનાર મીરાબેન તે શંકરભાઇ ફતેસીંગભાઇ વસાવા નવીનગરીએ પુત્ર ને કહ્યું કે તું કશુ કામ કરતો નથી તેમ વારંવાર બોલતા હોય અને ઝઘડો કરતી હોય જેથી માતા ને પોતાના ઘરે કોઇ હથિયાર કે સાધન વડે કપાળના ભાગે મારી દઇ સ્થળ ઉપર પુત્ર એ માતા નું મોત નિપજાવી નાશી ગયો હતો ત્યારબાદ આમલેથા પોલીસ સ્ટેશનના PI એન.આર.ગોહેલનાઓએ રણજીત વસાવાને ઝડપી પાડ્યો હતો.

### મહિલા સરપંચને અભદ્ર ગાળો, મારી નાખવાની ધમકી મળી

# નર્મદા : નાંદોદના રસેલા ગામમાં સરપંચને માર મારનાર બે સામે એટ્રોસિટી દાખલ

ભરત શાહ | નર્મદા તા. 11

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલા રસેલા ગામમાં નજીવી બાબતે ગામના મહિલા સરપંચ અને તેમના પતિ ને માર મારનાર સામે ગુનો દાખલ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર રસેલા ગામમાં બોરવેલ બનાવાની કામગીરી દરમિયાન મહિલા સરપંચ ત્યાં જોવા ગયા હતા. ત્યારે ત્યાં બોલાચાલી થતા ગામના (૧) દિવ્યરાજસિંહ જસવંતસિંહ રાણાએ મહિલા સરપંચ ભાવિકાબેનને ધક્કો મારી નખ મારી દઇ તથા કિરણસિંહ માધવસિંહ જાદવ નાઓ ત્યાં દોડી આવી ભાવિકાબેનને કહ્યું કે તને વધારે હોશિયારી છે તેમ કહી જાતી વિષયક અપ શબ્દો બોલી




મહિલા સરપંચ ને તેમના હાથમાં રહેલ લાકડી વડે જમણા હાથે કોણીના ભાગે તથા બરડાના ભાગે મારી નિચે પાડી દઇ ઢિકા પાટુના માર મારતા સરપંચ ના પતિ શૈલેષભાઇ ત્યાં દોડી આવતા તેમને પણ ઢીકા-પાટુંનો માર મારી ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતા રાજપીપળા પોલીસે એટ્રોસિટીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ચાણસ્મા ભારત વિકાસ પરીષદ દ્વારા બાઈક-એકિટવાને દોરી અવરોધક સેફ્ટી ગાર્ડ નખાયું

ભરત શાહ | નર્મદા તા. 11

ચાણસ્મા ખાતે ઉત્તરાયણ પર્વને ધ્યાને લઈ પતંગની દોરીથી બાઈક કે એકટીવા ચાલક ઈજાગ્રસ્ત ન બને તેની સાવચેતીના ભાગરૂપે



ભારત વિકાશ પરિષદ દ્વારા સરદાર ચોક અને બસ સ્ટેન્ડ સામે પસાર થતાં બાઈક એક્ટીવાને સેફ્ટી ગાર્ડ નાંખવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી જીવલેણ દોરી જો એકટીવા કે બાઈક ચાલકના ગળે વિંટળાઈ જાય તો ગળાના ભાગે ગંભીર ઈજાઓ ના કારણે જાન જઈ શકે જેથી બાઈક એક્ટીવાને સેફ્ટી ગાર્ડ લગાવી કોઈનો જીવ બચાવવાનો ભારત વિકાશ પરીષદ દ્વારા સેવાકીય પ્રયાસ કરાયો હતો ભારત વિકાશ પરીષદ ચાણસ્માના પદાધિકારી ઓ કાર્યકરો આ સેવાકીય કાર્યમાં જોડાયા હતા.

### બાળકોમાં શારીરિક પ્રવૃત્તિ ઘટતાં આરોગ્ય માટે ચિંતાજનક

# મોબાઈલની માયાજાળમાં પેઢીઓનું ખોવાયું બાળપણ, ગલીઓમાં વિસરાઈ દેશી રમતો

જગદીશ દવે | દેશલપર ગુંતલી તા.11

એક સમય હતો જ્યારે ગામના ખૂણે-ખાંચરે, ગલી-મહોલ્લામાં સાંજ પડતાં જ બાળકોની કિલકારીઓ સંભળાતી. કાબડ્ડી, ખો-ખો, ગિલ્લી ડંડા, લગોરી, કિલ્લો ફોડ, લંગડી, કાંચા, પીઠ્ઠુ ગરમ, દોડ-દોડ જેવી દેશી રમતોમાં બાળકો મનભરીને રમતા. આ રમતો માત્ર મનોરંજન પૂરતી સીમિત ન હતી, પરંતુ શરીર, મન અને ટીમભાવના વિકસાવતી સંપૂર્ણ કસરત સમાન હતી. પરંતુ બદલાતા સમય સાથે મોબાઈલ, ટીવી, વિડિયો ગેમ્સ અને સોશિયલ મીડિયા વચ્ચે દેશી રમતો ધીમે ધીમે અદ્રશ્ય થતી જાય છે. આજના સમયમાં ગલીઓમાં બાળકો ઓછા અને મોબાઈલ વધુ જોવા મળે છે. પરિણામે બાળકોમાં



શારીરિક પ્રવૃત્તિ ઘટી રહી છે, જે આરોગ્ય માટે ચિંતાજનક બાબત બની છે. હાલે ગામોમાં એકમાત્ર ક્રિકેટ એવી રમત છે જે આજે પણ કોઈક અંશે જીવંત જોવા મળે છે. ખાલી મેદાન કે ગલીમાં ટેનિસ બોલથી રમાતી ક્રિકેટમાં બાળકો જોડાય છે, પરંતુ તેમાં પણ ભાગ લેવા માટે સાધનો, જગ્યા અને સમયની મર્યાદા રહે છે. જ્યારે જૂની દેશી રમતો તો કોઈપણ સાધન વિના, કોઈપણ જગ્યાએ સહેલાઈથી રમાઈ શકતી હતી.વડીલોના કહેવા મુજબ, અગાઉની દેશી રમતોમાં આખા શરીરની કસરત થતી - દોડ, ઝંપલાવ, સંતુલન, ચપળતા અને સહનશક્તિ વિકસતી. સાથે સાથે હાર-જીત સ્વીકારવાની ભાવના, ટીમવર્ક અને શિસ્ત પણ બાળકોમાં કુદરતી રીતે વિકસતી. આજે આ બધું ધીમે ધીમે ગુમ થતું જાય છે. શિક્ષકો અને સમાજના આગેવાનોનું માનવું છે કે શાળાઓમાં અને ગામ સ્તરે ફરીથી દેશી રમતોને પ્રોત્સાહન આપવાની જરૂર છે. રમતોત્સવો, ગ્રામ્ય મેળાઓ અને શાળાના કાર્યક્રમોમાં આવી રમતોને સ્થાન આપવામાં આવે તો બાળકો ફરી મેદાન તરફ વળે અને સ્વસ્થ જીવનશૈલી તરફ આગળ વધે.દેશી રમતો માત્ર ભૂતકાળની યાદ નથી, પરંતુ આવનારી પેઢીના સ્વાસ્થ્ય અને સંસ્કાર માટે આવશ્યક છે.

### આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ હવે માત્ર એક તહેવાર નથી પણ એક મહોત્સવ બની ગયો

# નર્મદાના એકતાનગરમાં રાજ્યકક્ષાના ઈશ્વરસિંહ પટેલે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-2026'ને ખુલ્લો મુક્યો

ભરત શાહ | નર્મદા તા. 11

નર્મદા જિલ્લાના સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬" યોજાયો હતો. જેનું આયોજન ગુજરાત પ્રવાસન નિગમ લિ., નર્મદા જિલ્લા વહિવટીતંત્ર તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU)ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. જેને રાજ્યકક્ષાના મંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ ફુગ્ગા ઉડાવીને પતંગ મહોત્સવને ખુલ્લો મુક્યો હતો.

સરદારના સાંનિધ્યમાં રેવાના તીરે નર્મદા ડેમ વ્યુ પોઈન્ટ-૧ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ની શાનદાર ઉજવણીમાં દેશ-વિદેશથી પધારેલ પતંગબાજોને કંકુ-તિલક કરીને આવકાર્યા હતાં. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણી વર્ષોથી કરવામાં આવી રહી છે. જેમાં દેશ-વિદેશના પતંગબાજો ભાગ લેતા હોય છે. જેને દર વર્ષે ઉત્સાહપૂર્વક





ઉજવવામાં આવે છે અને હવે તે માત્ર એક તહેવાર નથી પણ એક મહોત્સવ બની ગયો છે. સરકારના સહયોગથી આ મહોત્સવ ગુજરાતના વિવિધ શહેરો અને ઐતિહાસિક સ્થળોએ 8મી જાન્યુઆરીથી 15મી જાન્યુઆરી સુધી યોજાનાર છે. જેમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સહભાગીતા જોવા મળે છે. વધુમાં જણાવ્યું કે, પતંગ મહોત્સવ દરમિયાન પતંગ પ્રેમીઓ પોતાની કળાનું પ્રદર્શન કરે છે , જેનુ પ્રર્યટકો આનંદ માણતા હોય છે. વધુમાં ઉમેર્યુ કે, ગુજરાતના સુરત, ખંભાત અને નડિયાદનો માંજો અને દોરી સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. જે રાજ્ય માટે ગૌરવની વાત છે.

નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, વર્ષોથી ચાલી આવેલી પરપંરાને અમદાવાદ સહિત એકતાનાગર ખાતે પણ પતંગ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે જ્યાં દેશ-વિદેશના પતંગબાજો આવે છે. અને સ્થાનિકોનું દિલ જીતી લેતા હોય છે અને એક યાદગાર મહોત્સવ બની જાય છે. વધુમાં જણાવ્યું કે, ઉત્તરાયણના પર્વ પર લોકો પતંગ ચગાવવાની સાથે તલની ચીકી, સીંગની ચીકી, શેરડી, બોર, ઊંધિયું અને જલેબી જેવી વાનગીઓની મોજ માણે છે.

# સોમનાથ સ્વાભિમાન પર્વ નિમીતે આમારા ગામે ગૂજયો ૐ નમ: શિવાયનો નાદ



મહેશ એલ.સોની | નખત્રાણા તા. 11

નખત્રાણા તાલુકાના આમારા ગામે સોમનાથ સ્વાભિમાન પર્વ અતૂટ આસ્થાનાં 1000 વર્ષ નિમિત્તે ગામ અંદર આવેલ શ્રી ભીડભંજન મહાદેવ મંદિરે વિશેષ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતુ. ગામના શિવ ભક્તોમાં સોમનાથ સ્વાભિમાન પર્વને લઇને વિશેષ આનંદ વ્યક્ત કરેલ હતો. ગામ સામાજિક આગેવાન સહીત ગામના ગામના યુવાન ભાઈઓ બહેનોએ મંદિરે આરતીનો લાભ સાથે 'ૐ નમ: શિવાય' મંત્રની ધૂન બોલાવાઇ હતી મંદિર માં ૐ નમ: શિવાયના નાદથી ભક્તિમય વાતાવરણનો સો એ આનંદ વ્યક્ત કર્યો હતો તેવું ગામના સામાજિક આગેવાન વેરશીભાઇ આહીરે જણાવેલ હતુ.

### "મન વૃદ્ધાશ્રમ"માં ગુજારતા વડીલોને ભાવતું ભોજન કરાવ્યું

# જૂનાગઢમાં જેસીઆઇના સેક્રેટરીએ જન્મદિવસની અનોખી રીતે ઉજવણી



નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.11

જૂનાગઢના જેસીઆઈ સેક્રેટરી રવિ ધીનોજાના જન્મદિવસની પ્રેરણાદાયક રીતે ઉજવણી કરવામાં આવી જેમાં વૃદ્ધાશ્રમની અંદર રહેતા વડીલોની સાથે સમય વિતાવી ઉજવણી કરી સરાહનીય પ્રેરણાદાયી કાર્ય કરવામાં આવ્યું. JCI, જૂનાગઢના સેક્રેટરીશ્રી રવિ ધીનોજા ના જન્મદિવસ નિમિત્તે જૂનાગઢના જાણીતા 'મન વૃદ્ધાશ્રમ'માં છેલ્લી અવસ્થા ગુજારતા વડીલોને ભાવતું ભોજન કરાવ્યું. જેમાં શ્રી રવિભાઈના પરિવારના સભ્યો દ્વારા વડિલોને પ્રેમથી, હેતથી પીરસીને જમાડવામાં આવેલ. આ વૃદ્ધાશ્રમના વડીલો દ્વારા શ્રી રવિભાઈને ખૂબ જ દિલથી આશીર્વાદ પાઠવ્યા હતાં. ભોજન બાદ વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોની વચ્ચે શ્રી રવિભાઈએ કેક કટીંગ કરી જન્મદિવસની ઉજવણી કરી હતી. આ સમયે JCIના મેન્ટરશ્રી અરવિંદભાઈ સોની,ડાયરેક્ટરશ્રી કિશોરભાઈ ચોટલીયા, વિરલ કડેચા, ચિરાગ ગડેચા, રાજેશ પુરોહિત,નીરવ જેઠવા એ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

## નવીન માર્ગથી વિકાસને વેગ | ગિરિમથક સાપુતારા ખાતે ફરવા માટે આવતા પ્રવાસીઓ માટે આનંદના સમાચાર

# સાપુતારાનાં સનરાઇઝ, સનસેટ પોઇન્ટનો બિસ્માર માર્ગ બન્યો ઇતિહાસ

સુ[illegible] પવાર | ડાંગ તા.11

રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે ફરવા માટે આવતા પ્રવાસીઓ માટે આનંદના સમાચાર સામે આવ્યા છે.ઘણા લાંબા સમયથી સનરાઇઝ પોઇન્ટ, સનસેટ પોઇન્ટ અને ટેબલ પોઇન્ટ તરફ જતા બિસ્માર અને જોખમી માર્ગને લઈ પ્રવાસીઓમાં ભારે નારાજગી હતી.પરંતુ હવે ડાંગ જિલ્લા કલેકટર શાલિની દુહાનનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા નોટિફાઈડ એરિયા અથોરિટી દ્વારા આ માર્ગના નવીનીકરણનું કામ શરૂ કરવામાં આવતા પ્રવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.સાપુતારા એ ગુજરાતનું એકમાત્ર હિલસ્ટેશન હોવાથી અહીં દર વર્ષે દેશ-વિદેશમાંથી લાખો પ્રવાસીઓ આવે છે. ખાસ કરીને સવારે સૂર્યોદય અને સાંજે સૂર્યાસ્તના મનમોહક દ્રશ્યો જોવા સનરાઇઝ અને સનસેટ પોઇન્ટ પર પ્રવાસીઓની ભારે ભીડ ઉમટે છે.પરંતુ છેલ્લા ઘણા સમયથી આ પોઇન્ટ તરફ જતો માર્ગ ખાડા-ખબડાથી



ભરેલો, સંકોચાયેલો અને જોખમી બન્યો હતો.વાહનચાલકોને મુશ્કેલી પડતી હતી તેમજ પગપાળા જતા પ્રવાસીઓ માટે પણ અકસ્માતનો ભય સતાવતો હતો.આ સ્થિતિને ગંભીરતાથી લઈ જિલ્લા વહીવટીતંત્ર અને સાપુતારા નોટિફાઈડ એરિયા દ્વારા માર્ગ નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

હાલ માર્ગ ઉપર નવી ડામર પાથરણી, વળાંકોને સુરક્ષિત બનાવવી, સાઇડ પાટીયા મજબૂત કરવી તેમજ ગાર્ડરેલની મરામત જેવી કામગીરી ઝડપથી ચાલી રહી છે. સાથે સાથે પ્રવાસીઓની સુવિધા માટે પોઇન્ટ વિસ્તારોમાં બેઠકો, સ્વચ્છતા, સલામતી અને દ્રશ્યાવલિ માણવા અનુકૂળ વ્યવસ્થા પણ વિકસાવવામાં આવી રહી છે.નવેસરથી બની રહેલા માર્ગ અને વધતી સુવિધાઓને લઈ પ્રવાસીઓમાં ખુશી જોવા મળી રહી છે. ઘણા પ્રવાસીઓએ જણાવ્યું હતું કે "સાપુતારા કુદરતી સૌંદર્યથી ભરપૂર છે, પરંતુ હવે માર્ગ અને સુવિધાઓ સુધરતા પ્રવાસનો આનંદ બમણો થયો છે." પ્રવાસીઓ સાપુતારાના વિકાસ માટે વહીવટીતંત્રની કામગીરીની ખુલ્લેઆમ પ્રશંસા કરી રહ્યા છે.સ્થાનિકો અને પર્યટન સાથે સંકળાયેલા વેપારીઓનું માનવું છે કે આ માર્ગ સુધારાથી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે, જેના કારણે રોજગારી અને સ્થાનિક અર્થતંત્રને પણ મજબૂતી મળશે. સનરાઇઝ, સનસેટ અને ટેબલ પોઇન્ટ જેવા મુખ્ય આકર્ષણો સુધી સુલભ અને સુરક્ષિત માર્ગ બનતાં સાપુતારા પ્રવાસનના નકશા પર વધુ ઉજાગર બનશે.આ રીતે, લાંબા સમયથી અવગણાયેલા બિસ્માર માર્ગનું નવીનીકરણ શરૂ થતાં સાપુતારા માટે વિકાસનો નવો અધ્યાય શરૂ થયો હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

### કભી ખુશી કભી ગમ

## આહવાથી-સાપુતારા માર્ગમાં થતા અવારનવાર ભારે વાહનોના અકસ્માતથી ભયનો માહોલ

આહવાથી સાપુતારા જતા ઘાટ માર્ગમાં થતા અવારનવાર ભારે વાહનોને અકસ્માતનો ભોગ બનતા હોય છે જેને લઈ સ્થાનિક વાહન ચાલકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. હાઈવે ઓથોરિટી માર્ગ અને મકાન વિભાગ આ બાબતે ગંભીરતાને ધ્યાનમાં રાખી વળાંકને પહોળો કરવાની મહેરબાની કરે તો સારું. હાલ ભારે વાહનો નો ખટલો આહવા થઈ સાપુતારા માર્ગે વધુ પ્રમાણમાં વાહનો ની રાહદારી વધી છે કારણ વઘઇ સાપુતારા માર્ગ ના સકારપાટળ ના પુલ જર્જરિત હાલત માં હોવાને કારણે પ્રસાશન વિભાગ દ્વારા અતિ ભારે વાહનો ને આહવા થઈ માર્ગ મોકળો કરવામાં આવ્યો છે ત્યારે આહવા નજીક જ શિવઘાટ ની આગળ અતિશય ભારે જીવલેણ વળાંક (યુ ટર્ન) છે જે વળાંક માં અવાર નવાર ભારે વાહનો ના અકસ્માત કે ટર્ન ની દિશા માં અકસ્માતો ના બનાઓ ની ઘટના થતી જ હોય છે પરંતુ હાઈવે ઓથોરિટી જાણે તમાશો જ જોઈ આંખ આડા કાન કરતિ જોવા મળી, હાઈવે ઓથોરિટી જાણે અજાણે આવા માર્ગે ભાગ્યેજ વિઝીટ કરતી હોય છે ,કારણ સીટી માં ઘરે બેસી બેસીને જ ડાંગના તમામ રસ્તાઓનું સમીકરણ સમજી જતા હોય એવું લાગે છે ,પરંતુ હાલ ની પરિસ્થિતિ શુ છે એ તો રસ્તે ચાલનાર અને ગાડી હકનાર જ જાણે , જો કઈ શરમ બચી હોય તો આહવા શિવ ઘાટ વળાંક માર્ગની આગળ ઘણી વાર ભારે વાહનો પલ્ટી થયા નું વિવરણ સમાચારો ના માધ્યમ થકી તમામ છાપા ઓમાં છપાય છે , વાંચતા હોય તો સારું ,અને વાંચીને પણ આંખે ઉલ્ટા ચશ્માં પહેર્યા તો ઉતારી ને ગ્રાઉન્ડ લેવલે આવી પરિસ્થિતિ સમજી આવા વળાંકો ને તાત્કાલિક માત્ર પહોળા કરી વાહન વ્યવહાર મા થતી મુશ્કેલી ઓને સરળ કરવાનું કામ કરવામાં આવે , આવા અકસ્માત ના ભોગ બનેલા ડ્રાઇવરો ને પૂછતાં જણાવ્યું હતું કે વળાંક જ જગ્યા પર છે કે ભારે વાહનો નો ટર્ન જગ્યાએ લાગતો નથી માટે વળાંક ને પહોળો કરવામાં આવે તો સરળતા રહે , તંત્ર નીંદર માંથી જાગે તો સારું ,ન તો વિકાસ તો છે જ આંખ આડે કાન ,જોવું રહ્યું સમાચારો થકી તંત્ર જાગશે કે કેમ.....





### ફિલ્મી ઢબે પીછો કરી 2 ગુનેગારોને રાજસ્થાનના ડુંગરપુરથી ઝડપ્યા

# ડાંગ LCBએ અઢી વર્ષથી હાથતાળી આપતા કુખ્યાત 'ચામઠા ગેંગ'ના 2 સાગરીતોને ઝડપ્યા

સુશિલ પવાર | ડાંગ તા.11

ડાંગ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચએ રાજ્યની સરહદો ઓળંગીને ઘરફોડ ચોરી કરતી કુખ્યાત 'ચામઠા ગેંગ' પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. છેલ્લા અઢી વર્ષથી ગુજરાત અને રાજસ્થાન પોલીસને હંફાવતા બે રીઢા ગુનેગારોને ડાંગ પોલીસે ફિલ્મી સ્ટાઈલે રાજસ્થાનના ડુંગરપુરથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.સુરત રેન્જ IG પ્રેમવીર સિંહ અને ડાંગ SP પૂજા યાદવની સૂચના હેઠળ LCB PSI જે.જી. અનડકટ અને તેમની ટીમે આ ઓપરેશન પાર પાડ્યુ હતુ. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે સાપુતારા ચોરીનો મુખ્ય સૂત્રધાર લાલજી શિવાજી નટ તેના વતન રાજસ્થાનના કબ્જા ગામે છુપાયેલો છે.પોલીસે જ્યારે લાલજીના ઠેકાણે દરોડો પાડ્યો ત્યારે તે તેના સાથીદાર



સાથે બાઈક પર ભાગવા લાગ્યો હતો. ડાંગ LCB ની ટીમે હિંમત હાર્યા વગર આશરે ૨૦ કિલોમીટર સુધી તેનો પીછો કર્યો અને અંતે બંનેને કોર્ડન કરી ઝડપી લીધા હતા. પકડાયેલા શખ્સોમાં લાલજી શિવાજી નટ (રહે. ડુંગરપુર, રાજસ્થાન) તથા સુદર્શન ઉર્ફે સુરેશ ચંદુ ચામઠા (રહે. ઝાલોદ, જી. દાહોદ)ની અટક કરેલ છે.પોલીસની આગવી ઢબે પૂછપરછમાં આરોપીઓએ પોપટની જેમ ગુના કબૂલ્યા હતા. તેમની પાસેથી રોકડ અને મોબાઈલ સહિત કુલ રૂ. ૨૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ ગેંગે માત્ર ડાંગ જ નહીં, પરંતુ પાટણ (ચાણસ્મા), ગાંધીનગર (માણસા) અને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં પણ ઘરફોડ ચોરી કરી હોવાનું કબૂલ્યુ છે.હાલમાં એલ. સી.બી પોલીસની ટીમે આ બંને આરોપીઓને સાપુતારા પોલીસને હવાલે કરી અન્ય જિલ્લાની પોલીસને પણ જાણ કરવામાં આવી છે.આ સફળતાથી સરહદી વિસ્તારોમાં સક્રિય તસ્કર ટોળકીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## મનરેગા બચાવોના અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પત્રકાર પરિષદ



મહેશ સોલંકી | પાલનપુર તા.11

મનરેગા બચાવોના અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લા કોગ્રેસ પાર્ટી દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. પત્રકાર પરિષદમાં બનાસકાંઠા જિલ્લા કોગ્રેસ પાર્ટીના પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત અને વડગામ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી હાજર રહેતા જણાવ્યું હતું કે કેન્દ્ર ની નરેન્દ્ર મોદી સરકાર અને ભાજપ દ્વારા યુપીએ સરકાર દ્વારા મનરેગા યોજના લાવવામાં આવી હતી જેનાથી ગામડાઓમાં શ્રમજીવી લોકોને જોબકાર્ડ આપી 100 દિવસની રોજગાર આપવાની ગેરંટી આપવામાં આવતી હતી.

### દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા

# ભિલોડાના ઉબસલ અને કલ્યાણપુર ખાતે ખેડૂત શિબિરનું આયોજન કરાયું

મહેશ સોલંકી | પાલનપુર તા.11

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી હસ્તક અમલમાં રહેલી "નોલેજ ડિસેમિનેશન થ્રુ ડિસ્ટન્સ લર્નિંગ" યોજના અંતર્ગત ભિલોડા તાલુકાના ઉબસલ તથા કલ્યાણપુર ગામે એક દિવસીય ખેડૂત તાલીમ-વ-શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને શિબિરમાં આસપાસના ગામોના મળીને અંદાજે ૧૩૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ શિબિરમાં એસ.એમ. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક અને યોજના ઇન્ચાર્જ દ્વારા કૃષિ યુનિવર્સિટીની કામગીરી, ખેડૂતો માટે ચાલતી વિવિધ યોજનાઓ તથા નવી ટેકનોલોજી વિશે સરળ ભાષામાં માહિતી આપવામાં આવી હતી. તેમણે ખેડુતોને યુનિવર્સિટી સાથે



સતત સંપર્કમાં રહી વૈજ્ઞાનિક સલાહનો લાભ લેવા અપીલ કરી હતી. આ પ્રસંગે ડો. બી.આર. નાકરાણી, સહ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા શિયાળુ પાકોમાં રોગ-જીવાતથી બચાવ માટે સંકલિત નિયંત્રણ પદ્ધતિ તથા પ્રાકૃતિક ખેતીના લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ડો. આર.એમ. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા શિયાળુ મકાઈની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, સુધારેલ જાતો, ખાતર વ્યવસ્થાપન અને ઉત્પાદન વધારવાના ઉપાયો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# પાલનપુર ICDS ઘટક-1 દ્વારા કિશોરીઓ માટે પતંગ ઉત્સવ કાર્યક્રમનું આયોજન

મહેશ સોલંકી | પાલનપુર તા.11

ICDS કચેરી પાલનપુર ઘટક- ૧ દ્વારા જામપુર પ્રાથમિક શાળા પાલનપુર ખાતે કિશોરીઓ માટે પતંગ ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન કિશોરીઓને પુર્ણા યોજના વિશે માહિતી અપાઈ. આયર્નની ગોળીનું મહત્વ, પુર્ણા શક્તિ પેકેટના ઉપયોગ અને તેના ફાયદા, તેમજ અંગત સ્વચ્છતા અને મેન્સ્ટ્રુઅલ હાઈજીન વિષયક જરૂરી માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કિશોરીઓ દ્વારા પુર્ણા યોજના અંતર્ગત પતંગનું સુશોભન કરવામાં આવ્યું હતું. કિશોરીઓનું BMI, વજન, ઊંચાઈ તેમજ હિમોગ્લોબિન ચેક કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ



લેનાર તમામ કિશોરીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ ઉત્તમ HB ધરાવતી અને સુંદર પતંગ સુશોભન કરનાર કિશોરીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ આપી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં સીડિપીઓ ડિમ્પલ પંચાલ, ICDS ના સુપરવાઈઝરઓ, પીએસઇ સ્ટાફ, એફએચડબલ્યુ, આરોગ્ય વિભાગના સુપરવાઈઝર, ICDS સ્ટાફ, આંગણવાડી કાર્યકરઓ તેમજ મોટી સંખ્યામાં કિશોરીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભરૂચમાં લોકશાહીનું ખૂન | DDOએ સરપંચ પર દબાણ લાવવા નોટિસ ફટકારતા ગ્રામજનોમાં ભારે રોષ

# રેત માફિયાઓના સમર્થનમાં DDOએ સરપંચને ધમકાવ્યા?

ભરત શાહ | નર્મદા તા. 11

ઝઘડિયા તાલુકાના પાણેથા ગામના સરપંચે ગામમાંથી બિનઅધિકૃત રેતી વહન કરતા ભારે વાહનો ને રોકવા ગ્રામપંચાયતમાં ઠરાવ કરી બેરિકેડ લગાવી રસ્તો બંધ કરતા DDOએ રેત માફિયાઓનું સમર્થન કરતા હોય તેમ સરપંચ પર દબાણ લાવવા પંચાયત અધિનિયમન 57(1) મુજબ નોટિસ ફટકારતા ગ્રામજનોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે .



પ્રાપ્ત માહિતી મુજબ પાણેથા ગામના ખેડૂતોને ખેતીકામ માટે અવરજવર કરવા ના રસ્તા ઉપર બિનઅધિકૃત ઓવરલોડ રેતી ભરેલી ટ્રકો ની સતત અવરજવરને કારણે ખેડૂતો ત્રાહિમામ થઇ ગયા હતા તેમની ખેતીને પણ નુકશાન થતું હતું. ખેડૂતોની રજુઆત ના પગલે સરપંચ રાકેશભાઈ તડવી એ ખેડૂતો ની અરજી લઈ ગ્રામપંચાયત માં તેમજ ગ્રામસભા માં ઠરાવ કરી , તેમજ કલેકટર , DDO , TDO ને લેખિત જાણકરી તેમજ પોલીસ બંદોબસ્ત માંગી રસ્તા પર ભારે વાહનો રોકવા બેરિકેડ લગાવી ભારે વાહનો ની અવરજવર બંધ કરી ત્યારે ગ્રામજનો ના હિત માં કાયદેસર કામગીરી કરનાર સરપંચ ને પ્રશન્શા ને બદલે નોટિસ ફટકારતા DDO ભરૂચ ની આ કામગીરી સામે લોકો માં રોષ ની લાગણી ફેલાઈ છે.

### DDOએ નોટિસ આપતાં લોકોમાં અનેક તર્ક-વિતર્ક

જ્યારે રક્ષક જ ભક્ષકના પક્ષમાં ઉભો રહી જાય, ત્યારે લોકશાહીના પાયા હચમચી ઉઠે છે. ભરૂચ DDOએ પાણેથાના સરપંચને 57(1) હેઠળની નોટીસ ફટકારતા સરપંચ રાકેશ તડવી એ જણાવ્યું કે DDO રેત માફિયાઓના દબાણ હેઠળ કામ કરતા હોય તેમ લાગે છે કારણ કે બેરિકેડ લગાવવાની મંજૂરી લીધી છે અને DDOને પણ તે મામલે જાણ કરી છે. ઉપરાંત આ સમગ્ર મામલો હાઈકોર્ટ માં સબજ્યુડીશ છે. છતાં પણ DDO નોટિસ આપી તે અંગે લોકો માં અનેક તર્ક વિતર્ક થઇ રહ્યા છે.

NEWS BRIEF

## સોમનાથ સ્વાભિમાન પર્વમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભામાં જનઉત્સાહનું અનોખું દૃશ્ય

નરેન્દ્ર દવે | જૂનાગઢ » સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત યોજાયેલી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સભામાં જનસાગર ઉમટી પડ્યો હતો. સમગ્ર સભા સ્થળે ભક્તિ, ગૌરવ અને રાષ્ટ્રભાવનાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. આ પ્રસંગે સોમનાથ નિવાસી રક્ષાબહેન પરમાર ખાસ તૈયાર કરેલું ચિત્ર લઈને આવ્યા હતાં, તેમણે વડાપ્રધાનનો તથા તેમના માતુ હીરાબાનો તથા સોમનાથ મંદિરનો પેન્સિલ સ્કેચ ચિત્ર તૈયાર કર્યા હતાં તે ચિત્રો લઈ વડાપ્રધાન પ્રત્યે લાગણી વ્યક્ત કરવા સભામાં આવ્યા હતા. તેમણે ભાવુક શબ્દોમાં જણાવ્યું કે, સોમનાથની પવિત્ર ભૂમિ પર જન્મ થયો તેનું ગૌરવ આજે બમણું થઈ ગયું છે. અડગ સ્વાભિમાન અને રાષ્ટ્ર ચેતનાના પ્રતિક સમા સોમનાથ ક્ષેત્ર તથા પ્રભાસની ધરતીને



વડાપ્રધાન ના નેતૃત્વ દ્વારા વૈશ્વિક સ્તરે વિશેષ ગૌરવ પ્રાપ્ત થયું છે. સોમનાથની દીકરી તરીકે મતી દક્ષાબહેન પરમારે વડાપ્રધાન પ્રત્યે આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ સમગ્ર પ્રસંગે સોમનાથ સ્વાભિમાન પર્વનું મહાત્મ્ય વધુ ઉજાગર થયું હતું અને ઉપસ્થિત જનમેદની માં ગૌરવની લાગણી વ્યાપી ગઈ હતી.

## સોમનાથમાં કેસરી સાફામાં સજ્જ વડીલોએ વ્યક્ત કર્યો વડાપ્રધાન પ્રત્યે સ્વાભિમાન અને શૌર્યનો ભાવ

નરેન્દ્ર દવે | જૂનાગઢ » સોમનાથ ખાતે યોજાયેલી શૌર્ય સ્વાભિમાન સભામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે વરિષ્ઠ નાગરિકોની અનોખી લાગણી અને ઉત્સાહ જોવા મળ્યો હતો. વેરાવળના સિનિયર સિટિઝન્સ ટ્રસ્ટના ૬૫થી વધુ વડીલો એકસરખા કેસરી સાફા બાંધી શૌર્ય



સ્વાભિમાન સભામાં ઉપસ્થિત રહ્યા હતા અને વડાપ્રધાનના સ્વાગત-સન્માન સાથે રાષ્ટ્રભાવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સિનિયર સિટિઝન્સ ટ્રસ્ટ, વેરાવળના પ્રમુખ દીપકભાઈ ટીલાવતે જણાવ્યું હતું કે, "સોમનાથની પવિત્ર ભૂમિ પર આવી ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવાનો અમને ગર્વ છે. વડાપ્રધાન પ્રત્યે આદર અને સન્માન વ્યક્ત કરવા માટે અમે સૌએ કેસરી સાફા બાંધી તેમનું સ્વાગત-સત્કાર કરવાનો નિર્ધાર કરેલ". શૌર્ય, સ્વાભિમાન અને રાષ્ટ્રચેતનાના પ્રતિક સમી આ સભામાં વરિષ્ઠ નાગરિકોની ઉત્સાહી હાજરીએ સમગ્ર વાતાવરણને ગૌરવસભર અને પ્રેરણાદાયી બનાવ્યું હતું.

## જૂનાગઢમાં વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય આગેવાનો એ સંતો, મહંતો તથા આગેવાનો સાથે મુલાકાત કરી

નરેન્દ્ર દવે | જૂનાગઢ » આજરોજ જૂનાગઢ મહાનગરમા વિશ્વ હિન્દુ પરિષદ ના કેન્દ્રીય સહ મંત્રી તેમજ અખિલ ભારતીય સહ ધર્મ પ્રસાર પ્રમુખ ધર્મેન્દ્રભાઈ ભાવાણી તેમજ સૌરાષ્ટ્ર પ્રાંત ધર્મયાત્રા સંપર્ક પ્રમુખ નાનજીભાઈ શાખ તેમજ સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રચાર પ્રસાર પ્રમુખ હિરેનભાઈ રૂપારેલિયા અને સૌરાષ્ટ્ર પ્રાંતના સહ ધર્મપ્રસાર પ્રમુખ કૌશિકભાઈ પટેલ દ્વારા સંતો, મહંતો તેમજ સામાજિક અગ્રણીઓ સાથે શુભેચ્છા મુલાકાત થયેલ જેમા સૌ પ્રથમ ભવનાથમા આવેલ ઉદાસીન પંચાયતી બડા અખાડાના સંત પૂજ્ય ગંગાદાસ બાપુના આશીર્વાદ પ્રાપ્ત થયેલ ત્યારબાદ ગૌરક્ષનાથ આશ્રમના મહંત પૂજ્ય શેરનાથબાપુ ને સાલ ઓઢાડીને સન્માનીત કર્યા બાદ અવધૂત આશ્રમના લઘુ મહંત



પૂજ્ય ઈશ્વરગીરી બાપુની શુભેચ્છા મુલાકાત લીધા પછી મિનરાજ શૈક્ષણિક સંકુલના સ્થાપક દાદુભાઈ કનારા સાથે વાર્તાલાપ કર્યા પછી પૂજ્ય મોરારિબાપુ દ્વારા સ્થાપિત હનુમાનજી મહારાજના દર્શન પછી વાલ્મિકી સમાજના પ્રમુખ દિનેશભાઈ ચુડાસમા, અધ્યક્ષ સી.ડી. પરમાર, કારોબારી ચેરમેન સુનિલભાઈ બોરીચા, સફાઈ કામદાર યુનિયન પ્રમુખ વિજયભાઈ વાળા, ઉપપ્રમુખ હસમુખભાઈ પરમાર, મહામંત્રી અનિલભાઈ ચુડાસમા, દાતારવાસ દુબળી પ્લોટ પ્રમુખ રાજુભાઈ પરમાર, વોર્ડ નંબર ૭ ના મંત્રી અરવિંદભાઈ ચુડાસમા તેમજ વોર્ડ નંબર ૭ ના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ ચુડાસમા સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી, વર્ષમાં એક વખત ભગવાન વાલ્મિકીની યાત્રા કાઢવી એવો સંકલ્પ પણ કરેલ હતો તેમજ વાલ્મિકી વિસ્તારમાં એક બાળ સંસ્કાર કેન્દ્ર શરૂ કરવું એવો પણ પરિષદની ટીમ દ્વારા સંકલ્પ કરેલ હતો. વાલ્મિકી સમાજના આગેવાનો સાથે બેસીને રામાયણના રચયિતા ઋષિવર્ય ગુરુ વાલ્મિકીજી વિશે આધ્યાત્મિક તેમજ સામાજિક ચર્ચાઓ પણ થયેલ હતી.

# અયોધ્યાના રામ-લક્ષ્મણ હવે વનના રક્ષક: ઋષિઓના ભયનો અંત આવશે!

**रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः ।रामानास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहम्रामे चित्तलयः सदा भवतु मे भो राम मामुद्धर ॥**



મારીચ અને સુબાહુ વગેરે રાક્ષસો ના ભયાનક આંતક ના લીધે વન માં નિવાસ કરતા ઋષિઓ પરેશાન થતા હતા. જ્યારે ઋષિઓ મુનિઓ યજ્ઞ,પૂજા, ધ્યાન કરવા બેસતા હતા ત્યારે બધા રાક્ષસો ભેગા મળીને એકીસાથે વિનાશ સર્જવા પ્રગટ થઈ જતા હતા.વન માં રહેતા ઋષિઓ એ જ્યારે સાંભળ્યું કે દશરથ રાજા ના પુત્રો રામ અને લક્ષ્મણ વન માં પધારવા ના છે ત્યારે રાક્ષશો ના ત્રાસ વન માંથી દૂર થાય એ માટે ઋષિ વિશ્વામિત્ર ને વિનંતી કરી. બધા ઋષિમુનિ વતી વિશ્વામિત્ર ઋષિ એ રામ અને લક્ષ્મણ ને કહ્યું કે દશરથ નંદન, મારીચ, સૂબાહુ અને એની બહેન તાડકા થી ઋષિઓ સાથે હું પણ ખૂબ ભયભીત છું મને વિશ્વાસ છે કે આ બધા રાક્ષસો નું નિકંદન તો ભગવાન રામ સિવાઈ કોઈના થી થવું અશક્ય છે.ભગવાન વિષ્ણુનું પૃથ્વી પર આયોધ્યા માં રાજા દશરથ ને ત્યાં રામ અને લક્ષમણ સ્વરૂપે પ્રાગટ્ય થયું છે.આજેજ ઋષિઓ સાથે અયોધ્યા જવા પ્રયાણ કરીશ ને બન્ને ભાઈઓને સાથે લઈને આવીશ.વિશ્વામિત્ર અન્ય ઋષિઓ સાથે અયોધ્યા પધાર્યા ત્યારે રાજા દશરથ તો એ ઋષિઓ સાથે વિશ્વામિત્રજી ના આગમન થી ગદ ગદ થઈ ગયા. રાજા એ ઋષિઓની સેવા પૂજા કરીને સિંહાસન પર બિરાજમાન કર્યા.ચારેય દીકરાઓ વારા ફરતી ઋષિઓના આશીર્વાદ લઇ રહ્યા હતા ત્યારે ઋષિ વિશ્વામિત્રની નજર ભગવાન રામચંદ્ર જી પરથી હટતી નહતી..

ભગવાન નું નીલમણિ સ્વરૂપ ને કમળ જેવા વિશાળ નેત્રો ને કમળની પાંદડી જેવા હોઠ પરના સુંદર સ્મિત પર નજર પડતાં જ વિશ્વામિત્રજી ભાવ વિભોર થઇ ગયા ને એની આંખો માંથી હર્ષ ના આંસુ સરી પડ્યા.વિશ્વામિત્ર ઋષિ ની નજર શ્યામ ગૌર સુંદર ભાઈઓ પર સ્થિર થઈ ગઈ છે ને દશરથ રાજાના શબ્દ કાને તો પડે છે પરંતુ કાન પણ પ્રભુ રામ ચંદ્રજી ના દર્શન માં વ્યસ્ત છે.ઋષિ વિશ્વામિત્ર એ રાજા દશરથ ને કહ્યું કે રાજન,તમારા ચારેય પુત્રો ખૂબ તેજસ્વી અને સાહસી છે.હું તમારા પાસેથી તમારા નવયુવાન પુત્રો રામ અને લક્ષ્મણ ને સાથે લઈ જવા આવ્યો છું. ઋષિ વિશ્વામિત્ર ની વાત સાંભળી ને દશરથ રાજા ભયભીત હદયે કહ્યું કે ગુરુજી, મારા પુત્રો રામ અને લક્ષ્મણ તો નાના બાળકો છે વન અત્યંત ભયાનક રાક્ષશોથી ભરેલું છે.ગુરુજી ક્ષમા કરો, પુત્રો સિવાઈ કંઈ પણ માંગી લ્યો ગાય,ભૂમિ,જમીન સુવર્ણ કઈ પણ માંગી લ્યો.. વિશ્વામિત્ર ઋષિની જીદ આગળ રાજા દશરથ ને અંતે નમવું પડ્યું..કેમ?.કેમકે વિશ્વામિત્ર ઋષિની ઈચ્છા કરતા ભગવાન રામચંદ્રજી ની ઈચ્છા હતી કે વનમા ત્રાસ ફેલાવી રહેલ રાક્ષશો નો સફાયો કરવો.આ દુનિયામાં ભગવાન ની ઈચ્છા વગર તૃણ પણ હલતું નથી એ પ્રત્યેક વ્યક્તિઓએ સમજવું જરૂરી છે.

તુલસીદાસજી વન ના માર્ગ પર તપસ્વી નો વેશ ધારણ કરીને આગળ રામ ભગવાન,વચ્ચે જાનકીજી અને પાછળ લક્ષ્મણજી ચાલી રહ્યા છે ત્યારે બ્રહ્મ અને જીવ વચ્ચે માયા..વસંત ઋતુ અને કામ દેવ વચ્ચે રતી, ચંદ્રમા ના પુત્ર બુધ વચ્ચે પત્ની રોહિણી જી શોભી રહી છે.પ્રભુ રામચંદ્ર જી ના પદ ચિન્હો ની વચ્ચે વચ્ચે પગ મૂકતાં સીતાજી બીતા બીતા માર્ગ પર ચાલી રહ્યાં છે. લક્ષમણ જી સીતાજી અને રામચંદ્ર જી ના પાદચિન્હો ને બચાવતા તેની જમણી બાજુએ પગ રાખી ને ચાલી રહિયા છે. માર્ગ પર ચાલી રહેલા ભગવાન ને પત્ની અને ભાઈ ને જોતાજ પશુ,પક્ષીઓના ચીત ચોરી લીધા છે..ભગવાન ના અદભૂત સ્વરૂપ ના દર્શન થતાં જ વન ના પશુ પક્ષીઓ મુગ્ધ મને મનોમન બોલે છે કે પ્રિય પથિક આપે તો અમારા ચિત ચોરી લીધા છે,આપના દર્શન થી અમે તો જન્મ મૃત્યુ ના સંસાર ચક્ર અર્થાત્ આવાગમન ના ફેરા માંથી સહજ જ છુટી ને મુક્ત થઈ ગયા. ભગવાન પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ જી સાથે વાલ્મીકિ ઋષિ ના આશ્રમ એ પધાર્યા ત્યારે મુનિ એ અહોભાગ્ય સમજી ને ભગવાન નો એની કુટિયા માં સત્કાર કર્યો..જ્યારે વનવાસી વેશ વિશે પૂછ્યું ને સમગ્ર આપવીતી સાંભળી ત્યારે ઋષિ વાલ્મીકિ એ કહ્યું કે હે રામ! આપનું સ્વરૂપ વાણી થી અગોચર,બુધ્ધિ થી પર,અવ્યક્ત,અકથનીય અને અપાર છે.વેદ નિરંતર તેનું "નેતિ નેતિ" કહીને વર્ણન કરે છે.

ભગવાન એ વાલ્મિકી ઋષિ ને કહ્યું કે બ્રાહ્મણો નો સંતોષ સર્વે મંગળ નું મૂળ છે,ભૂદેવ નો ક્રોધ એ કરોડો કુળ ને ભસ્મ કરી નાખે છે. જ્યા મુનિ અને તપસ્વી દુઃખ પામે છે તે રાજાઓ વગર અગ્નિ એ જ બળી ને ભસ્મ થઈ જાય છે.આવું હદય થી સમજી ને બોલું છું.મુનિ ,પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે રહીને પર્ણ કુટિકા બનાવી શકું એવું સ્થાન દર્શાવો. ત્યાં કેટલા સમય સુધી નિવાસ કરી શકું એ અવધિ નક્કી કરી આપ જણાવો. ભગવાન નું વ્યક્તવ્ય સાંભળી ને વાલ્મીકિ ઋષિ બોલ્યા કે હે રઘુકુળ ના ધ્વજા સ્વરૂપ!આપ આવું કેમ નહિ કહો! આપ સદૈવ વેદની મર્યાદાનું પાલન કરો છો.હે રામ! સંસાર આપનો લીલા વિલાસ છે આપ એને જોનાર છો. આપ બ્રહ્મા,વિષ્ણુ અને શંકર ને નચાવનારા છો. આપે મને પૂછ્યું કે ક્યાં રહું? પરંતુ હું આ પૂછતા સંકોચાઊ છું કે જ્યાં આપ ન હોવ એ સ્થાન બતાવી દો.એ પછી હું આપને રહેવા માટે સ્થાન દેખાડું. વાલ્મીકિ ઋષિ ની પ્રેમ માં તરબોળ થયેલા વચન સાંભળી ને રામચંદ્ર જી સંકોચાઈ ને મનમાં મલકાયા..ભગવાન નું મંત્ર મુગ્ધ કરનાર હાસ્ય નું દર્શન કરતાજ વાલ્મીકિ ઋષિ હસી ને પાછા અમૃત રસ માં બોળલ મીઠી વાણી બોલ્યા કે હે!રામ,આપના યશ રૂપી નિર્મળ માનસરોવર માં જેની જીભ હંસી બનીને આપના ગુણ સમૂહ રૂપી મોતીઓ ચણતી રહે છે એવા આપના ભક્ત ના હદય માં જઈને વસો પ્રભુ,માત્ર આપનો આશ્રય અને આપનો ભરોસો છે એવા આપના ભક્ત વાલ્મીકિ ના હદય માં સદાઈ નિવાસ કરો.



માયાનો ભ્રમ
- રૂપાલી દવે

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
MONDAY • 12-01-2026



# 'છોકરીઓએ જ્હોનની આખી પીઠ પર વિખોડિયા ભરી લીધા હતા...'

## ચિત્રાંગદા સિંહે જ્હોન અબ્રાહમના ભીડમાં ફસાઈ જવાનો કિસ્સો શેર કર્યો

(એજન્સી) મુંબઇ | તા.11

થોડા અઠવાડિયા પહેલા હૈદરાબાદમાં એક ઈવેન્ટ દરમિયાન એક્ટ્રેસ સામંથા રૂથપ્રભુને બેકાબૂ ભીડે ઘેરી લીધા હતા. આ પહેલા, એક્ટ્રેસ નિધિ અગ્રવાલને પણ હૈદરાબાદમાં જ ફિલ્મ 'રાજા સાબ'ના પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન આવી જ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તાજેતરમાં એક્ટ્રેસ ચિત્રાંગદા સિંહે આ ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરી છે અને પોતાનો એક અંગત અનુભવ શેર કર્યો છે. આ અનુભવ તે સમયનો છે, જ્યારે તેઓ જ્હોન અબ્રાહમ સાથે પોતાની ફિલ્મ 'આઈ, મી ઔર મેન'નું પ્રમોશન કરી રહ્યા હતા.

ચિત્રાંગદાએ કહ્યું કે- આવા કિસ્સાઓ માત્ર મહિલાઓ પૂરતા સીમિત નથી. તેણે જણાવ્યું, "જ્હોન અબ્રાહમ અને હું ફિલ્મ 'આઈ, મી ઔર મૈં'નું પ્રમોશન કરવા દિલ્હીની એક કોલેજમાં ગયા હતા. અમારે સ્ટેજ પર જઈને તરત જ નીકળી જવાનું હતું. ત્યારે ભીડ વધવા લાગી અને અચાનક મેં જોયું કે લોકો જ્હોનને ખેંચીને લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જ્હોને પાછળ ફરીને મને સાથે ચાલવાનો ઈશારો કર્યો. તે મને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને કાર સુધી લઈ જવા માંગતા હતા. અમે કારમાં બેઠા કે તરત જ, જ્હોને પોતાનો શર્ટ ઉતાર્યો અને તેની આખી પીઠ પર ઉઝરડાના નિશાન હતા. મારી સાથે કંઈ થયું નહીં, કારણ કે તે કોલેજમાં ઘણી બધી મહિલાઓ હતી.

તેણે આગળ કહ્યું- હું આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ, કારણ કે તે (જ્હોન) મને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને આ જ કારણે તેની પીઠ પર ઉઝરડા પડી ગયા. મારું માનવું છે કે આવું કોઈની પણ સાથે થઈ શકે છે, તે ફક્ત મહિલાઓ સાથે જ નથી થતું. બીજી તરફ, નિધિ અગ્રવાલ સાથે બનેલી ઘટના અંગે ચિત્રાંગદાએ કહ્યું- કેટલાક કાર્યક્રમોમાં પરિસ્થિતિ બેકાબૂ બની જાય છે, કારણ કે ભીડને નિયંત્રિત કરવી જરૂરી હોય છે. મેં નિધિના તે વીડિયો જોયા હતા અને તે ખરેખર ભયાવહ હતા. કદાચ ઈવેન્ટ મેનેજ કરતી એજન્સીઓની જવાબદારી હોય છે કે કલાકારો સુરક્ષિત રહે, પરંતુ આ ખૂબ જ ભયાવહ હતું. સમજાતું નથી કે તેમને આવી જગ્યાએ કેવી રીતે છોડી શકાય, આવું તેની સાથે કેવી રીતે બન્યું.

એક્ટ્રેસ નિધિ અગ્રવાલ સાથે ગયા વર્ષે 17 ડિસેમ્બરે હૈદરાબાદમાં ધક્કામુક્કી થઈ હતી. એક્ટ્રેસ પ્રભાસ અભિનીત ફિલ્મ 'ધ રાજા સાબ'ના ગીત લોન્ચ ઈવેન્ટમાં પહોંચી હતી. આ દરમિયાન તેને ભીડે ખરાબ રીતે ઘેરી લીધા હતા. ખેંચાતાણી વચ્ચે એક્ટ્રેસ ઘણી મુશ્કેલીથી કાર સુધી પહોંચી હતી.

તે જ સમયે, તેના થોડા દિવસો પછી, 20 ડિસેમ્બરે, જ્યારે સામંથા હૈદરાબાદમાં એક સાડી શોરૂમના ઉદ્ઘાટન સંબંધિત કાર્યક્રમમાં પહોંચી, ત્યારે તેને જોવા માટે ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી.

ઘણા ચાહકો તેની ખૂબ નજીક આવી ગયા હતા. એક્ટ્રેસના બોડીગાર્ડે જેમ તેમ કરીને ઘેરો બનાવીને ભીડને એક્ટ્રેસની નજીક આવતા રોકી, આ દરમિયાન એક્ટ્રેસ ઘણી વખત લથડી પણ ખરા. ક્યાંક તેની સાડી પણ ખેંચાઈ ગઈ.

# 'મિર્ઝાપુર: ધ ફિલ્મ'માં મોટો ટ્વિસ્ટ!:સ્વીટીના રોલમાં ફરી જોવા મળશે શ્રિયા પિલગાંવકર

(એજન્સી) મુંબઇ | તા.11



વેબ સિરીઝ 'મિર્ઝાપુર' પર ફિલ્મ બનાવવામાં આવી રહી છે, જેનું નામ 'મિર્ઝાપુ ધ ફિલ્મ' રાખવામાં આવ્યું છે. ફિલ્મ સાથે જોડાયેલી નવી માહિતી એ સામે આવી છે કે, તેમાં 'મંડલા મર્ડર્સ' ફેમ એક્ટ્રેસ શ્રિયા પિલગાંવકર પણ જોવા મળશે. શ્રિયાએ શનિવારે ઈન્સ્ટાગ્રામ પર જાણકારી આપી કે, તેણે ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. એક્ટ્રેસે ફિલ્મ સાથે જોડાયેલા બે ફોટો શેર કર્યાં છે. પહેલી તસવીરમાં ફિલ્મનો ક્લેપબોર્ડ દેખાઈ રહ્યો છે,

જ્યારે બીજી તસવીરમાં શ્રિયા અલી ફઝલ, શ્વેતા ત્રિપાઠી, દિવ્યેન્દુ શર્મા, પંકજ ત્રિપાઠી, રસિકા દુગ્ગલ સહિત અન્ય કલાકારો સાથે જોવા મળી રહી છે. કેપ્શનમાં તેણે લખ્યું, '8 વર્ષ પછી વિચારો કે કોણ મોતના મોંમાંથી પાછું ફર્યું છે. મિર્ઝાપુર: ધ ફિલ્મ. હાલ શૂટિંગ ચાલી રહ્યું છે. જલ્દી મુલાકાત થશે.'

# રાની મુખર્જી સ્ટારર 'મર્દાની 3'નું પોસ્ટર રિવીલ, મેકર્સે રિલીઝ ડેટ જાહેર કરી

(એજન્સી) મુંબઇ | તા.11

યશ રાજ ફિલ્મ્સ (YRF) એ શનિવારે ફિલ્મ 'મર્દાની 3'ની રિલીઝ ડેટની જાહેરાત કરી દીધી છે. રાની મુખર્જી સ્ટારર આ ફિલ્મ 30 જાન્યુઆરીએ રિલીઝ થશે.

YRFની 'મર્દાની' હિન્દી સિનેમાની સોલો ફીમેલ લીડ ફ્રેન્ચાઈઝી છે. 'મર્દાની 3'માં રાની મુખર્જી ફરી એકવાર પોલીસ અધિકારી શિવાની શિવાજી રોયના પાત્રમાં જોવા મળશે, જે ન્યાય માટે નિસ્વાર્થ ભાવે લડે છે.

YRF એ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મની રિલીઝ ડેટની જાહેરાત કરતા તેનું પોસ્ટર પણ શેર કર્યું. સાથે લખ્યું, 'તે ત્યાં સુધી નહીં અટકે, જ્યાં સુધી તે તે બધાંને બચાવી ન લે. રાની મુખર્જી 'મર્દાની 3'માં નીડર કોપ શિવાની શિવાજી રોય તરીકે પાછી આવી ગઈ છે. રેસ્ક્યુ 30 જાન્યુઆરીએ તમારા નજીકના સિનેમાઘરોમાં શરૂ થશે.' નોંધનીય છે કે, 'મર્દાની 3'નું ડિરેક્શન અભિરાજ મીનાવાલાએ કર્યું છે અને ફિલ્મનું નિર્માણ આદિત્ય ચોપરાએ કર્યું છે.

'મર્દાની'નો પહેલો ભાગ 22 ઓગસ્ટ 2014ના રોજ રિલીઝ થયો હતો, જેનું ડિરેક્શન પ્રદીપ સરકારે કર્યું હતું. ફિલ્મે ભારતમાં લગભગ 35 થી 36 કરોડ રૂપિયાની નેટ કમાણી કરી, જ્યારે વર્લ્ડવાઈડ કલેક્શન લગભગ 59.55 કરોડ રૂપિયા રહ્યું. બોક્સ ઓફિસ પર આ ફિલ્મ હિટ સાબિત થઈ.

# માહી વિજનું સલમાનના બેસ્ટફ્રેન્ડ સાથે ઈલુઈલુ

## ખુલ્લમખુલ્લા પ્રેમનો એકરાર કર્યો, દીકરી તારાએ પણ નદીમ કુરેશીને 'અબ્બા' ગણાવ્યો

(એજન્સી) મુંબઇ | તા.11

ટેલિવિઝનના સૌથી પોપ્યુલર કપલ જય ભાનુશાળી અને માહી વિજે 14 વર્ષના લગ્નજીવનનો અંત લાવ્યો છે. ત્યારે છૂટાછેડાની વાત વચ્ચે માહીએ સલમાન ખાનના બેસ્ટ ફ્રેન્ડ નદીમ કુરેશી માટે ખુલ્લમખુલ્લા પ્રેમ વ્યક્ત કર્યો છે. માહી અને જયની દીકરી તારાએ પણ નદીમને 'અબ્બા' (પિતા) કહીને સંબોધ્યા છે. માહીની પોસ્ટ ખૂબ ઝડપથી સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. ત્યારે ટ્રોલ થવાના ડરે માહીએ કોમેન્ટ સેક્શન બંધ કરી દીધું છે.

વાસ્તવમાં માહી વિજે નદીમ કુરેશીના જન્મદિવસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક ખાસ પોસ્ટ શેર કરી છે. માહીએ નદીમ સાથેનો એક ફોટો શેર કરીને પોતાની લાગણીઓ જાહેરમાં વ્યક્ત કરી છે. માહીએ પોતને અને નદીમને 'બે શરીર એક આત્મા' ગણાવ્યા છે.

માહીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, એ વ્યક્તિને જન્મદિવસ મુબારક, જેને મેં સંજોગોવશાત નહીં પરંતુ દિલથી પસંદ કરી છે. એ વ્યક્તિ માટે, જે મારા એક પણ શબ્દ બોલ્યા વગર મારી વાત સાંભળી લે છે; એ વ્યક્તિ માટે, જે મારી સાથે એટલા માટે નથી ઊભો કારણ કે તેણે ઊભા રહેવું પડે છે, પણ એટલા માટે ઊભો છે કારણ કે તે પોતે ઈચ્છે છે- તું જ મારો પરિવાર છે, તું જ મારું સુરક્ષિત સ્થાન છે અને તું જ મારો કાયમી સાથ છે. તું માત્ર મારો બેસ્ટ ફ્રેન્ડ જ નથી, તું મારી શાંતિ છે, મારી શક્તિ છે અને મારું ઘર છે. તારી સાથે હું જેવી છું તેવી રહી શકું છું- તૂટેલી, ખુશ, લાગણીશીલ કે અધૂરી અને તેમ છતાં હું સંપૂર્ણ સ્વીકૃતિ અને પ્રેમ અનુભવું છું. 'નદીમ અને માહી એક જ છે' હા,



ક્યારેક આપણે એકબીજા પર ગુસ્સે થઈએ છીએ. હા, આપણે લડીએ છીએ. હા, ક્યારેક આપણે દિવસો સુધી વાત પણ નથી કરતા. પરંતુ આપણી વચ્ચેનું મૌન ભલે ગમે તેટલું લાંબું હોય, તેનો અંત હંમેશા એક જ જગ્યાએ થાય છે- 'આપણા' પર. કારણ કે મનના ઊંડા ખૂણે આપણે બંને જાણીએ છીએ કે નદીમ અને માહી એક જ છે. આપણી આત્માઓ એકબીજા સાથે એવી રીતે જોડાયેલી છે કે, જેને શબ્દોમાં ક્યારેય પૂરેપૂરી રીતે સમજાવી શકાતી નથી.

'જે ઘા વિશે મને જાણ પણ નહોતી, તે એ ઘા રૂઝાવ્યા છે' જીવન હંમેશા સરળ નહોતું, પણ તારા હોવાથી બધું જ હળવું, બધું જ મજબૂત અને બધું જ બહેતર બનાવી દે છે. જ્યારે હું નબળી પડું છું, ત્યારે તું મારો સહારો બને છે, જ્યારે હું પોતાની જાત પર વિશ્વાસ કરવાનું ભૂલી જાઉં છું, ત્યારે તું મારા પર ભરોસો રાખે છે અને તું મને એવી રીતે પ્રેમ કરે છે કે, મારા એવા ઘા પણ રુઝાઈ જાય છે, જેના વિશે મને ખબર પણ નહોતી કે તે તૂટેલા હતા.

# પ્રભાસના ક્રેઝમાં ચાહકોએ સેંકડો લોકોના જીવ જોખમમાં મૂક્યા...!



## રાજા સાબ'ની સ્ક્રીનિંગ દરમિયાન ફેન્સે આરતી ઉતારવા જતાં થિયેટરમાં આગ ભભૂકી, અફરાતફરી મચી

(એજન્સી) મુંબઇ | તા.11

સાઉથ સુપરસ્ટાર પ્રભાસની ફિલ્મ 'રાજા સાબ' 9 જાન્યુઆરીએ રિલીઝ થઈ છે. આ ફિલ્મને લઈને ચાહકોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શનિવારે ઓડિશામાં તો ચાહકોએ હદ વટાવી હતી. પોતાના મનપસંદ હીરોની આરતી ઉતારવા જતાં ચાહકે સેંકડો લોકોના જીવ જોખમમાં મૂક્યા હતા. આરતીની થાળી પડી જતાં થિયેટરમાં આગ ભભૂકી ઉઠી હતી. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

શનિવારે ઓડિશાના રાયગઢામાં આવેલા અશોક ટોકીઝ હોલમાં 'રાજા સાબ' ફિલ્મનું સ્ક્રીનિંગ થઈ રહ્યું હતું. ફિલ્મની શરૂઆતમાં પ્રભાસ પર ફિલ્માવેલું ગીત ચાલી રહ્યું હતું. આ જોઈને ચાહકો ઉત્સાહિત થઈ ગયા. પ્રભાસના કેટલાક ચાહકો આરતીની થાળી લઈને સ્ક્રીનની આરતી ઉતારવા લાગ્યા. ભીડમાં ચાહકોના હાથમાંથી થાળી પડી ગઈ અને જોતજોતામાં આગ ફ્લોર પર ફેલાવા લાગી.

આગ લાગતાની સાથે જ થિયેટરમાં અફરાતફરી મચી ગઈ. જોકે, ત્યાં ઉપસ્થિત લોકોએ આગ ઓલવવાનો પ્રયાસ શરૂ કર્યો. થિયેટરમાં હાજર લોકોએ ગમછા અને કપડાં વડે આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો. આ અંગેના વીડિયો પણ વાઈરલ થયા છે. જોકે, કોઈ મોટી દુર્ઘટના સર્જાય, તે પહેલાં થિયેટર સ્ટાફ ત્યાં પહોંચ્યો હતો અને આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટના દરમિયાન કોઈ જાનહાનિ કે અનિચ્છનીય બનાવ બન્યો નથી.

પ્રભાસની ફિલ્મ પ્રત્યે આ પાગલપણું કંઈ પહેલીવાર નથી. ફિલ્મની રિલીઝના દિવસે પણ એક વિચિત્ર કિસ્સો પણ સામે આવ્યો હતો, જેમાં કેટલાક ચાહકો થિયેટરમાં મગર લઈને પહોંચ્યા હતા. વાસ્તવમાં ફિલ્મના એક દ્રશ્યમાં પ્રભાસને મગર સાથે લડતા બતાવવામાં આવ્યો છે. આનાથી પ્રેરિત થઈને કેટલાક ચાહકો થિયેટરમાં જ મગર લઈને પહોંચી ગયા. નોંધનીય છે કે, આ તમામ મગર નકલી હતા. ચાહકોના પાગલપણાંનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયો હતો. જોકે, અત્યાર સુધી એ સ્પષ્ટ નથી કે વાઈરલ થઈ રહેલો વીડિયો ક્યાંનો છે.

# કવ્વાલી નાઈટનું આયોજન કરાયું હતું....





મોટા પડદા પર નૂપુરે તેલુગુ ફિલ્મ 'ટાઈગર નાગેશ્વર રાવ'થી ડેબ્યૂ કર્યું. તે જ વર્ષે હોટસ્ટાર પર તેમનો શો 'પોપ કૌન?' પણ રિલીઝ થયો હતો. વર્ષ 2026માં નૂપુર હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ફિલ્મ 'નૂરાની ચેહરા'થી પોતાનું ડેબ્યૂ કરવા જઈ રહી છે. જ્યારે, સ્ટેબિન મ્યુઝિક ઈન્ડસ્ટ્રીનું જાણીતું નામ છે. મ્યુઝિક ફિલ્ડમાં તે વર્ષ 2018થી સક્રિય છે. તેણે ઘણી બોલિવૂડ ફિલ્મો માટે પણ ગીતો ગાયા છે.






# નૂપુર સેનન સ્ટેબિનની દુલ્હન બની:ખ્રિસ્તી રીત-રિવાજથી લગ્ન કર્યાં

(એજન્સી) મુંબઇ | તા.11

બોલિવૂડ એક્ટ્રેસ નૂપુર સેનને શનિવારે તેના લાંબા સમયના બોયફ્રેન્ડ સ્ટેબિન સાથે લગ્ન કર્યા છે. એક્ટ્રેસે ઉદયપુરમાં નજીકના મિત્રો અને સંબંધીઓની હાજરીમાં લગ્ન કર્યાં છે. નૂપુરે સ્ટેબિન બેન સાથે ખ્રિસ્તી રીતિ-રિવાજ મુજબ લગ્ન કર્યા છે, જેમાં તેની બહેન ક્રિતિ સેનનનો બોયફ્રેન્ડ કબીર સિંહ બાહિયા પણ હાજર રહ્યો હતો.

નૂપુર અને સ્ટેબિનના વેડિંગ પ્લાનરના સોશિયલ મીડિયા પર તેમના ખ્રિસ્તી લગ્નની અંદરની તસવીરો શેર કરવામાં આવી છે. લગ્નમાં નૂપુરે સફેદ ગાઉન પહેર્યું હતું, જ્યારે ક્રિતિ સેનન બ્લુ લાંબા ડ્રેસમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી.

થોડા દિવસો પહેલા નૂપુર સેનનના નજીકના સૂત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, નૂપુર 11 જાન્યુઆરી એટલે કે આજે ઉદયપુરમાં લગ્ન કરવા જઈ રહી છે. આવી સ્થિતિમાં, અનુમાન લગાવી શકાય છે કે, ક્રિશ્ચન વેડિંગ પછી આજે નૂપુર અને સ્ટેબિન હિંદુ રીતિ-રિવાજોથી લગ્ન કરી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, ઉદયપુરમાં ઈન્ટિમેટ વેડિંગ સેરેમની પછી નૂપુર અને સ્ટેબિન 13 જાન્યુઆરીએ મુંબઈમાં ગ્રાન્ડ રિસેપ્શન રાખશે. નૂપુર સેનન અને સ્ટેબિનના લગ્નની વિધિઓ ઉદયપુરના રેફલ્સ હોટલમાં ચાલી રહી છે. 7 જાન્યુઆરીએ ક્રિતિ પરિવાર સાથે ઉદયપુર પહોંચી હતી, જેના પછી 8 જાન્યુઆરીએ નૂપુર અને સ્ટેબિનની સંગીત સેરેમની થઈ. સંગીત સેરેમનીમાં નૂપુરે 'સજના જી વારી વારી' ગીત પર પરફોર્મન્સ આપ્યું. આ ઉપરાંત, ક્રિતિએ પણ અનેક ગીતો પર થિરકતા બહેન માટે પરફોર્મ કર્યું.

રોમાંચક શૂટઆઉટમાં વિજય મેળવી પાઈપર્સે ખિતાબ જીત્યો અને બેંગાલ ટાઈગર્સ હાર્યું

# એસજી પાઈપર્સ ચેમ્પિયન બની મહિલા હોકીમાં રચ્યો ઈતિહાસ

## મહિલા હોકી ઈન્ડિયા લીગ ૨૦૨૫-૨૬ ની ફાઈનલમાં એસજી પાઈપર્સનો દબદબો

(એજન્સી) રાંચી । તા. 11

ઝારખંડની રાજધાની રાંચી ખાતે રમાયેલી મહિલા હોકી ઈન્ડિયા લીગ ૨૦૨૫-૨૬ ની અત્યંત રોમાંચક ફાઈનલ મેચમાં એસજી પાઈપર્સે શાનદાર પ્રદર્શન કરતા ખિતાબ પોતાના નામે કર્યો છે. નિર્ધારિત સમયમાં બંને ટીમો ૧-૧ થી બરાબરી પર રહ્યા બાદ, મેચનો નિર્ણય શૂટઆઉટ દ્વારા લેવામાં આવ્યો હતો. શૂટઆઉટમાં એસજી પાઈપર્સે શ્રાચી બેંગાલ ટાઈગર્સને ૩-૨ થી હરાવીને પ્રતિષ્ઠિત ટ્રોફી જીતી લીધી હતી. આ જીત સાથે જ એસજી પાઈપર્સની ટીમ મહિલા હોકી જગતની નવી ચેમ્પિયન તરીકે ઉભરી આવી છે.




### ખરાખરીનો જંગ અને શૂટઆઉટનો રોમાંચ

મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. શ્રાચી બેંગાલ ટાઈગર્સ તરફથી લાલરેમસિયામીએ ૧૬મી મિનિટે ગોલ કરીને ટીમને લીડ અપાવી હતી. જોકે, એસજી પાઈપર્સે હાર માની ન હતી અને ૫૩મી મિનિટે પ્રીતિ દુબેએ શાનદાર ગોલ કરીને સ્કોર ૧-૧ થી બરાબર કરી દીધો હતો. અંતિમ મિનિટોમાં બંને ટીમોએ વિજયી ગોલ કરવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું, પરંતુ ડિફેન્સની મજબૂતીને કારણે મેચ શૂટઆઉટમાં ખેંચાઈ હતી. શૂટઆઉટમાં કેપ્ટન નવનીત કૌર અને જુઆના કાસ્ટેલારોએ સફળ ગોલ કર્યા હતા, જ્યારે લોલા રિયેરાએ પેનલ્ટી સ્ટ્રોકને ગોલમાં ફેરવી ટીમને જીત અપાવી હતી.

### ઈનામોની વણઝાર અને વ્યક્તિગત સિદ્ધિઓ

હોકી ઈન્ડિયા લીગ દ્વારા વિજેતા ટીમ એસજી પાઈપર્સને ૧.૫ કરોડ રૂપિયાની માતબર ઈનામી રકમ આપવામાં આવી હતી. રનર્સ-અપ રહેલી શ્રાચી બેંગાલ ટાઈગર્સને ૧ કરોડ રૂપિયા અને ત્રીજા સ્થાને રહેલી રાંચી રોયલ્સને ૫૦ લાખ રૂપિયાનું ઈનામ મળ્યું હતું. વ્યક્તિગત દેખાવની વાત કરીએ તો, એસજી પાઈપર્સની કેપ્ટન નવનીત કૌરને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' જાહેર કરવામાં આવી હતી અને તેને ૨૦ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું. તે જ રીતે બંસરી સોલંકીને સર્વશ્રેષ્ઠ ગોલકીપર અને સુનેલિતા ટોપ્પોને ઉભરતી ખેલાડી તરીકે ૫-૫ લાખ રૂપિયાના પુરસ્કાર મળ્યા હતા.

### બંસરી સોલંકીનો જાદુઈ દેખાવ

શૂટઆઉટમાં એસજી પાઈપર્સની ગોલકીપર બંસરી સોલંકીએ અદભૂત કૌશલ્ય બતાવ્યું હતું. તેણે વિરોધી ટીમના ત્રણ મહત્વના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા, જેમાં એક પેનલ્ટી સ્ટ્રોકનો પણ સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, બંસરીના આ પ્રદર્શને જ મેચનું પાસું પલટી નાખ્યું હતું. બીજી તરફ બેંગાલ ટાઈગર્સની લાલરેમસિયામી અને વંદના કટારિયાએ પણ પ્રશંસનીય રમત બતાવી હતી, પરંતુ નસીબે તેમને સાથ આપ્યો ન હતો.

### હોકી પ્રેમીઓ માટે યાદગાર રાત્રિ

રાંચીનું સ્ટેડિયમ પ્રેક્ષકોથી ખીચોખીચ ભરેલું હતું અને દરેક શોટ પર સ્ટેડિયમ ગુંજી ઉઠતું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ લીગની સફળતાએ ભારતમાં મહિલા હોકીના ભવિષ્યને વધુ ઉજ્જવળ બનાવ્યું છે. રાંચી રોયલ્સની ટીમને ફેરપ્લે એવોર્ડથી નવાજવામાં આવી હતી.

આ ટુર્નામેન્ટમાં વિશ્વભરની શ્રેષ્ઠ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેણે ભારતીય યુવા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનો અનુભવ પૂરો પાડ્યો છે. ચેમ્પિયન બન્યા બાદ એસજી પાઈપર્સની છાવણીમાં મોડી રાત સુધી વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો હતો.

# ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ 2026 દીવમાં ખેલાડીઓનો ઉત્સાહ વધારશે



(એજન્સી) દીવ । તા. 11

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં રમતગમતના ક્ષેત્રે એક નવી ક્રાંતિનો પ્રારંભ થઈ રહ્યો છે. 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬' ના આયોજનને પગલે આ દરિયાકાંઠાના વિસ્તારોમાં બીચ ફૂટબોલ જેવી રમતો હવે માત્ર મનોરંજન નહીં, પરંતુ યુવા રમતવીરો માટે કારકિર્દીનો એક મજબૂત માર્ગ બની રહી છે. પ્રશાસન દ્વારા લેવામાં આવેલા નક્કર પગલાંઓને કારણે ખાસ કરીને આદિવાસી બહુલ વિસ્તારોના યુવાનોમાં રમતગમત પ્રત્યેની રુચિમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬ ના ડાયરેક્ટર અરુણ ગુપ્તાના જણાવ્યા અનુસાર, સંઘ પ્રદેશના ત્રણેય જિલ્લાઓમાં વિશ્વસ્તરીય રમતગમત ક્ષેત્રે માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. આ રોકાણનો મુખ્ય હેતુ ઉભરતી પ્રતિભાઓને લાંબા ગાળાની તકો પૂરી પાડવાનો અને બીચ ફૂટબોલ જેવી રમતોને સંસ્થાકીય ટેકો આપવાનો છે. અત્યાધુનિક સ્ટેડિયમો અને તાલીમ કેન્દ્રોને કારણે હવે સ્થાનિક ખેલાડીઓને પોતાના જ પ્રદેશમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સગવડો મળી રહી છે.

## ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ 2026: કર્ણાટક બન્યું ઓવરઓલ ચેમ્પિયન



દીવ | કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા બીચ પર રમાયેલી 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ 2026' ની બીજી આવૃત્તિમાં કર્ણાટકે શાનદાર પ્રદર્શન કરતા ઓવરઓલ ચેમ્પિયનનો તાજ જીતી લીધો છે. શનિવારે રમાયેલી સ્પર્ધાઓમાં કર્ણાટકના અસ્મિતા ચંદ્રા અને ધ્રુપદ રામકૃષ્ણએ ૫ કિમી ઓપન વોટર સ્વિમિંગમાં ગોલ્ડ મેડલ જીતીને રાજ્યને મેડલ ટેલીમાં પ્રથમ સ્થાને પહોંચાડ્યું હતું. આ રમતોત્સવમાં દેશના ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૧૦૦ થી વધુ ખેલાડીઓએ ૮ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. મેડલ ટેલી અને રાજ્યોનું પ્રદર્શનઅત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ટોચના ત્રણેય રાજ્યો - કર્ણાટક, તમિલનાડુ અને મણિપુર પાસે સમાન ૩ ગોલ્ડ અને ૨ સિલ્વર મેડલ હતા, પરંતુ વધુ બ્રોન્ઝ મેડલના આધારે કર્ણાટક વિજેતા બન્યું હતું.

## ઋષભ પંત ઈજાગ્રસ્ત ભારત ન્યૂઝીલેન્ડ શ્રેણીમાંથી બહાર



વડોદરા | ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ૧૧ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલી ત્રણ મેચની વનડે શ્રેણી પહેલા ભારતીય ક્રિકેટ ટીમને મોટો આંચકો લાગ્યો છે. ટીમના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત વડોદરાના બીસીએ સ્ટેડિયમમાં નેટ પ્રેક્ટિસ દરમિયાન ઈજાગ્રસ્ત થતા શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. પંતના સ્થાને પસંદગી સમિતિએ યુવા અને પ્રતિભાશાળી ખેલાડી ધ્રુવ જુરેલને ટીમમાં સ્થાન આપ્યું છે. જુરેલ માટે આ શ્રેણીમાં વનડે ડેબ્યૂ કરવાની સુવર્ણ તક છે, કારણ કે તે અગાઉ ટેસ્ટ અને ટી૨૦માં પોતાની ક્ષમતા સાબિત કરી ચૂક્યો છે.

# ચેન્નાઈ સિંગમ્સ આઈએસપીએલ વિજય ધમાકેદાર પ્રારંભ

## સરફરાઝ ખાનની શાનદાર બેટિંગ જોવા મળી, ટાઈગર્સ ઓફ કોલકાતા પરાજયનો સામનો કર્યો

(એજન્સી) સુરત । તા. 11



ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) ની ત્રીજી સીઝનનો સુરતના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે ધમાકેદાર પ્રારંભ થયો છે. સીઝનની પોતાની પ્રથમ મેચમાં ચેન્નાઈ સિંગમ્સે અદભૂત પ્રદર્શન કરતા ટાઈગર્સ ઓફ કોલકાતાને ૪૪ રને હરાવીને વિજયી પ્રારંભ કર્યો છે. સરફરાઝ ખાનની તોફાની બેટિંગ અને જગન્નાથ સરકારની વેધક બોલિંગની મદદથી ચેન્નાઈએ મેચ પર સંપૂર્ણ પકડ જમાવી હતી. આ જીત સાથે ચેન્નાઈ સિંગમ્સે ટૂર્નામેન્ટમાં પોતાના મજબૂત ઈરાદાઓ વ્યક્ત કરી દીધા છે.

સરફરાઝની તોફાની ફિફ્ટી અને ટીમનો સ્કોરઅત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ચેન્નાઈની શરૂઆત નબળી રહી હતી અને માત્ર ૧૦ રનમાં ૨ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, સરફરાઝ ખાને ૨૪ બોલમાં ૪૫ રનની આક્રમક ઈનિંગ રમીને બાજી પલટી નાખી હતી. સાતમી ઓવરમાં '૫૦-૫૦ ચેલેન્જ' દરમિયાન ચેન્નાઈએ ૪૦ રન ફટકારીને સ્કોરબોર્ડને ગતિ આપી હતી. અંતિમ ઓવરોમાં સંભાજી પાટીલના ૧૪ રનની મદદથી ચેન્નાઈએ નિર્ધારિત ઓવરમાં ૧૦૨/૮ રન બનાવ્યા હતા, જે આ સીઝનનો પ્રથમ ૧૦૦ પ્લસ સ્કોર છે.

બોલરોનો તરખાટ અને ભવ્ય જીતજાણો સમગ્ર ઘટનાક્રમ, ૧૦૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી કોલકાતાની ટીમ ચેન્નાઈના બોલરો સામે લાચાર જોવા મળી હતી. જગન્નાથ સરકારે શાનદાર બોલિંગ કરતા માત્ર ૭ રન આપી ૨ વિકેટ ઝડપી હતી. ડેબ્યુટન્ટ આશિષ પાલે પણ ૨ વિકેટ લઈને કોલકાતાની કમર તોડી નાખી હતી. મીડિયા અહેવાલ મુજબ, કોલકાતાની ટીમ લક્ષ્યાંકની નજીક પણ પહોંચી શકી નહોતી અને ચેન્નાઈએ ૪૪ રને આસાન વિજય મેળવ્યો હતો. આ જીતથી ચેન્નાઈના ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.




૨૦૮ રનનો વિશાળ લક્ષ્યાંક રાખવામાં આવ્યો

# યુપી વોરિયર્સ પરાજય ગુજરાત જાયન્ટ્સ સામે 10 રને હાર

(એજન્સી) નવી મુંબઈ । તા. 11

નવી મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમ ખાતે રમાયેલી મહિલા પ્રીમિયર લીગની બીજી મેચમાં ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયર્સને ૧૦ રનથી હરાવી રોમાંચક વિજય મેળવ્યો છે. ૨૦૮ રનના પહાડ જેવા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી યુપી વોરિયર્સની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૯૭/૮ રન જ બનાવી શકી હતી. યુપી તરફથી ઓપનર ફોબી લિચફિલ્ડે ૪૦ બોલમાં ૭૮ રનની તોફાની ઈનિંગ રમીને જીતની આશા જગાડી હતી, પરંતુ મધ્યક્રમના ધબડકાને કારણે ટીમ લક્ષ્યાંકથી થોડી દૂર રહી ગઈ હતી.

લિચફિલ્ડનો સંઘર્ષ અને બેટિંગ ડેપ્થ અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, મેચ બાદ ફોબી લિચફિલ્ડે જણાવ્યું કે તેમની ટીમ પાસે બેટિંગમાં ઘણી વૈવિધ્યતા અને તાકાત છે. તેણે શ્વેતા સેહરાવત અને ડીએન્ડ્રા ડોટિનની આક્રમક રમતની પ્રશંસા કરતા કહ્યું કે તેમના કારણે મેગ લેનિંગ અને તેને ક્રિઝ પર જામવામાં મદદ મળે છે. લિચફિલ્ડે પીચને બેટિંગ માટે સાનુકૂળ ગણાવી હતી, પરંતુ ૨૦૦થી વધુનો સ્કોર ડિફેન્ડ કરવો મુશ્કેલ હોવાનું પણ સ્વીકાર્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, લિચફિલ્ડની ઈનિંગમાં ૮ ચોગ્ગા અને ૫ ગગનચુંબી છગ્ગા સામેલ હતા.

એફએ કપ ત્રીજો રાઉન્ડમાં માન્ચેસ્ટર સિટીએ હરીફ ટીમને ધૂળ ચટાડી

# માન્ચેસ્ટર સિટીની શાનદાર જીત એક્સેટર સિટી સામે દસ ગોલ ફટકાર્યા

(એજન્સી) માન્ચેસ્ટર । તા. 11

ફૂટબોલ જગતના દિગ્ગજ ક્લબ માન્ચેસ્ટર સિટીએ એફએ કપ ૨૦૨૬માં વિસ્ફોટક શરૂઆત કરી છે. શનિવારે રાત્રે ઈતિહાદ સ્ટેડિયમ ખાતે રમાયેલા ત્રીજા રાઉન્ડના મુકાબલામાં માન્ચેસ્ટર સિટીએ એક્સેટર સિટીને ૧૦-૧ થી હરાવીને ફૂટબોલ ઈતિહાસની સૌથી પ્રભુત્વશાળી જીત પૈકીની એક નોંધાવી છે. પેપ ગાર્ડિઓલાના માર્ગદર્શન હેઠળની આ ટીમે મેદાન પર એવો તરખાટ મચાવ્યો કે એક્સેટર સિટીના રક્ષણકર્તાઓ માત્ર મૂકપ્રેક્ષક બનીને જોતા રહી ગયા હતા. આ જીત સાથે માન્ચેસ્ટર સિટીએ પોતાના વિરોધીઓને સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે કે તેઓ આ સિઝનમાં પણ ખિતાબના પ્રબળ દાવેદાર છે.



### શરૂઆતી સંઘર્ષ અને વળતો પ્રહાર

મેચની પ્રથમ પાંચ મિનિટમાં એક્સેટર સિટીએ યજમાન ટીમને ચોંકાવવાનો પ્રયાસ કર્યો હતો. એડ ટર્ન્સના હેડરને સિટીના ગોલકીપર જેમ્સ ટ્રેફોર્ડે અદભૂત રીતે બચાવી લીધો હતો. જોકે, આ ઘટના બાદ માન્ચેસ્ટર સિટીએ ગતિ પકડી હતી. ૧૨મી મિનિટે યુવા ડિફેન્ડર મેક્સ એલીને નજીકના અંતરેથી ગોલ કરીને ટીમને ૧-૦ થી લીડ અપાવી હતી. આ મેક્સ એલીનનો ક્લબ માટે પ્રથમ ગોલ હતો. ત્યારબાદ રોડ્રીએ દૂરથી એક શક્તિશાળી શોટ મારીને સ્કોર ૨-૦ કરી દીધો હતો, જેનાથી એક્સેટરની ડિફેન્સ લાઈન સંપૂર્ણપણે વેરવિખેર થઈ ગઈ હતી.

### સેમેન્યોનું શાનદાર ડેબ્યુ અને ગોલની વણઝાર

હાફ ટાઈમ પહેલા એક્સેટર સિટીની મુશ્કેલીઓ વધી ગઈ હતી, જ્યારે જેક ડોયલ-હેસ અને જેક ફિટ્ઝવોટર દ્વારા કરવામાં આવેલા 'સેલ્ફ ગોલ'ને કારણે સિટી ૪-૦ થી આગળ નીકળી ગયું હતું. બીજા હાફમાં પણ માન્ચેસ્ટર સિટીએ કોઈ દયા દાખવી ન હતી. નવા ખેલાડી એન્ટોઈન સેમેન્યોએ પોતાના ડેબ્યુ મેચમાં શાનદાર પ્રદર્શન કરતા રિકો લેવિસને પાંચમો ગોલ કરવામાં મદદ કરી હતી અને ૫૪મી મિનિટે પોતે પણ ગોલ ફટકાર્યો હતો. સ્કોર ૬-૦ થતા જ મેચ એકતરફી બની ગઈ હતી.

### યુવા ખેલાડીઓનો દબદબો

માન્ચેસ્ટર સિટીએ બીજા હાફમાં એકેડમીના યુવા ખેલાડીઓ સ્ટીફન મફુની અને રાયન મેકઆઈડૂને પણ તક આપી હતી. મિડફિલ્ડર ટિજ્જાની રીજન્ડર્સે ૭૧મી મિનિટે સાતમો ગોલ કર્યો હતો. ત્યારબાદ નિકો ઓરેલી અને મેકઆઈડૂએ સાત મિનિટના ગાળામાં બે ગોલ કરીને એક્સેટરની હાલત કફોડી કરી દીધી હતી. જોકે, એક્સેટર સિટી તરફથી જ્યોર્જ બિર્ચે એક આશ્વાસનરૂપ ગોલ કરવામાં સફળતા મેળવી હતી, પરંતુ મેચના અંતિમ સમયે રિકો લેવિસે ફરી એકવાર ગોલ કરીને ૧૦-૧ ના ઐતિહાસિક સ્કોર સાથે સિટીનો વિજય નિશ્ચિત કર્યો હતો.

જોનાથન બેટીનું નિવેદન સામે આવ્યું

# દિલ્હી કેપિટલ્સ ડબલ્યુપીએલ હાર મુંબઈ સામે પરાજય

(એજન્સી) મુંબઈ । તા. 11



મહિલા પ્રીમિયર લીગ (WPL 2026) ની રોમાંચક શરૂઆત થઈ છે, પરંતુ દિલ્હી કેપિટલ્સ માટે પ્રારંભ નિરાશાજનક રહ્યો છે. મુંબઈના ડીવાય પાટીલ સ્પોર્ટ્સ એકેડમી ખાતે રમાયેલી સીઝનની પ્રથમ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને ૫૦ રનથી માત આપી છે. ૧૯૬ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી દિલ્હીની ટીમ ૧૯ ઓવરમાં ૧૪૫ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. દિલ્હી તરફથી ચિનેલ હેનરીએ ૩૩ બોલમાં ૫૬ રનની લડાયક ઈનિંગ રમી હતી, પરંતુ તે ટીમને જીત અપાવવા માટે પૂરતી નહોતી. કોચ જોનાથન બેટીનું વિશ્લેષણ અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ જોનાથન બેટીએ મેચ બાદ જણાવ્યું હતું કે શરૂઆતની ૧૦ ઓવરમાં બોલિંગ પ્લાન મુજબ રહી હતી, પરંતુ મુંબઈના બેટ્સમેનોએ શાનદાર ભાગીદારી કરીને મેચ ખેંચી લીધી હતી. કોચના મતે ૧૯૦ રનનો સ્કોર ચેઝ કરી શકાય તેવો હતો, પરંતુ બેટિંગ લાઈનઅપ અપેક્ષા મુજબ ક્લિક થઈ શકી નહોતી. નિકોલા કેરીની સ્પેલ નિર્ણાયક સાબિત થઈ જેણે દિલ્હીને દબાણમાં લાવી દીધું હતું. નંદની શર્માનું શાનદાર ડેબ્યૂ જાણો સમગ્ર ઘટનાક્રમ, આ મેચમાં દિલ્હી માટે સૌથી મોટું હકારાત્મક પાસું યુવા ખેલાડી નંદની શર્માનું પ્રદર્શન રહ્યું છે. ડેબ્યૂ મેચમાં ૨/૨૬ ના આંકડા સાથે તેણે સૌને પ્રભાવિત કર્યા છે.



# ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ દેશભરમાં ઉત્સાહ, દિગ્ગજ રમતવીરોની સહભાગીતા નોંધાઈ છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

દેશમાં સ્વાસ્થ્ય અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુ સાથે રવિવારે 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' ની ૫૬મી આવૃત્તિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાની સાથે બેડમિન્ટન સ્ટાર પુલેલા ગોપીચંદ અને ટેનિસ દિગ્ગજ લેન્ડર પેસ જેવા નામી રમતવીરોએ સાયકલિંગ કરીને યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા. રાજધાની દિલ્હી સહિત દેશના ખૂણેખૂણે આ અભિયાન હવે એક જન આંદોલન બની ગયું છે, જેમાં લાખો નાગરિકો ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે.

સાયકલિંગ અને નેતૃત્વના પાઠ અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, મંત્રી મનસુખ માંડવિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે એક વર્ષ પહેલા માત્ર ૨૪૦ સ્થળોએ શરૂ થયેલું આ અભિયાન આજે ૧૫,૦૦૦ થી વધુ સ્થળોએ ફેલાઈ ચૂક્યું છે. તેમણે સાયકલિંગના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, સાયકલ ચલાવવાથી સંતુલન જળવાય છે અને આ સંતુલન નેતૃત્વ કરવા માટે અનિવાર્ય ગુણ છે. મીડિયા અહેવાલ મુજબ, આ કાર્યક્રમમાં અભિનેત્રી પાયલ રોહતગી અને મધ્યપ્રદેશના રમતગમત મંત્રી વિશ્વાસ સારંગે પણ ભાગ લીધો હતો.

જન આંદોલન અને રમતવીરોનો પ્રતિસાદ જાણો સમગ્ર ઘટનાક્રમ, લેન્ડર પેસ અને પુલેલા ગોપીચંદે સરકારના આ પ્રયાસોની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. લેન્ડર પેસે જણાવ્યું કે ખેલો ઈન્ડિયા અને ઓલિમ્પિકલક્ષી યોજનાઓ દ્વારા રમત મંત્રાલય ખેલાડીઓને સર્વોત્તમ ટેકો આપી રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ડિસેમ્બર ૨૦૨૪ માં લોન્ચ થયેલા આ અભિયાનમાં અત્યાર સુધી ૨ લાખથી વધુ સ્થળોએ ૨૨ લાખથી વધુ લોકો સહભાગી થયા છે. આ અભિયાન માત્ર ફિટનેસ જ નહીં, પણ પર્યાવરણની સુરક્ષા અને ટકાઉ જીવનશૈલીનો સંદેશ પણ ફેલાવી રહ્યું છે.

### વૈશ્વિક સુરક્ષા અભિયાન અંતર્ગત અમેરિકાએ આતંકવાદીઓ પર બોલાવ્યો મધરાતે કહેર

# સીરિયામાં અમેરિકી હુમલો ISISના ઠેકાણાઓ જમીનદોસ્ત

(એજન્સી) ફ્લોરિડા । તા. 11

મધ્ય પૂર્વના દેશ સીરિયામાં રવિવારની વહેલી સવારે યુદ્ધ જેવો માહોલ સર્જાયો હતો. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ તેના સાથી દળો સાથે મળીને આતંકવાદી સંગઠન ISIS વિરુદ્ધ અત્યાર સુધીનું સૌથી મોટું સૈન્ય અભિયાન હાથ ધર્યું છે. 'ઓપરેશન હોકઆઈ સ્ટ્રાઈક' નામના આ મિશન હેઠળ સીરિયામાં આઈએસઆઈએસના અનેક મહત્વના ઠેકાણાઓ પર એકસાથે અનેક હુમલા કરવામાં આવ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કડક આદેશ બાદ આ સૈન્ય કાર્યવાહી કરવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકી સૈનિકો પર થયેલા હુમલાનો જડબાતોડ જવાબ આપવાનો છે.



### ઓપરેશન હોકઆઈ સ્ટ્રાઈકનો પ્રારંભ

સીરિયામાં અમેરિકી હુમલો પૂર્વીય સમય મુજબ બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ શરૂ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ કમાન્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ હુમલાઓ આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવાની અમેરિકાની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. આ ઓપરેશન દ્વારા અમેરિકાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો કોઈ તેમના સૈનિકોને નુકસાન પહોંચાડશે, તો તેઓને દુનિયાના કોઈ પણ ખૂણે શોધીને ખતમ કરવામાં આવશે. આ હુમલાઓમાં આતંકવાદીઓના તાલીમ કેન્દ્રો અને શસ્ત્રાગારોને નિશાન બનાવવામાં આવ્યા છે.

### સૈનિકોના મોતનો ભીષણ બદલો

આ ઓપરેશનની પૃષ્ઠભૂમિમાં ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સીરિયાના પાલમીરામાં થયેલો આતંકવાદી હુમલો જવાબદાર છે. તે સમયે ISIS ના આતંકીઓએ કરેલા હુમલામાં આયોવા નેશનલ ગાર્ડના બે બહાદુર અમેરિકી સૈનિકો, સાર્જન્ટ એડગર બ્રાયન ટોરેસ ટોવાર અને સાર્જન્ટ વિલિયમ નાથાનીએલ હોવર્ડ શહીદ થયા હતા. આ સાથે એક અમેરિકી નાગરિક દુભાષિયાનું પણ મોત થયું હતું. પોતાના જવાનોની શહાદતનો બદલો લેવા માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૧૯ ડિસેમ્બરે જ આ ઓપરેશનની જાહેરાત કરી દીધી હતી, જેનો અમલ હવે ભયાનક રીતે કરવામાં આવ્યો છે.

### 90 થી વધુ સચોટ મિસાઈલોનો મારો

મીડિયા અહેવાલ મુજબ, આ ઓપરેશન અત્યંત વ્યવસ્થિત અને આધુનિક હતું. અમેરિકાએ આ હુમલામાં બે ડઝનથી વધુ અત્યાધુનિક લડાકુ વિમાનોનો ઉપયોગ કર્યો હતો. આ વિમાનોએ સીરિયામાં ફેલાયેલા આતંકવાદીઓના ૩૫ થી વધુ ઠેકાણાઓ પર ૯૦ થી વધુ સચોટ ગાઈડેડ મિસાઈલો છોડી હતી. આ હુમલા એટલા પ્રચંડ હતા કે આતંકવાદીઓને સંભાળવાનો પણ મોકો મળ્યો ન હતો.

### સૈનિકોના સંકટથી ઝઝૂમી રહેલા યુક્રેનનો નિર્ણય

# અફઘાન શરણાર્થીઓની પાક. થી હકાલપટ્ટી ખાલી હાથે પરત

(એજન્સી) કાબુલ । તા. 11

પાકિસ્તાન દ્વારા અફઘાન શરણાર્થીઓને બળજબરીપૂર્વક દેશનિકાલ કરવાની પ્રક્રિયા તેજ બનાવતા હજારો પરિવારો અત્યંત દયનીય સ્થિતિમાં અફઘાનિસ્તાન પરત ફરી રહ્યા છે. પાકિસ્તાનથી હાંકી કાઢવામાં આવેલા આ લોકો પોતાની વર્ષોની મૂડી અને સામાન પાછળ છોડીને ખાલી હાથે સ્વદેશ આવવા મજબૂર બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, દરરોજ ૨,૫૦૦ થી વધુ શરણાર્થીઓ કાબુલની શરણાર્થી છાવણીઓમાં પહોંચી રહ્યા છે, જ્યાં તેમને પ્રાથમિક સહાય આપીને તેમના વતન રવાના કરવામાં આવે છે. પરત ફરેલા લોકોમાં બાળકો અને મહિલાઓની સંખ્યા વધુ છે, જેઓ ભવિષ્યને લઈને ચિંતિત છે.

શરણાર્થીઓની આપવીતી અને પાકિસ્તાની અત્યાચાર અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, પરત ફરેલા શરણાર્થીઓએ પાકિસ્તાની સત્તાવાળાઓ પર ગંભીર આક્ષેપો કર્યા છે. એક પીડિત બાળકે જણાવ્યું કે પાકિસ્તાનમાં દરરોજ તેમને દેશ છોડી દેવાની ધમકી આપવામાં આવતી હતી અને તેમની શાળાઓ પણ બંધ કરી દેવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાની પોલીસ દરરોજ લોકોના ઘરે જઈને તેમને ડરાવતી હતી. આ લોકો હવે અફઘાનિસ્તાનમાં પોતાના બાળકો માટે શિક્ષણ અને રોજગારીની તકોની આશા રાખી રહ્યા છે.

માનવીય સંકટ અને આંતરરાષ્ટ્રીય ચિંતા જાણો સમગ્ર ઘટનાક્રમ, કાબુલના શરણાર્થી છાવણીના અધિકારી અબ્દુલ બસીર સિદ્દિકીએ જણાવ્યું કે પરત ફરનારાઓ માટે મફત ભોજન, સ્વાસ્થ્ય સેવાઓ અને રહેવા માટે ટેન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે, સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ એ ચિંતા વ્યક્ત કરી છે કે ૨૩ લાખ શરણાર્થીઓના આકસ્મિક પુનરાગમનથી અફઘાનિસ્તાનની નબળી અર્થવ્યવસ્થા પર ભારે બોજ પડશે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે પણ પાકિસ્તાનના વડાપ્રધાનને પત્ર લખીને મનસ્વી ધરપકડ અને પજવણી રોકવા અપીલ કરી છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકા માસ શૂટિંગ પાકિસ્તાની યુવક નરસંહાર કરે તે પહેલા ઝડપાયો



વોશિંગ્ટન | અમેરિકામાં એક મોટી આતંકી આશંકા અને ભયાનક નરસંહારની યોજનાને નિષ્ફળ બનાવવામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. ડેલવેર યુનિવર્સિટીના ૨૫ વર્ષીય પાકિસ્તાની મૂળના વિદ્યાર્થી લુકમાન ખાનની હથિયારોના વિશાળ જથ્થા સાથે ધરપકડ કરવામાં આવી છે. તે શૈક્ષણિક કેમ્પસમાં માસ શૂટિંગની ઘટનાને અંજામ આપી 'શહીદી' વહોરવાના ઈરાદે નીકળ્યો હતો. પોલીસ અને એફબીઆઈ (FBI) ની સતર્કતાને કારણે હજારો વિદ્યાર્થીઓના જીવ બચી ગયા છે. આરોપી પાસેથી જપ્ત કરાયેલા અત્યાધુનિક શસ્ત્રો જોઈને તપાસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે.

### યમન આંતરવિગ્રહ સરકારનો વિજય હદરામૌત અને અલ મહરા કબજે

એડેન | યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારે દક્ષિણ અને પૂર્વી યમનના મહત્વના વિસ્તારોમાં ફરીથી પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું હોવાનો દાવો કર્યો છે. રાષ્ટ્રપતિ નેતૃત્વ પરિષદના પ્રમુખ રશાદ અલ-અલીમીએ સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું કે, સરકારી દળોએ અલગતાવાદી સંગઠન સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ ને પછાડીને હદરામૌત અને અલ-મહરા જેવા વ્યૂહાત્મક પ્રાંતો પર પુનઃ નિયંત્રણ મેળવી લીધું છે. આ ઘટનાક્રમ બાદ સમગ્ર દક્ષિણ યમનમાં સત્તાવાર સત્તાની પુનઃસ્થાપના થઈ છે. વ્યૂહાત્મક વિસ્તારો પર સરકારી પ્રભુત્વ મીડિયા અહેવાલ મુજબ, સાઉદી અરેબિયા સમર્થિત સૈન્ય અભિયાન દ્વારા એસટીસીને આ વિસ્તારોમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આ બે પ્રાંતો યમનના કુલ વિસ્તારના લગભગ અડધા ભાગ સમાન છે અને સાઉદી અરેબિયાની સરહદને અડે છે.

### ઓઆઈસી સોમાલિયા વિવાદ ઈઝરાયેલ સામે સખત રોષ




જેદ્દાહ | સાઉદી અરેબિયાના જેદ્દાહ ખાતે મુસ્લિમ રાષ્ટ્રોના સંગઠન 'ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન' (OIC) ની ૨૨મી અસાધારણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઈઝરાયેલ દ્વારા સોમાલીલેન્ડને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે આપવામાં આવેલી માન્યતાને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી હતી. ઓઆઈસીએ ઈઝરાયેલના આ પગલાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઘોર ઉલ્લંઘન અને સોમાલિયાની સાર્વભૌમત્વ પર સીધો હુમલો ગણાવ્યો છે. સંગઠનના મતે, આ નિર્ણયથી આફ્રિકાના શિંગડા (Horn of Africa) ગણાતા વિસ્તારમાં અસ્થિરતા અને સુરક્ષાનું જોખમ ઊભું થશે.

### તાઈવાન સરહદ પર ચીની હિલચાલ વધતા સૈન્ય હાઈ એલર્ટ પર

# રાષ્ટ્રપતિ લાઈ ચિંગ-તેનું કડક વલણ દેશની સુરક્ષા માટે કોઈપણ સમજૂતી નહીં કરવા નિર્ધાર

(એજન્સી) તાઈપેઈ । તા. 11

એશિયાના શાંત ગણાતા સમુદ્રી વિસ્તારમાં ફરી એકવાર તણાવના વાદળો ઘેરાયા છે. રવિવારે સવારે તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે એક ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું છે કે, ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ના લડાકુ વિમાનો અને નૌસેનાના જહાજો તાઈવાનની સરહદની અત્યંત નજીક જોવા મળ્યા છે. ચીન દ્વારા કરવામાં આવેલી આ ઉશ્કેરણીજનક હિલચાલને પગલે તાઈવાનની સેનાને હાઈ એલર્ટ પર મૂકવામાં આવી છે. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તાઈવાન અને ચીન વચ્ચેના સંબંધોમાં છેલ્લા ઘણા સમયથી તણાવ ચાલી રહ્યો છે.



### આકાશ અને સમુદ્રમાં ઘેરાબંધી

તાઈવાનના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર ડેટા મુજબ, રવિવારે સવારે ૬ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં કુલ ૪ ચીની લડાકુ વિમાનો, ૬ નૌસેનાના જહાજો અને ૧ સત્તાવાર ચીની જહાજ તાઈવાનની આસપાસના વિસ્તારમાં નોંધાયા છે. સૌથી ગંભીર બાબત એ છે કે ૪ માંથી ૧ વિમાને તાઈવાનની મધ્યરેખા (Median Line) ઓળંગીને ઉત્તરી હવાઈ સંરક્ષણ ક્ષેત્ર (ADIZ) માં પ્રવેશ કર્યો હતો. આ હિલચાલ માત્ર આકસ્મિક નથી, પરંતુ તે તાઈવાનની સુરક્ષા વ્યવસ્થાને ચકાસવાનો એક સોચી-સમજી વ્યૂહ હોવાનું મનાય છે.

### સતત બીજા દિવસે ઘૂસણખોરી

આ કોઈ પહેલી ઘટના નથી, શનિવારે પણ ચીને આવી જ રીતે ઉશ્કેરણી કરી હતી. શનિવારના અહેવાલો મુજબ, ૩ ચીની લડાકુ વિમાનો અને ૬ નૌસેનાના જહાજો તાઈવાનના જળક્ષેત્રની આસપાસ કાર્યરત હતા. તેમાંથી પણ એક વિમાને મધ્યરેખા ઓળંગીને દક્ષિણ-પશ્ચિમ હવાઈ સંરક્ષણ ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, તાઈવાનની સેનાએ આ સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી છે અને ચીની ગતિવિધિઓનો યોગ્ય જવાબ આપવા માટે પોતાની પ્રણાલીઓને સક્રિય કરી દીધી છે.

### ઝૂકશે નહીં તાઈવાન: રાષ્ટ્રપતિનો હુંકાર

ચીનની આ સતત વધતી દાદાગીરી વચ્ચે તાઈવાનના રાષ્ટ્રપતિ લાઈ ચિંગ-તેએ અત્યંત કડક વલણ અપનાવ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, તેઓ તાઈવાનના નાગરિકોના જીવન અને સંપત્તિની રક્ષા કરવા માટે કટિબદ્ધ છે. રાષ્ટ્રપતિએ હૂંકાર કરતા કહ્યું કે, "હું ચોક્કસપણે રાષ્ટ્રનું રક્ષણ કરીશ અને ચીનના કોઈપણ દબાણ કે ચીનના હસ્તક્ષેપને તાઈવાનમાં પ્રવેશવા દઈશ નહીં." તેમણે ઉમેર્યું કે ચીન દ્વારા આપવામાં આવતું આ 'ક્રોસ-બોર્ડર પ્રેશર' એ વાત સાબિત કરે છે કે બેઈજિંગની સત્તા તાઈવાન સુધી વિસ્તરેલી નથી.

### સ્વતંત્ર અસ્તિત્વનો મજબૂત દાવો

તાઈવાનના રાષ્ટ્રપતિએ ચીની મૂળના જાપાની સાંસદ હેઈ સેકીની મુલાકાતનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ચીન દ્વારા પ્રતિબંધિત હોવા છતાં તેઓ તાઈવાન આવી શક્યા, જે સાબિત કરે છે કે રિપબ્લિક ઓફ ચાઈના (તાઈવાન) અને પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના એકબીજાને આધીન નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તાઈવાન હવે પોતાની રક્ષણાત્મક ક્ષમતા વધારવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સક્રિય બન્યું છે. ચીનની આ વિસ્તારવાદી નીતિ સામે તાઈવાનનું આ મક્કમ વલણ વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બન્યું છે.

### ઈરાનમાં આંદોલનકારીઓ પર મશીનગનથી ગોળીબાર

# ઈરાન લોહિયાળ આંદોલન હિંસા 217 નાગરિકોના મોત



(એજન્સી) તેહરાન । તા. 11

ઈરાનમાં કટ્ટરપંથી ઈસ્લામિક શાસન વિરુદ્ધ જનતાનો આક્રોશ ફાટી નીકળતા સ્થિતિ અત્યંત ગંભીર બની છે. સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈના આદેશ બાદ સુરક્ષાદળોએ પ્રદર્શનકારીઓ પર કરેલા બેફામ ગોળીબારમાં અત્યાર સુધીમાં ૨૧૭ થી વધુ લોકોના કરુણ મોત નિપજ્યા છે. રાજધાની તેહરાન સહિત દેશના અનેક ભાગોમાં યુવાનો અને મહિલાઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, ઉત્તર તેહરાનમાં એક પોલીસ સ્ટેશન બહાર શાંતિપૂર્વક વિરોધ કરી રહેલી ભીડ પર મશીનગનથી અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં યુવાનોએ જીવ ગુમાવ્યા છે.

મહિલાઓનો રણચંડી અવતાર અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, આ આંદોલનમાં મહિલાઓ અગ્ર હરોળમાં રહીને શાસન સામે લડી રહી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આશ્ચર્યજનક દ્રશ્યોમાં મહિલાઓ ખામેનેઈની તસવીરો સળગાવીને તેમાંથી જ સિગારેટ સળગાવતી જોવા મળી રહી છે. જાહેર સ્થળોએ સિગારેટ પીવા અને સર્વોચ્ચ નેતાના અપમાન પર કડક પ્રતિબંધ હોવા છતાં, મહિલાઓનો આ અંદાજ ઈરાની શાસન માટે ખુલ્લી ચેતવણી સમાન છે. આ પ્રદર્શનકારીઓ હવે જેલ કે મોતથી ડર્યા વગર પરિવર્તનની માંગ કરી રહ્યા છે.

શહેરો પર કબજો કરવાની હાકલ જાણો સમગ્ર ઘટનાક્રમ, ઈરાનના પૂર્વ શાહી પરિવારના ક્રાઉન પ્રિન્સ રેઝા પહલવીએ આંદોલનને ઉગ્ર બનાવવાની હાકલ કરી છે. તેમણે પ્રદર્શનકારીઓને માત્ર રસ્તા પર ન ઉતરવા પણ મહત્વના સરકારી હેડક્વાર્ટર્સ અને શહેરો પર કબજો જમાવવા જણાવ્યું છે. આ દરમિયાન, સરકારે માહિતી પર અંકુશ મેળવવા સમગ્ર દેશમાં ઈન્ટરનેટ સેવા ઠપ્પ કરી દીધી છે.

# ઈન્ડોનેશિયા ભૂકંપ ટોબેલોમાં ૬.૫ની તીવ્રતાના આંચકા

(એજન્સી) ટોબેલો । તા. 11

ઈન્ડોનેશિયાના પૂર્વ ભાગમાં શનિવારે મોડી રાત્રે કુદરતે કહેર વર્તાવ્યો છે. ઉત્તર માલુકુ પ્રાંતના ટોબેલો ક્ષેત્રમાં ૬.૫ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવતા લાખો લોકો ફફડાટીમાં મુકાઈ ગયા હતા. ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ મુજબ, આ ભૂકંપનું કેન્દ્ર હલમહેરા ટાપુના ઉત્તરી છેડા પાસે જમીનથી ૫૨ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. આંચકા એટલા પ્રબળ હતા કે લોકો ઊંઘમાંથી જાગીને ઘરની બહાર ખુલ્લા મેદાનોમાં દોડી આવ્યા હતા. સદનસીબે, હજુ સુધી કોઈ મોટા જાન-માલના નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી.




રીંગ ઓફ ફાયરની ભૌગોલિક સ્થિતિ અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ઈન્ડોનેશિયા વિશ્વના સૌથી સક્રિય ભૂકંપ પ્રભાવી ક્ષેત્ર 'રીંગ ઓફ ફાયર' પર સ્થિત છે. આ પટ્ટામાં પૃથ્વીની નીચે રહેલી ટેક્ટોનિક પ્લેટો સતત હલનચલન કરતી હોવાથી અહીં વારંવાર ભૂકંપ અને જ્વાળામુખી વિસ્ફોટની ઘટનાઓ બને છે. નિષ્ણાતોના મતે, આ ભૂકંપ 'મધ્યમ કક્ષાનો' હોવાથી સપાટી પર મોટી તબાહી સર્જાઈ નથી, પરંતુ લાંબા અંતર સુધી તેની અસર વર્તાઈ હતી. સ્થાનિક પરિસ્થિતિ અને સતર્કતા જાણો સમગ્ર ઘટનાક્રમ, ટોબેલો એક નાનું દરિયાકાંઠાનું શહેર છે જ્યાં માછીમારોની વસ્તી વધુ છે.

## નેપાળ રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી એકતાનો હુંકાર

કાઠમંડુ | નેપાળમાં રવિવારે રાષ્ટ્ર નિર્માતા પૃથ્વી નારાયણ શાહની ૩૦૪મી જન્મજયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલ, વડાપ્રધાન સુશીલા કાર્કી અને અન્ય મહાનુભાવોએ સિંહદરબાર સ્થિત શાહની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં વિખરાયેલા રાજ્યોને એક કરી આધુનિક નેપાળનું નિર્માણ કરવા બદલ પૃથ્વી નારાયણ શાહના પ્રદાનને યાદ કર્યું હતું અને દેશની અખંડિતતા જાળવી રાખવા આહવાન કર્યું હતું. રાષ્ટ્ર નિર્માતાના ઉપદેશોની પ્રસ્તુતતા અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, રાષ્ટ્રપતિ પૌડેલે જણાવ્યું કે પૃથ્વી નારાયણ શાહના દિવ્ય ઉપદેશો આજે પણ સુશાસન, ભ્રષ્ટાચાર મુક્તિ અને આર્થિક સમૃદ્ધિ માટે માર્ગદર્શક છે.

# બાંગ્લાદેશ હિન્દુ હત્યાકાંડ હિંસા વધુ એક નિર્દોષનો ભોગ

### સુનામગંજ જોય મહાપાત્રા હત્યાથી સનસનાટી

(એજન્સી) ઢાકા । તા. 11

બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન બાદ લઘુમતી હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારો અટકવાનું નામ નથી લઈ રહ્યા. સુનામગંજ જિલ્લામાં જોય મહાપાત્રા નામના હિન્દુ યુવકની અત્યંત અમાનવીય રીતે હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે.

હુમલાખોરોએ પહેલા જોયને ઢોર માર માર્યો હતો અને ત્યારબાદ તેને પરાણે ઝેર પીવડાવી દીધું હતું. ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયેલા જોયને તબીબોએ મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાએ ફરી એકવાર બાંગ્લાદેશમાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ લઘુમતીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

હિન્દુઓ પર હુમલાના ભયાનક આંકડા અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, શેખ હસીનાએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું ત્યારથી અત્યાર સુધીમાં હિંસાનો ભયાનક દોર ચાલી રહ્યો છે. હિન્દુ એકતા પરિષદના અહેવાલ મુજબ, ઓગસ્ટ ૨૦૨૪ થી અત્યાર સુધીમાં ૮૨ હિન્દુઓની કરપીણ હત્યા કરવામાં આવી છે. મીડિયા અહેવાલ અને માનવ અધિકાર સંગઠનો જણાવે છે કે માત્ર છેલ્લા ૨૦ દિવસમાં જ ૬ થી ૭ હિન્દુઓએ જીવ ગુમાવ્યા છે, જેમાં દીપુ ચંદ્રદાસ, રાણા પ્રતાપ બૈરાજી અને મોની ચક્રવર્તી જેવા નામ સામેલ છે.

સમગ્ર દેશમાં લઘુમતીઓ નિશાન પર જાણો સમગ્ર ઘટનાક્રમ, બાંગ્લાદેશમાં અંતરિમ સરકારના શાસન દરમિયાન લઘુમતીઓ વિરુદ્ધ ૨,૯૦૦ થી વધુ હિંસક ઘટનાઓ નોંધાઈ છે.

**સૈન્ય ઓપરેશન** અત્યાધુનિક સોનિક ટેકનોલોજી સામે વેનેઝુએલાના સૈનિકો ઘૂંટણિયે પડ્યા અને બેભાન થયા

# USનું ગુપ્ત સૈન્ય ઓપરેશન વેનેઝુએલામાં મચાવી તબાહી

(એજન્સી) કારાકાસ । તા. 11

વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીના અપહરણ માટે અમેરિકા દ્વારા હાથ ધરવામાં આવેલા એક અત્યંત ગુપ્ત અને અત્યાધુનિક લશ્કરી ઓપરેશને સમગ્ર વિશ્વની સુરક્ષા એજન્સીઓને વિચારતી કરી દીધી છે. આ ઓપરેશન દરમિયાન અમેરિકી દળોએ એવા રહસ્યમય હથિયારોનો ઉપયોગ કર્યો હતો કે જેની સામે સેંકડો સૈનિકો માત્ર ગણતરીની મિનિટોમાં જ લાચાર બની ગયા હતા. આ ઘટનાની ભયાનકતા ત્યારે સામે આવી જ્યારે માદુરોના એક અંગત સુરક્ષા ગાર્ડે આ ઓપરેશનની કમકમાટીભરી વિગતો જાહેર કરી.



પ્રત્યક્ષદર્શી સુરક્ષા ગાર્ડના જણાવ્યા અનુસાર, હુમલાના દિવસે બધું જ સામાન્ય લાગતું હતું, પરંતુ અચાનક વેનેઝુએલાની તમામ રડાર અને સંરક્ષણ પ્રણાલીઓ જામ થઈ ગઈ હતી. આકાશમાં જોતજોતામાં ડ્રોન અને હેલિકોપ્ટરોનો કાફલો દેખાયો હતો. આશ્ચર્યની વાત એ છે કે માત્ર ૨૦ જેટલા અમેરિકન સૈનિકોએ હેલિકોપ્ટરમાંથી નીચે ઉતરીને સેંકડોની સંખ્યામાં હાજર વેનેઝુએલાના સૈનિકો પર એટેક કર્યો હતો. અમેરિકી સૈનિકોની ઝડપ અને ચોકસાઈ એટલી પ્રચંડ હતી કે પ્રતિ મિનિટ ૩૦૦ રાઉન્ડ ફાયરિંગ થતું હોય તેવો ભાસ થતો હતો.

### રહસ્યમય હથિયાર અને લોહીની ઉલટી

સુરક્ષા ગાર્ડે ઈન્ટરવ્યુ દરમિયાન કરેલો દાવો સૌથી વધુ ચોંકાવનારો છે. તેણે જણાવ્યું કે અમેરિકન સૈનિકોએ કોઈ એવા હથિયારનો ઉપયોગ કર્યો હતો જેમાંથી ભયાનક અવાજ આવતો હતો. આ અવાજ સાંભળતાની સાથે જ ફરજ પર તહેનાત તમામ સૈનિકોના નાકમાંથી લોહી વહેવા લાગ્યું હતું અને ઘણા સૈનિકો લોહીની ઉલટીઓ કરવા લાગ્યા હતા. "અમે જમીન પર પટકાઈ ગયા અને હલનચલન કરવાની શક્તિ પણ ગુમાવી દીધી હતી," તેમ ગાર્ડે ઉમેર્યું હતું. આ ટેકનોલોજી એટલી અદ્યતન હતી કે વેનેઝુએલાના સૈનિકો ઉભા પણ રહી શક્યા ન હતા.

### અત્યાધુનિક સોનિક ટેકનોલોજીનો પ્રભાવ

સંરક્ષણ નિષ્ણાતોના મતે, સીરિયામાં અમેરિકી હુમલો હોય કે વેનેઝુએલાનું આ ઓપરેશન, અમેરિકા હવે 'સોનિક વેપન' એટલે કે ધ્વનિ તરંગો છોડતા હથિયારોનો ઉપયોગ કરી રહ્યું છે. આ હથિયાર સીધું જ મનુષ્યના મધ્યસ્થ ચેતાતંત્ર પર આક્રમણ કરે છે, જેના કારણે શરીરમાં આંતરિક રક્તસ્રાવ થાય છે અને વ્યક્તિ બેભાન થઈ જાય છે.

# અમેરિકામાં આઈસીઈ વિરુદ્ધ દેખાવો મિનેસોટામાં યુવતીની હત્યા

(એજન્સી) વોશિંગ્ટન । તા. 11

અમેરિકાના મિનેસોટામાં ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) ના એજન્ટ દ્વારા એક નિરપરાધ મહિલાની ગોળી મારીને હત્યા કરવામાં આવ્યા બાદ સમગ્ર દેશમાં રોષની જ્વાળા ભભૂકી ઉઠી છે. લોસ એન્જલસ, ઓસ્ટિન અને ટેક્સાસ સહિતના અનેક મોટા શહેરોમાં હજારો લોકો ફેડરલ ઈમારતોની બહાર એકઠા થઈને આક્રમક દેખાવો કરી રહ્યા છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે પોલીસે અનેક સ્થળોએ ભીડને વિખેરવા માટે બળપ્રયોગ કરવો પડ્યો છે અને લોસ એન્જલસ પોલીસ વિભાગ દ્વારા ધરપકડની ચેતવણી પણ આપવામાં આવી છે.

ઘટનાનો વિરોધ અને પોલીસ કાર્યવાહીઅત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, પ્રદર્શનકારીઓ હાથમાં અમેરિકાના ઊંધા ઝંડા અને આઈસીઈ વિરોધી પોસ્ટરો લઈને રસ્તા પર ઉતરી આવ્યા છે. લોસ એન્જલસના આલામેડા સ્ટ્રીટ પર પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ભારે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે આ વિસ્તારમાં કલમ લાગુ કરીને લોકોને વિસ્તાર ખાલી કરવા આદેશ આપ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આશરે ૧૫૦ થી વધુ દેખાવકારોએ તોડફોડ કરતા પોલીસને વિખેરવાની ફરજ પડી હતી.

હત્યા પાછળનો વિવાદ અને તપાસજાણો સમગ્ર ઘટનાક્રમ, ૩૭ વર્ષીય અમેરિકન નાગરિક રેની નિકોલ ગુડની હત્યા બાદ તણાવ ચરમસીમાએ છે. સરકારી સૂત્રો મુજબ, મહિલાએ વાહન દ્વારા અધિકારી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જે બાદ સ્વબચાવમાં ગોળીબાર થયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, સ્થાનિક અધિકારીઓ અને વીડિયો ફૂટેજ આ દાવાને નકારી રહ્યા છે.

**8 કલાક પહેલાં દીકરીનો જન્મ, સ્ટ્રેચર પર પત્ની...**

# તિરંગામાં લપેટાયેલા જવાનને વિદાય આપતા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યાં લોકો



(એજન્સી) સાતારા | તા.11

મહારાષ્ટ્રના સાતારાના આરે દરે ગામમાં એક એવી ઘટના સામે આવી જેણે લોકોને રડાવી દીધા, આંખો ભીની થઈ ગઈ. દરેક ચહેરો ઉદાસ હતો, દરેક આંખ ભીની હતી. ગામની ગલીઓમાંથી જ્યારે તિરંગામાં લપેટાયેલું એક પાર્થિવ શરીર પસાર થઈ રહ્યું હતું, ત્યારે લોકો હાથ જોડીને માથું નમાવીને ઊભા હતા. આ અંતિમ યાત્રા ભારતીય સેનાના વીર જવાન પ્રમોદ જાધવની હતી, તેમને અંતિમ વિદાય આપવામાં આવી રહી હતી. આ વીર જવાન પોતાના પરિવારની ખુશીઓ વચ્ચેથી અચાનક મૃત્યુના ખોળામાં ચાલ્યો ગયો. પ્રમોદ જાધવ થોડાં દિવસો પહેલા રજા પર ઘરે આવ્યા હતા. તેમની પત્ની ગર્ભવતી હતી. દરેક જણ તે ક્ષણની રાહ જોઈ રહ્યા હતા, જ્યારે ઘરમાં નાના મહેમાનની કિલકારી ગુંજશે. પરંતુ નસીબને કંઈક બીજું જ મંજૂર હતું. એક દર્દનાક માર્ગ અકસ્માતે પ્રમોદ જાધવનો જીવ લઈ લીધો. જે ઘરમાં ખુશીઓ આવવાની હતી, ત્યાં શોક છવાઈ ગયો.

પ્રમોદ જાધવના નિધનના થોડાં કલાકો પછી તેમની પત્નીએ દીકરીને જન્મ આપ્યો. પિતા આ દુનિયા છોડી ચૂક્યા હતા અને દીકરીએ આ દુનિયામાં પગ મૂક્યો. આ જીવન અને મૃત્યુનો એવો સંયોગ હતો, જેણે દરેકને અંદરથી હચમચાવી દીધા. જે બાળકીને તેના પિતાના હાથમાં ઝૂલવાનું હતું, તે જન્મતાની સાથે જ અનાથ થઈ ગઈ.

## 8 કલાક પહેલાં જન્મેલી દીકરીને પિતાના શબ પાસે લાવવામાં આવી



ત્યારબાદ જે દૃશ્ય સામે આવ્યું, તેણે દરેક વ્યક્તિને રડાવી દીધા. માત્ર 8 કલાક પહેલા જન્મેલી માસૂમ દીકરીને ખોળામાં લઈને તેના પિતા પાસે લાવવામાં આવી. નાનકડી બાળકી, જેને હજુ દુનિયાની કોઈ સમજ નહોતી, તે ત્રિરંગામાં લપેટાયેલા પોતાના પિતા સામે હતી. તે પિતા જેમણે દેશની સેવા કરી, પરંતુ પોતાની દીકરીને ક્યારેય ખોળામાં લઈ શક્યા નહીં. આ દૃશ્ય જોઈને હાજર વડીલોની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. કોઈ પોતાના આંસુ લૂછી રહ્યું હતું, તો કોઈ નજર ઝુકાવીને ઊભું હતું.

---

**ભોપાલમાં પતિએ પૈસા ભેગા કરીને પત્નીને ભણાવી-ગણાવી**

# પતિએ પત્નીનું પોલીસ બનવાનું સપનું પુરુ કર્યું, ડા બનતા જ છૂટાછેડા માંગ્યા

(એજન્સી) ભોપાલ | તા.11

ભોપાલની ફેમિલી કોર્ટમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિએ પંડિતાઈ કરીને પૈસા ભેગા કરીને પત્નીને ભણાવી-ગણાવી જેથી તે પોલીસ ઓફિસર બની શકે. સબ-ઈન્સ્પેક્ટર બનતા જ પત્નીએ કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી દીધી. પત્નીનું કહેવું છે કે પતિના પહેરવેશ અને તેના પૂજા-પાઠના કામથી તેને શરમ આવવા લાગી છે. તેનો દેખાવ સારો લાગતો નથી. જ્યારે, પતિનું કહેવું છે કે પત્ની તેની ચોટલી કપાવવા માટે દબાણ કરે છે.

### પત્નીનું સપનું પોલીસમાં ભરતી થવાનું હતું

લગ્ન સમયે મહિલાનું સપનું પોલીસ વિભાગમાં ભરતી થવાનું હતું. પતિએ તેની આ ઈચ્છાનું સન્માન કર્યું. પતિ વ્યવસાયે પંડિત છે અને પૂજા-પાઠ કરીને ઘર ચલાવે છે. તેણે પોતાની કમાણીનો મોટો હિસ્સો પત્નીના અભ્યાસ અને તૈયારીમાં ખર્ચ કર્યો હતો.

### સફળતા મળતા જ પત્નીનો વ્યવહાર પતિ માટે બદલાવા લાગ્યો

પત્નીની મહેનત રંગ લાવી અને તે સબ-ઈન્સ્પેક્ટર બની ગઈ. સફળતા મળતા જ પત્નીનો વ્યવહાર પતિ માટે બદલાવા લાગ્યો. તેના પહેરવેશ અને દેખાવથી પત્ની ચીડાવા લાગી અને તેમાં ફેરફાર કરવાની શરત મૂકી દીધી. પતિએ જ્યારે પત્નીની વાત માનવાનો ઈનકાર કર્યો ત્યારે મહિલાએ કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી.

### પત્નીએ કહ્યું- બ્રાહ્મણ પતિનો પહેરવેશ, કામ અને ચોટલીથી શરમ આવે છે




નોકરી મળ્યાના થોડા સમય પછી જ પત્નીને પતિનું 'ધોતી-કુર્તા' પહેરવું અને માથા પર 'શિખા' (ચોટલી) રાખવું ખટકવા લાગ્યું. પત્નીનું કહેવું છે કે તેને પોતાના પતિના આ લુક અને પંડિતાઈના કામથી સમાજમાં શરમ અનુભવાય છે.

**કાઉન્સેલિંગ પણ કામ ન આવ્યું**

મામલો હવે ભોપાલની ફેમિલી કોર્ટમાં છે. કાઉન્સેલરો મુજબ પતિ-પત્ની વચ્ચે સમાધાન કરાવવા માટે ઘણી વાર કાઉન્સેલિંગ કરવામાં આવ્યું, પરંતુ મહિલા પોતાની જીદ પર અડી છે. તેનું કહેવું છે કે તે હવે આ સંબંધને વધુ આગળ લઈ જઈ શકતી નથી. હાલ કોર્ટ આ મામલા પર વિચાર કરી રહી છે. ગ્વાલિયરમાં એક સરકારી મહિલા કર્મચારીએ મુખ્યમંત્રી ડો. મોહન યાદવને ન્યાયની વિનંતી કરી છે.

---

### નયી ઉડાનનો ઉદ્દેશ્ય આજે, સોમવારે આયોજિત રક્તદાન શિબિરોમાં મોટી માત્રામાં રક્ત એકત્રિત કરવાનો છે

મુંબઈ | દેશની આર્થિક રાજધાની, મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં કલા, સાહિત્ય અને સંસ્કૃતિના પ્રચાર માટે સમર્પિત ફાઉન્ડેશન, નયી ઉડાન, તેની અનોખી સામાજિક પહેલના ભાગ રૂપે, 12 જાન્યુઆરી, 2026 ના રોજ મુંબઈના વિવિધ રેલ્વે સ્ટેશનો પર રક્તદાન શિબિરોનું આયોજન કરવાનું નક્કી કર્યું છે.

આ માહિતી જાહેર કરતા, નયી ઉડાન ટ્રસ્ટના કન્વીનર શાંતિલાલ બી. જૈન અને પ્રમુખ બી.સી. ભાલાવતે જણાવ્યું હતું કે, અગ્રણી સામાજિક સેવા સંસ્થા જીએમ સાથે સહયોગથી આયોજિત આ સખાવતી ઝુંબેશ, 13 મુખ્ય રેલ્વે સ્ટેશનો પર રક્તદાન શિબિરોનું આયોજન કરશે, જેમાં મધ્ય રેલ્વે પર આઠ અને પશ્ચિમ રેલ્વે પર પાંચનો સમાવેશ થાય છે, જેનો ધ્યેય મોટા પાયે રક્ત એકત્રિત કરવાનો છે. તેમણે માહિતી આપી હતી કે પશ્ચિમ રેલવેની જગજીવન રામ હોસ્પિટલના સહયોગથી ચર્ચગેટ અને નાલાસોપારા સ્ટેશનો પર રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવશે, જ્યારે CSMT સ્ટેશન પર KEM હોસ્પિટલના સહયોગથી, દાદર સ્ટેશન પર સેન્ટ જ્યોર્જ હોસ્પિટલના સહયોગથી, અંધેરી સ્ટેશન પર નાયર હોસ્પિટલના સહયોગથી, બોરીવલીમાં શતાબ્દી હોસ્પિટલ, બાંદ્રામાં રેડ ક્રોસ હોસ્પિટલ, ઘાટકોપરમાં JJ હોસ્પિટલ, મુલુંડમાં રાજાવાડી હોસ્પિટલ, થાણેમાં થાણે સિવિલ હોસ્પિટલ, બેલાપુરમાં જસલોક હોસ્પિટલ, વાશીમાં LT MG સાયન હોસ્પિટલ અને કામોથેમાં ટાટા હોસ્પિટલના સહયોગથી પનવેલ સ્ટેશન પર રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવશે.

---

# ભારત આકાશમાં ઈતિહાસ રચશે
# ઈસરો આજે અન્વેષા ઉપગ્રહ લોન્ચ કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા.11

સોમવાર (૧૨ જાન્યુઆરી) ભારત માટે એક ઐતિહાસિક દિવસ બનવા જઈ રહ્યો છે. ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) ૨૦૨૬ માટે તેના લોન્ચ કેલેન્ડરની શરૂઆત પીએસએલવી-સી૬૨ મિશન સાથે કરશે.

આ મિશન ભારતની સુરક્ષા અને દેખરેખ ક્ષમતાઓ માટે મહત્વપૂર્ણ ગણાતા એક ખાસ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ લોન્ચ કરશે. માહિતી અનુસાર, ઈસરોનું પીએસએલવી-સી૬૨ મિશન ૧૨ જાન્યુઆરીએ સવારે ૧૦:૧૭ વાગ્યે લોન્ચ થશે. આ લોન્ચ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી થશે. આ મિશન 'અન્વેષા' નામના એડવાન્સ્ડ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ EOS-N1 ને અવકાશમાં મોકલશે. તેને ભારતની 'આકાશમાં બીજી આંખ' તરીકે ગણવામાં આવી રહી છે, જે અવકાશમાંથી તેની દેખરેખ ક્ષમતાઓને વધારે છે.



### ભારતની દેખરેખ આંખ

EOS-N1 એ DRDO દ્વારા વિકસિત હાઈપરસ્પેક્ટ્રલ ઈમેજિંગ ઉપગ્રહ છે. તેને ભારતની દેખરેખ આંખ કહેવામાં આવી રહી છે. તે અવકાશથી 600 કિલોમીટર ઉપરથી પૃથ્વીની વિગતવાર છબીઓ કેપ્ચર કરી શકે છે. તે જમીન પરની વસ્તુઓને ઓળખવા માટે સેંકડો તરંગલંબાઈમાં જોવા સક્ષમ છે, જે તેને રાષ્ટ્રીય સુરક્ષા અને દેખરેખ માટે એક મહત્વપૂર્ણ સંપત્તિ બનાવે છે. તે ભારતને તેની સરહદો સુરક્ષિત કરવામાં મદદ કરશે.

**લોન્ચ થનારા 15 ઉપગ્રહો :** EOS-N1 ઉપરાંત, PSLV-C62 મિશન 15 ઉપગ્રહોને અવકાશમાં મોકલશે. તેમાં એક મુખ્ય ભારતીય ઉપગ્રહ અને 14 અન્ય નાના ઉપગ્રહોનો સમાવેશ થાય છે. આ 14માંથી આઠ વિદેશી ઉપગ્રહો છે, જે ફ્રાન્સ, નેપાળ, બ્રાઝિલ અને યુકેના છે. હૈદરાબાદ સ્થિત ધ્રુવ સ્પેસ કંપની આ મિશનમાં પ્રથમ વખત સાત ઉપગ્રહો લોન્ચ કરશે. ભારતના ખાનગી અવકાશ ક્ષેત્ર માટે આ એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે. ISRO એ જણાવ્યું હતું કે થાઈલેન્ડ અને યુકે દ્વારા સંયુક્ત રીતે પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ વિકસાવવામાં આવ્યો છે.

---

# દિલ્હીમાં 17 દિવસ ડિજિટલ અરેસ્ટ રહ્યા NRI વૃદ્ધ દંપતી: 15 કરોડ ગુમાવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.11

દિલ્હીમાં એક વૃદ્ધ નોન-રેસિડેન્ટ ઈન્ડિયન (NRI) દંપતી પાસેથી 15 કરોડ રૂપિયાની ઓનલાઈન છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ઠગોએ દંપતીને 17 દિવસ સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખ્યા હતા અને પોતાને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ના અધિકારી ગણાવીને આ ગુનાને અંજામ આપ્યો હતો. પીડિત દંપતીની ઓળખ ડો. ઓમ તનેજા અને તેમની પત્ની ડો. ઈન્દિરા તનેજા તરીકે થઈ છે. બંને લગભગ 48 વર્ષ સુધી અમેરિકામાં રહ્યા અને સંયુક્ત રાષ્ટ્ર (UN) સાથે જોડાયેલા હતા. નિવૃત્તિ પછી 2015માં તેઓ ભારત પાછા ફર્યા હતા અને ત્યારથી ગ્રેટર કૈલાશ-2માં રહીને સામાજિક અને ચેરિટી કાર્યો સાથે જોડાયેલા હતા.



**ઠગોએ કહ્યું- તમારા બેંક ખાતાઓમાં કાળું નાણું મળી આવ્યું છે :** 77 વર્ષીય ડો. ઈન્દિરા તનેજાએ પોલીસને જણાવ્યું કે, ઠગોએ ફોના કરીને અમને કહ્યું કે તમારા બેંક ખાતાઓમાં કાળું નાણું મળી આવ્યું છે અને મની લોન્ડરિંગની તપાસ ચાલી રહી છે.

**અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ 14.85 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા :** મહિલાએ પોલીસને જણાવ્યું કે જ્યારે પણ તે ઘરની બહાર નીકળતા અથવા કોઈને ફોન કરવાનો પ્રયાસ કરતી, ત્યારે ઠગ તેના પતિના ફોન પર વીડિયો કૉલ શરૂ કરી દેતા હતા, જેથી તે કોઈને જાણકારી ન આપી શકે. આ દરમિયાન ઠગોએ ડૉ. ઈન્દિરા પર દબાણ કરીને આઠ અલગ-અલગ બેંક ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કરાવ્યા. દરેક વખતે રકમ અલગ-અલગ હતી. ક્યારેક 2 કરોડ રૂપિયા, તો ક્યારેક 2.10 કરોડ રૂપિયાથી વધુ. કુલ મળીને ઠગોએ દંપતી પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ 14.85 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા. ડૉ. ઈન્દિરાએ પોલીસને જણાવ્યું કે બેંકમાં જતા પહેલા ઠગ તેમને કહેતા હતા કે જો બેંક સ્ટાફ સવાલ કરે તો શું જવાબ આપવો.

---

**પટનામાં કન્ટેનર સાથે વાહનો અથડાયા, પિતા-પુત્રીનું મોત**

# બેંક કર્મચારીનું માથું છુંદાયું, પુત્રીનું ધડથી માથું અલગ થયું



(એજન્સી) પટના | તા.11

પટનામાં બખ્તિયારપુર-મોકામા ફોરલેન પર શનિવારે રાત્રે ભયાનક માર્ગ અકસ્માત થયો. ગાઢ ધુમ્મસના કારણે ત્રણ વાહનો એકબીજા સાથે અથડાયા, જેમાં 2 લોકોનું ઘટનાસ્થળે જ મોત થયું છે. મૃતકોમાં પિતા અને પુત્રીનો સમાવેશ થાય છે.

અકસ્માત એટલો ભયાનક હતો કે પિતાનું માથું છુંદાઈ ગયું. જ્યારે પુત્રીનું માથું ધડથી અલગ થઈ ગયું. તેમની સ્કોર્પિયો ગાડીની છત ઉડી ગઈ. જ્યારે, પત્ની-પુત્ર સહિત 4 લોકો ઘાયલ હોવાનું જણાવાઈ રહ્યું છે. માહિતી અનુસાર, સ્કોર્પિયોથી આગળ એક કન્ટેનર જઈ રહ્યું હતું, જેનું ટાયર અચાનક ફાટી ગયું અને તે રોકાઈ ગયું. ત્યારે પાછળ ચાલી રહેલી સ્કોર્પિયો કન્ટેનર સાથે અથડાઈ. આ પછી સ્કોર્પિયોની પાછળથી આવી રહેલી ક્રેટા કાર પણ અથડાઈ.

**ક્રેનની મદદથી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા**

અકસ્માત પૂરના અથમલગોલાના ફુલેલપુર ગામ પાસે થયો. ASI અંજની કુમારે જણાવ્યું કે 2 લોકોનું ઘટનાસ્થળે જ મોત થયું. જ્યારે 4 ઘાયલોને દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા પિતા-પુત્રીની ઓળખ બેંક કર્મચારી અનુપમ કુમાર અને તેમની પુત્રી આસ્થા તરીકે થઈ છે.

---

# 'અજીત પવારે સંયમ ન રાખ્યો...', ભાજપની ટીકા પર CM ફડણવીસનો વળતો પ્રહાર...

(એજન્સી) મુંબઇ | તા.11

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પુણેમાં મ્યુનિસિપલ ચૂંટણી પ્રચાર દરમિયાન નાયબ મુખ્યમંત્રી અને NCPના પ્રમુખ અજિત પવાર દ્વારા ભાજપની ટીકા કરવા મામલે નારાજગી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, 'અજિત પવારે સંયમ રાખવો જોઈતો હતો. ફડણવીસ અજિત પવારના નિવેદન અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા, જેમની પાર્ટી શાસક મહાયુતિનો ભાગ છે. પુણે અને પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ ચૂંટણી પહેલા અજિત પવાર વારંવાર સ્થાનિક શાસનના મુદ્દાઓ પર ભાજપ પર નિશાન સાધી રહ્યા છે.'



દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'મારી પાસે ખૂબ ધીરજ છે, અને તે તૂટશે નહીં. અમે સંમત થયા હતા કે સહયોગી તરીકે અમે એકબીજા વિરુદ્ધ નહીં બોલીએ. પરંતુ અજિતદાદાએ સંયમ રાખ્યો નહીં. પુણેમાં ટીકાત્મક ટિપ્પણીઓ કરવી તેમના માટે અયોગ્ય છે.' CM ફડણવીસે વધુમાં કહ્યું કે, 'મેં મારા સાથીદારો કે અન્ય લોકો વિરુદ્ધ કંઈ કહ્યું નથી. હવે હું મુંબઈ આવીશ ત્યારે જવાબ આપીશ.' ઉલ્લેખનીય છે કે, અજિત પવારે પુણે જિલ્લાની બે મ્યુનિસિપલ કોર્પોરેશન માટે શરદ પવારના નેતૃત્વ વાળી NCP(SP) સાથે ગઠબંધન કર્યુ છે.

---

# સોનિયા ગાંધીની તબિયતમાં સુધારો, હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી | તા.11

કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. છાતીમાં ચેપને કારણે તેમને 5 જાન્યુઆરી, 2026 ના રોજ સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેના કારણે તેમના શ્વાસનળીના અસ્થમામાં વધારો થયો હતો. સર ગંગા રામ હોસ્પિટલના અધ્યક્ષ ડૉ. અજય સ્વરૂપે જણાવ્યું હતું કે તેમણે સારવારનો સારો પ્રતિભાવ આપ્યો હતો અને તેઓ સ્વસ્થ થઈ ગયા છે. તેમને સાંજે 5 વાગ્યે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને ઘરે જ સારવાર ચાલુ રાખવાની સલાહ આપવામાં આવી હતી. સોનિયા ગાંધીને 5 જાન્યુઆરીના રોજ રાત્રે 10 વાગ્યે ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને શ્વાસ લેવામાં થોડી તકલીફ થઈ રહી હતી. ડોક્ટરોએ નક્કી કર્યું કે તેમનો શ્વાસનળીનો અસ્થમા વધુ ખરાબ થયો છે. ઠંડા હવામાન અને પ્રદૂષણને કારણે અસ્થમામાં વધારો થયો છે. સાવચેતી રૂપે, તેમને નિરીક્ષણ માટે હોસ્પિટલમાં રખાયા હતા.



હોસ્પિટલના ડૉ. અજય સ્વરૂપે જણાવ્યું હતું કે તેમને એન્ટિબાયોટિક્સ અને ઘણી સહાયક દવાઓ મળી રહી છે. તેમના સ્વાસ્થ્યમાં સુધારો થયાના આધારે ડિસ્ચાર્જ અંગે નિર્ણય લેવાશે.

---

# ભારતે હાઈવેના નિર્માણમાં ઐતિહાસિક છલાંગ, NHAI એ બે નવા ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.11

ભારતે રોડ અને હાઈવે બાંધકામમાં વધુ એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ સતત બિટ્યુમિનસ કોંક્રિટ બિછાવે માટે બે નવા ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવીને ઈતિહાસ રચ્યો છે. આ વખતે, NHAI એ સતત 156 લેન-કિલોમીટર રોડ બિછાવે છે અને કુલ 57,500 મેટ્રિક ટન સામગ્રીનો ઉપયોગ કર્યો છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી. તેમણે કહ્યું, 'હાઈવે એન્જિનિયરિંગમાં નવા વૈશ્વિક બેન્ચમાર્ક સ્થાપિત કરીને, NHAI એ સતત બિટ્યુમિનસ કોંક્રિટ બિછાવે માટે બે વધુ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવીને ઈતિહાસ રચ્યો છે. 156 લેન-કિલોમીટર રોડ બિછાવે છે અને 57,500 મેટ્રિક ટન બિટ્યુમિનસ કોંક્રિટ સતત બિછાવે છે, જે અગાઉના 84.4 લેન-કિલોમીટરના વિશ્વ રેકોર્ડને વટાવી ગયો છે.'



**પીએમ મોદીના નેતૃત્વની પ્રશંસા :** મંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની વધુ પ્રશંસા કરતા કહ્યું કે પીએમના દૂરદેશી નેતૃત્વ હેઠળની આ સિદ્ધિઓ વિશ્વ કક્ષાના હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા અને મોટા પાયે પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવાના ભારતના વધતા નેતૃત્વને ઉજાગર કરે છે.

**અત્યાધુનિક મશીનરીનો ઉપયોગ :** પાછલો રેકોર્ડ 84.4 લેન કિલોમીટરનો હતો, જે ભારત લગભગ બમણો થઈ ગયો છે. આ ઐતિહાસિક સીમાચિહ્ન બેંગલુરુ-કડપા-વિજયવાડા 6-લેન ઈકોનોમિક કોરિડોરના પેકેજ 2 અને પેકેજ 3 માં આંધ્રપ્રદેશના પુટ્ટપર્થી નજીક પૂર્ણ થયું હતું. આ સ્મારક સીમાચિહ્ન હાંસલ કરવા માટે અત્યાધુનિક મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કાર્ય દરમિયાન, સામગ્રી પુરવઠો, મશીનરીની સતત ઉપલબ્ધતા અને સ્થળ પર કડક ગુણવત્તા નિયંત્રણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટમાં IIT બોમ્બે જેવી પ્રતિષ્ઠિત તકનીકી સંસ્થાઓનો સહયોગ પણ સામેલ હતો.



## વડોદરામાં રોમાંચક મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને 4 વિકેટે હરાવ્યું

વડોદરા | વડોદરામાં રોમાંચક મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને 4 વિકેટે હરાવ્યું છે. ટીમ ઈન્ડિયાએ 301 રનનો ટાર્ગેટ 49 ઓવરમાં જ ચેઝ કરી લીધો. ભારત તરફથી સૌથી વધુ વિરાટ કોહલીએ 93 રન ફટકાર્યા. કેપ્ટન શુભમન ગિલે 56 રન બનાવ્યા. શ્રેયસ અય્યરે 49 રન, રાહુલે 29* રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડ તરફથી કાઈલ જેમિસને સૌથી વધુ 4 વિકેટ ઝડપી. ટીમ ઈન્ડિયાએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. ન્યૂઝીલેન્ડે 50 ઓવરમાં 8 વિકેટે 300 રન બનાવ્યા. જવાબમાં ભારતીય ટીમે 49 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને જીત મેળવી લીધી હતી.


# સિટી એક્સપ્રેસ

MONDAY 12 JANUARY-2026

AHMEDABAD


## ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી બનવા તરફ આગળ વધી રહ્યું છે

રાજકોટ | 21મી સદીનો ચોથો ભાગ વીતી ગયો છે. ભારતે આ ગાળામાં ખૂબ પ્રગતિ પણ કરી છે. તેમાં ગુજરાતની મોટી ભૂમિકા રહી છે. ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી બનવા આગળ વધી રહ્યું છે. જે આંકડા આવી રહ્યા છે તે સ્પષ્ટ છે કે, ભારત પ્રત્યે દુનિયાની આશાઓ વધી રહી છે. ભારત દુનિયાની સૌથી ઝડપથી વિકસતિ ઈકોનોમી છે. મોંઘવારી કાબૂમાં છે. ભારત દૂધ ઉત્પાદનમાં નંબર વન છે. જેનેરિક મેડિસિનમાં નંબર વન છે. સૌથી વધુ વેક્સિન બનાવે છે એ દેશનું નામ ભારત છે.



# અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ-2નો શુભારંભ, PM મોદીએ લીલીઝંડી બતાવીને કર્યું લોકાર્પણ



### સોમનાથ મંદિર આજે પણ અડીખમ છે: મોદી

પીએમ મોદીએ કહ્યું હતું, કે 1 હજાર વર્ષ અગાઉ આ સ્થળ પર કેવો માહોલ રહ્યો હશે! આપણાં પૂર્વજોએ આસ્થા, વિશ્વાસ અને મહાદેવજી માટે બલિદાન આપ્યા. હજાર વર્ષ બાદ આજે પણ સોમનાથ મહાદેવ મંદિરના શિખર પર લહેરાતી ધ્વજા ભારતની શક્તિ અને સામર્થ્યનું આહ્વાન કરી રહી છે. ગઝની અને ઔરંગઝેબ જેવા આક્રમણકારી વિચારી રહ્યા હતા કે તેમની તલવાર જીતી ગઈ. કટ્ટરપંથીઓ સમજી ન શક્યા કે જે સોમનાથને તે નષ્ટ કરવા માંગતા હતા, તેના નામમાં જ સોમ એટલ કે અમૃત જોડાયેલું છે. ગઝનીથી લઈને ઔરંગઝેબ સહિત સોમનાથ પર હુમલો કરનારા આક્રમણકારીઓ ઈતિહાસના પાનાંમાં દટાઈ ગયા, પણ સોમનાથ મહાદેવ મંદિર સમુદ્રના તટ પર આજે પણ અડીખમ ઊભું છે.

(એજન્સી) અમદાવાદ તા.11

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં સહભાગી થવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ સોમનાથની મુલાકાતે છે. આજે (11મી જાન્યુઆરી) પ્રવાસના બીજા દિવસે પીએમ મોદી સોમનાથમાં વિશેષ પૂજા-અર્ચના કર્યા બાદ ભવ્ય રોડ-શો (શૌર્યયાત્રા) યોજાઈ હતી.

વડાપ્રધાન સોમનાથમાં શૌર્યયાત્રા, મંદિરમાં પૂજા અને સભા સંબોધન બાદ સીધા રાજકોટ પહોંચ્યા હતા અને રિજનલ વાઈબ્રન્ટ સમિટનું ઉદઘાટન કર્યું હતું. ત્યારબાદ તેઓ ગાંધીનગર પહોંચ્યા હતા. જ્યાં તેમણે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ-2નો શુભારંભ કરાવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીનગરના સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ-2નો શુભારંભ કરાયો છે. વડાપ્રધાન મોદીએ મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી લીલીઝંડી બતાવીને ફેઝ-2નું લોકાર્પણ કર્યું હતું. ત્યાંથી તેઓ રાજભવન જવા રવાના થયા છે.



### PM મોદીએ મેટ્રો ફેઝ-2નું કર્યું લોકાર્પણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ મેટ્રોના બીજા તબક્કાના બાકીના ભાગનું ઉદ્ઘાટન કર્યું, જે અમદાવાદ અને ગાંધીનગર શહેરો વચ્ચે એક મહત્વપૂર્ણ પરિવહન જોડાણ પૂર્ણ કરે છે. બાકીનો ભાગ ગાંધીનગરમાં સેક્ટર 10A ને મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર સાથે જોડે છે. ગુજરાત સરકાર દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, પીએમ મોદીએ રવિવારે સાંજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન પર મેટ્રો સેવાને લીલી ઝંડી આપી હતી જે રાજ્યની રાજધાનીમાં આ બે સ્ટેશનો વચ્ચે સેવાનું ઉદ્ઘાટન હતું. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ પીએમ મોદી સાથે હાજર હતા.

### PM મોદી સોમનાથથી સીધા રાજકોટ પહોંચ્યા

વડાપ્રધાન સોમનાથમાં શૌર્યયાત્રા, મંદિરમાં પૂજા અને સભા સંબોધન બાદ સોમનાથથી સીધા રાજકોટ પહોંચ્યા હતા અને રિજનલ વાઈબ્રન્ટ સમિટનું ઉદઘાટન કર્યું હતું. જ્યાં અનેક એમઓયુ થવાની શક્યતા છે.

### PM મોદીની સભા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસના ગુજરાતનાં પ્રવાસે છે. આજે તેઓ સોમનાથ મહાદેવ મંદિર સ્વાભિમાન પર્વમાં સામેલ થયા હતા. 108 અશ્વો સાથે ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરાયું હતું. જે બાદ પીએમ મોદીએ સોમનાથ મહાદેવની પૂજા અર્ચના કરી. દર્શન બાદ પીએમ મોદીએ સભા પણ સંબોધિત કરી હતી. તેમને કહ્યું હતું, કે સોમનાથ સ્વાભિમાન પર્વમાં ગર્વ, ગરિમા, ગૌરવ અને જ્ઞાન છે. ૐકારનો નાદ, મંત્રોચ્ચાર, ડ્રોન શો, શૌર્ય યાત્રા, ભજન... બધુ મંત્ર-મુગ્ધ કરી દે તેવું હતું.

## ઉવારસદમાં વહેલી પરોઢિયે પોલીસ ત્રાટકી, પાન પાર્લરની આડમાં ચાલતું રેકેટ; 20 લાખનો મુદ્દામાલ જપ્ત

### ગાંધીનગરમાં ડીઝલ ચોરીના રેકેટનો પર્દાફાશ



ગાંધીનગર | ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામમાં પાન પાર્લરની આડમાં ચાલતા ડીઝલ ચોરીના એક વ્યવસ્થિત નેટવર્કનો અડાલજ પોલીસે આજે વહેલી પરોઢિયે પર્દાફાશ કરી રૂ. 20.16 લાખનો મુદ્દામાલ સાથે બે શખસોને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે પોલીસને જોઈ મુખ્ય સૂત્રધાર અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ગાંધીનગરના ઉવારસદ ગામમાં પાન પાર્લરની આડમાં ચાલતા ડીઝલ ચોરીના કાળા કારોબાર પર અડાલજ પોલીસ વહેલી પરોઢિયે ત્રાટકી હતી. અડાલજ પોલીસ સ્ટેશનના પીઆઈ એલ.ડી.ઓડેદરાની ટીમ નાઈટ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, ઉવારસદ-શેરથા રોડ પર આવેલા સુંદર પાન પાર્લરનો માલિક જયેશ વિહાજી ઠાકોર ડમ્પર ચાલકો સાથે મળીને ડીઝલ ચોરીનું રેકેટ ચલાવી રહ્યો છે.m જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા એક આઈવા ડમ્પરની પાર્કિંગ લાઈટ ચાલુ હતી. એ વખતે પોલીસને જોઈને પાન પાર્લરનો માલિક જયેશ ઠાકોર અંધારાનો લાભ લઈ ખેતરોમાં ભાગી ગયો હતો, પરંતુ પોલીસે ડમ્પર પાસે ઉભેલા ડ્રાઈવર મુકેશજી ગલાજી ઠાકોર અને દિલીપ કડવાજી ઠાકોર (બંને રહે. ગંગેટ, પાટણ) ને કોર્ડન કરી ઝડપી લીધા હતા.

## PM મોદી અને જર્મન ચાન્સેલરના ગાંધી આશ્રમ તેમજ રિવરફ્રન્ટ રુટ ઉપર સતત પાણીનો છંટકાવ, જાણો ક્યા વિસ્તારમાં હવા કેટલી ઝેરી...?

# અમદાવાદમાં હવા પ્રદૂષણની સ્થિતિ ગંભીર



અમદાવાદ | વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝ 12 જાન્યુઆરી 2026ના અમદાવાદની મુલાકાતે આવવાના છે. સવારે ગાંધીઆશ્રમ અને ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં જવાના છે ત્યારે છેલ્લી ઘડીની તૈયારીઓ કરવામાં આવી રહી છે. અમદાવાદમાં હવાનું પ્રદૂષણ ખૂબ ખરાબ સ્થિતિમાં છે. આજે 11 જાન્યુઆરીના રોજ સવારે 11:30 સુધીમાં AQI 229 સુધી પહોંચ્યો છે, એટલે કે હવાના પ્રદૂષણની સ્થિતિ ગંભીર હોવાની કેટેગરીમાં પહોંચ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલરના આવવાના રૂટ પર કોર્પોરેશન દ્વારા સતત મિસ્ટ મશીનનો ઉપયોગ કરી ઝાડ પર પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

છેલ્લા બે દિવસથી વહેલી સવારે અને મોડી રાત્રે અમદાવાદનું પ્રદૂષણ ખૂબ જ ગંભીર સ્થિતિમાં જોવા મળે છે. આજે 11 જાન્યુઆરીના રોજ સવારે પણ હવા પ્રદુષણની સ્થિતિ ખૂબ જ ગંભીર પરિસ્થિતિમાં જોવા મળી હતી. લગભગ 272 આસપાસ AQI પહોંચી ગયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર સાબરમતી રિવરફ્રન્ટ પર આવવાના છે જે નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમ જ્યાંથી AQI માપવામાં આવે છે ત્યાં પણ લગભગ 212ની આજુબાજુ AQI નોંધાયો છે. આ તમામ પરિસ્થિતિને જોતા મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા આ રૂટ ઉપર સતત પાણીનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાનના રૂટ ઉપર જેટલી પણ બાંધકામ સાઈટો આવેલી છે ત્યાં મોટી ગ્રીન નેટ બાંધી દેવામાં આવી છે તથા બાંધકામની કામગીરી હાલ બંધ હોવાનું જાણવા મળ્યું છે.

11 જાન્યુ.એ બપોરના 12 વાગ્યે

### ક્યા વિસ્તારમાં કેટલું પ્રદૂષણ?

| વિસ્તાર | AQI | વિસ્તાર | AQI |
|---|---|---|---|
| જય અંબે નગર | 254 | રાખિયાલ | 218 |
| વિશાલપુર | 254 | ઈસરો બોપલ | 216 |
| વિક્રમ નગર | 251 | રામદેવ નગર | 215 |
| થલતેજ | 250 | ઉસ્માનપુરા | 215 |
| સોનીની ચાલી | 241 | મણિનગર | 213 |
| શાહીબાગ | 233 | ગ્યાસપુર | 212 |
| સીપી નગર 1 | 232 | ચાંદખેડા | 210 |
| બોડકદેવ | 231 | ઘુમા | 207 |
| ઇસનપુર | 230 | ફેઝ 4 GIDC | 203 |
| સરદાર પટેલ સ્ટેડિયમ | 228 | એરપોર્ટ | 202 |
| ઇસરો સેટેલાઇટ | 227 | કઠવાડા | 198 |
| શાંતિગ્રામ | 226 | ગોતા | 193 |
| તુલસીનગર | 226 | ચંદ્રનગર | 184 |
| સાઉથ બોપલ | 225 | | |

# હવે એરપોર્ટ પર માથાકૂટ કરશો તો મુશ્કેલીમાં મુકાશો

### કસ્ટમ ઓફિસર્સને બોડી વોર્ન કેમેરા અપાયા; અધિકારીઓનું ખરાબ વર્તન કે મુસાફરની દાદાગીરી બધું જ રેકોર્ડ થશે



(એજન્સી) અમદાવાદ | તા.11

આ એવા કિસ્સાઓ છે જે સામાન્ય રીતે એરપોર્ટ પર મુસાફરો અને કસ્ટમ અધિકારીઓ-કર્મચારીઓ સાથે રોજબરોજ બનતા હોય છે. જેમાં ઘણીવાર અધિકારી પર ખરાબ વર્તન કર્યાનો અને પૈસા માગ્યાનો આરોપ પણ લાગે છે. બીજીતરફ કેટલાક મુસાફરો અધિકારી સાથે ખરાબ વર્તન કરતા હોય છે, તેમના કામમાં અડચણ પણ ઊભી કરતા હોય છે.

આવી પરિસ્થિતિમાં કોણ સાચું અને કોણ ખોટું તે જાણવું મુશ્કેલ બની જાય છે પરંતુ હવે એવું નહીં થાય કારણ કે હવે કસ્ટમ અધિકારીઓ પણ બોડી વોર્ન કેમેરાથી સજ્જ થયા છે. આ કેમેરા વિઝનથી લઈને ક્લિયર વોઇસ સુધી બધું જ રેકોર્ડ કરી લેશે. દિવ્ય ભાસ્કરે કસ્ટમ્સ કમિશનર શિવકુમાર શર્મા પાસેથી આ અંગે માહિતી મેળવી હતી.

થોડા સમય પહેલાં અમદાવાદમાં એક મહિલા અને હેડ કોન્સ્ટેબલ વચ્ચે થયેલી માથાકૂટનો વીડિયો વાઈરલ થયો હતો. જેમાં પહેલા પોલીસકર્મીએ મહિલાને માર માર્યાનો વીડિયો વાયરલ થયો હતો. જેથી ઘણો વિવાદ થયો કે પોલીસકર્મી મહિલાને આવી રીતે કેમ મારી શકે? જો કે પોલીસકર્મીના બોડી વોર્ન કેમેરાના ફૂટેજ સામે આવ્યા તો સિક્કાની બીજી બાજુ પણ લોકોએ જોઇ. જેમાં મહિલા પોલીસકર્મીનું આઈકાર્ડ ફેંકતી અને બેફામ ગાળો બોલતી નજરે પડી હતી. આ ઘટનાના વીડિયોએ ભારે ચકચાર જગાવી હતી. કાયદાની રૂએ જો કોઇ પોલીસ કર્મચારી દસ્તાવેજ માગે તો તે રજૂ કરવા નાગરિકની ફરજ છે. હા, એ વાત પણ સત્ય છે કે મહિલા તો ઠીક પરંતુ ગુનેગાર સાથે પણ હાથ ચાલાકી કરવાની કોઇ કાયદામાં મંજૂરી આપવામાં નથી આવતી. લોકોનું ઘર્ષણ માત્ર પોલીસ સાથે જ થાય છે તેવું નથી. પબ્લિક સાથે ડિલ કરતા દરેક વિભાગમાં આવા ઘર્ષણ બને છે. બહારથી આવતા વિદેશી લોકો કે ભારતીય નાગરિકો તરફથી પણ એરપોર્ટ પર કસ્ટમ્સ અધિકારીઓ સાથે ઘર્ષણના કિસ્સાઓ બનતા હોય છે. આવા સમયે હકીકત શું છે તે જાણવું ઉચ્ચ અધિકારીઓ માટે મુશ્કેલ થઇ જાય છે.

## આયાત-નિકાસકાર માટે કસ્ટમ્સ કમિશનરે જાહેર નોટિસ બહાર પાડી સ્પષ્ટતા કરી...

(એજન્સી) અમદાવાદ | તા.11

કન્ટેઈનર ક્લિયર કરાવવા માટે કસ્ટમ્સના અધિકારીઓને આપવાને નામે કસ્ટમ્સ હાઉસ એજન્ટ્સ આયાતકાર અને નિકાસકાર પાસેથી પૈસા ઉઘરાવે તો તેને માટે કસ્ટમ્સ અધિકારી જવાબદાર ન હોવાની જાણ કરતી એક જાહેર નોટિસ ચેન્નઈના કસ્ટમ્સ કમિશનરે બહાર પાડી છે. ગુજરાત, મુંબઈ સહિતનાદે શના દરેક પોર્ટ કે એરપોર્ટ પરથી કન્સાઈનમેન્ટ ક્લિયર કરાવવા માટે આયાતકાર અને નિકાસકારોએ વધારાના નાણાં ચૂકવવાની ફરજ પડી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. જાહેર નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે કસ્ટમ્સની આ પ્રથાને પરિણામે આયાતકારો અને નિકાસકારોને મુશ્કેલી પડી રહી છે.પરંતુ તેને કારણે કસ્ટમ્સની ઈમેજનો પણ ધક્કો લાગી રહ્યો છે. તેમ જ આયાતકારો અને નિકાસકારો તમામ નિયમોનું સ્વૈચ્છાએ પાલન કરે તેવા પ્રયાસો સફળ થવામાં પણ અવરોધ ઊભા થઈ રહ્યા છે. જાહેર નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટ પ્રામાણિકતા, પારદર્શકતા અને નિષ્પક્ષપાતી અભિગમને વળગી રહેવા માગે છે. તેમ જ અસકારક રીતે અને જવાબદારી પૂર્વક કામગીરી કરવા માગે છે નોટિસમાં જણાવવામાં આવ્યું છે કેકસ્ટમ્સ અધિકારીઓ તેમની સત્તાવાર ફરજ બનાવવા માટે કોઈપણ લાભ મેળવી શકતા નથી. તેઓ કોઈ લાભ મેળવવાનો પ્રયાસકરે તો તેને પરિણામે સેન્ટ્રલ સિવિલ સર્વિસ કન્ડક્ટ રૂલ્સ ૧૯૬૪નો ભંગ થાય છે.

## જાહેરમાં બર્ડ-એનિમલ ફીડીંગ કરાવનારને રુપિયા 100ની પેનલ્ટીની જોગવાઈ

# રિવરફ્રન્ટ પર પક્ષીઓને ચણ તેમજ પ્રાણીઓને ખોરાક આપવા સામે પ્રતિબંધ મૂકવામાં આવ્યો

અમદાવાદમાં બર્ડ અને એનિમલ ફીડીંગના કારણે ગંદકી વધી રહી છે. કોર્પોરેશનના કેટલ ન્યૂસન્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ વિસ્તાર તેમજ પ્રોજેક્ટને જોડતા તમામ રસ્તાઓ, ખુલ્લી જગ્યા ઉપર બર્ડ કે એનિમલ ફીડીંગ કરાવવા ઉપર પ્રતિબંધ મુકી દેવાયો છે.

ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારમાં જાહેર સ્થળોએ થતી ગંદકી અટકાવવા દસ સભ્યોની ટાસ્કફોર્સની રચના કરાઈ છે. આગામી સમયમાં શહેરમા આવેલા જાહેર સ્થળોએ તબક્કાવાર બર્ડ અને એનિમલ ફીડીંગ ઉપર પ્રતિબંધ મુકવા કોર્પોરેશને આયોજન કર્યુ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટાસ્કફોર્સમાં સાબરમતી રિવરફ્રન્ટના અધિકારીઓની સાથે સાબરમતી રિવરફ્રન્ટના પોલીસ ઈન્સપેક્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટાસ્કફોર્સ દ્વારા રિવરફ્રન્ટ વિસ્તારમાં બર્ડ અને એનિમલ ફિડીંગ અટકાવવા એનફોર્સમેન્ટની કામગીરી કરાશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામા આવેલા હેલ્થ બાયલોઝ-2012 અંતર્ગત બર્ડ કે એનિમલ ફીડીંગ જાહેર સ્થળોએ કરાવવા મુદ્દે પેનલ્ટીની કાર્યવાહી પણ કરાશે. 10 મે-2013ના રોજ આ હેલ્થ બાયલોઝ અમલી બનાવાયા હતા.બાયલોઝ મુજબ, શહેરમાં કોઈ વ્યકિત કે સંસ્થા દ્વારા જો જાહેરમાં ગંદકી કરવામા આવે તો કોર્પોરેશનના સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા પેનલ્ટી કે વહીવટી ચાર્જ વસૂલ કરવામા આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વર્ષ-2013માં અમલમાં મુકેલા હેલ્થ બાયલોઝની 50.1(7)ની જોગવાઈ મુજબ, શહેરમાં જાહેરમાં પક્ષી કે પશુઓને ફીડીંગ કરાવવા ઉપર પ્રતિબંધ મુકાયો હતો.

## ઉપલેટાની ધરા ફરી ધ્રૂજી:વહેલી સવારે 2.7ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો...

ઉપલેટા | રાજકોટના ઉપલેટા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટર (ISR) દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, 11 જાન્યુઆરી, 2026ના રોજ સવારે 04:57 કલાકે 2.7ની તીવ્રતાનો આ ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉપલેટા શહેરથી 26 કિલોમીટર દૂર પૂર્વ-ઉત્તર-પૂર્વ (ENE) દિશામાં નોંધાયું હતું. તેની ઊંડાઈ જમીન સપાટીથી 12 કિલોમીટર નીચે હતી. વહેલી સવારે આંચકા અનુભવાયા હોવા છતાં, કોઈ જાનહાનિ કે માલમિલકતને નુકસાન થયાના અહેવાલ નથી. મોટાભાગના લોકો ઊંઘમાં હોવાથી ઘણાને આ આંચકાનો ખ્યાલ પણ નહોતો આવ્યો. જોકે, કેન્દ્રબિંદુ નજીકના ગામડાઓમાં કેટલાક જાગૃત નાગરિકોએ હળવી ધ્રુજારી અનુભવી હતી. ભૂસ્તરશાસ્ત્રીઓ અનુસાર, સૌરાષ્ટ્રની ભૌગોલિક રચનામાં ફોલ્ટ લાઈન્સ સક્રિય રહેતી હોવાથી આવા નાના આંચકા સામાન્ય છે. 2.7ની તીવ્રતાનો આંચકો ભયજનક નથી, તેથી લોકોએ ગભરાવાની જરૂર નથી.

## નલિયા 3.8 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર; આબુમાં વાહનો પર બરફનાં થર જામ્યાં...

# ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી: 5 શહેરોમાં તાપમાન સિંગલ ડિજિટમાં પહોંચ્યું



અમદાવાદ | રાજ્યભરમાં કડકડતી ઠંડીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે, જેમાં ઉત્તર-પૂર્વ દિશાથી ફૂંકાતા બરફીલા પવનોને કારણે 11 જેટલા શહેરોમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. કચ્છનું નલિયા 3.8 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુગાર શહેર નોંધાયું છે, જ્યારે અમરેલી, રાજકોટ અને ભુજ સહિતના 5 શહેરોમાં પારો સિંગલ ડિજિટમાં પહોંચતા ગાત્રો થીજવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 7 દિવસ વાતાવરણ સૂકું રહેશે, જોકે લઘુત્તમ તાપમાનમાં સાધારણ વધારો થવાની શક્યતા વચ્ચે પણ ઠંડા પવનોનો ચમકારો જારી રહેશે. બીજી તરફ, માઉન્ટ આબુમાં પારો શૂન્યની નીચે પહોંચતા વાહનોના કાચ પર બરફની ચાદર પથરાઈ છે, જેના કારણે હિલ સ્ટેશન પર 'મિની કાશ્મીર' જેવો નજારો જોવા મળી રહ્યો છે.

ઉત્તર પૂર્વ દિશાના પવનો ફૂંકાવાને કારણે રાજ્યના 5 શહેરમાં તાપમાનનો પારો સિંગલ ડિજિટ એટલે કે એક આંકડામાં પહોંચી ગયો છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે સિઝનનું સૌથી ઠંડુગાર શહેર નલિયા બની ગયું છે. જ્યાં સિઝનનું સૌથી નીચું 3.8 ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો અમરેલીમાં 7.6, રાજકોટમાં 8.9 ડિગ્રી અને ભુજમાં 9 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

માઉન્ટ આબુ અત્યારે જાણે 'મિની કાશ્મીર' બની ગયું હોય તેવો અદ્દભૂત માહોલ સર્જાયો છે. છેલ્લા એક અઠવાડિયાથી પારો શૂન્યની નીચે રહેતા સમગ્ર હિલસ્ટેશન પર કાતિલ ઠંડીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. વહેલી સવારે વાહનોના કાચ અને ખુલ્લા બગીચાઓમાં બરફની સફેદ ચાદર પથરાયેલી જોવા મળે છે, જેના કારણે પ્રકૃતિનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. જોકે, આ હાડ થીજવતી ઠંડીથી બચવા માટે સ્થાનિકો અને પ્રવાસીઓ તાપણાનો સહારો લઈ રહ્યા છે.

માત્ર એટલું જ નહીં પરંતુ રાજ્યના 11 જેટલા શહેરમાં પારો 15 ડિગ્રી કરતા નીચે પહોંચી ગયો છે. પોરબંદરમાં 11.5 ડિગ્રી, અમદાવાદમાં 11.6 ડિગ્રી, ભાવનગરમાં 12 ડિગ્રી, ડીસામાં 12 ડિગ્રી, કંડલામાં 12.2 ડિગ્રી, વડોદરામાં 12.4 ડિગ્રી, દ્વારકામાં 13.6 ડિગ્રી, સુરતમાં 14 ડિગ્રી, દીવમાં 14.3 ડિગ્રી, દમણમાં 15.2 ડિગ્રી, વેરાવળમાં 15.5 ડિગ્રી, ઓખામાં 16.8 ડિગ્રી તાપમાન નોંધાયું છે. ઉત્તર ભારતમાંથી ફૂંકાતી ઠંડી પવનની અસરને કારણે ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધુ ઘેરો બન્યો છે.